' વીરશાસન ' માસિકના ચૈત્ર માસના અંકનો વધારો.

શ્રી સપ્ત વ્યસન નિષેધ.

લેખક.

શ્રી મણિવિજયજી મહારાજ.

પ્રકાશક

વીર સમાજ.

સંવત ૧૯૭૮ ની વીરશાસનની ભેટ.

वन्दे वीरम्.

શ્રી સપ્તવ્યસન નિષેધ.

લેખક.

પરમપૂજ્ય શ્રીમાન ૧૦૦૮ મુક્તિવિજયજી (મૂલ-
ચંદજી) ગણિના મુખ્ય શિષ્ય પૂજ્યપાદ શ્રીમાન્
ગુલાબવિજયજી મહારાજના શિષ્ય શ્રી
મણિવિજયજી મહારાજ.

પ્રકાશક.

શા. કેશવલાલ દલસુખભાઇ.

સેક્રેટરી વીરસમાજ—અમદાવાદ.

મૂલ્ય આઠ આના.

આવૃત્તિ ૧ લી. પ્રત. ૧૦૦૦.
વીર સંવત ૨૪૪૮ સને. ૧૯૨૨.

ધિ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં શા. મોહનલાલ
ચીમનલાલે છાપ્યું. ટંકશાળ;-અમદાવાદ.

પ્રશસ્તિ.

વહાલા વિવેકી બાંધવ ! આ જગતમાં કોઇ એમ કહેશે કે હું વિદ્યા ભણ્યો, હું કળાઓ શીખ્યો, હું હુન્નરો શીખ્યો, હું રેલ્વે, મોટર, સ્ટીમર બનાવતાં શીખ્યો, હું તાર, ટેલીફોન અને વીજળીની ઉત્પત્તિ શીખ્યો, હું ફોટોગ્રાફ અને સીનેમેટોગ્રાફની ગંભીર કળા શીખ્યો, હું વણાટ બનાવટનું કામ શીખ્યો, હું હિસાબ કિતાબ અને નામુંઠામું શીખ્યો, હું બાઇસીકલ અને મોટરસાઇકલની બનાવટ અને ચલાવટ શીખ્યો, હું મંત્ર, તંત્ર, કાર્મણ, વશીકરણ, મારણ, મોહન તથા ઉચ્ચાટન શીખ્યો, હું ગાનતાન, નાટારંભની કળાને શીખ્યો, હું બાજીગરની બાજી અને જાદુગરની જાદુકળા શીખ્યો, હું દેશોદેશની ભાષાઓ શીખ્યો, હું લોકોને વશ કરતાં શીખ્યો, હું દેશનો ઉદ્ધાર કરતાં શીખ્યો, કિંબહુના ! એવું કોઇ જ્ઞાન, વિજ્ઞાન, કળા, કાર્ય નથી કે જે અમને પ્રાપ્ત થયેલ ન હોય. અર્થાત્ જગતમાં બનતા સમસ્ત પદાર્થોની ઉત્પત્તિની કળાઓ અમારા અંતરઘટમાં રોમરોમ વ્યાપી રહી છે. ઉપર મુજબ વૃત્તાંત શ્રવણ કરી તું બહુજ આશ્ચર્ય ધારણ કરે છે. કેમ વાચકવૃંદ સાચું કે નહિ ? હા, હા, અલબત સાચેસાચું છે, સંદેહ નથી. ઠીક ભાઇ, હું પ્રશ્ન કરૂં છું કે તેમાં તારો સ્વાર્થ શું સધાયો? તેનો તું વિચાર કર. કેમ કર્યો ? હા, શું કર્યો? વિચાર કર્યો કે આમાં મારો સ્વાર્થ કાંઇ પણ સધાયો નથી, અને કદાચ સધાયો હોય તો તે પણ નકામો છે; કારણ કે જ્યાં સુધી માણસોએ સ્વધર્મને પીછાણેલ નથી ત્યાં સુધી ઉપરની તમામ કળાઓ નકામી, નકામી અને નકામીજ છે. તે કળાઓ જીવને પરલોકમાં કાંઇ પણ સારવાર કરી શકતી નથી. તાત્પર્ય કે જ્યાં સુધી આત્માએ સ્વધર્માભિમાની થઇ વ્યસનોનું સ્વરૂપ જાણીને તેને છોડયાં નથી ત્યાં સુધી કળાઓ તો શું પણ તેનો જન્મ પણ આ પૃથ્વી ઉપર નકામો છે.

જુઓ દૃષ્ટાન્ત.

એક પંડિત એક દિવસ પરગામ જવા નીકળ્યો. રસ્તામાં જબરી નદી આવી, તેમાં પાણી ભરપૂર હતું તેથી નાવડા વિના ઉતરી શકાય તેમ નહોતું. નાવિકને મૂલ્ય આપી પંડિતજી નાવમાં બેઠા. નાવિક પાણીમાં હલેસાં મારી નાવ ચલાવવા લાગ્યો. થોડે દૂર નાવડું ગયું એટલે પંડિતજીએ નાવિકને પૂછ્યું કે ભાઇ! તું વ્યાકરણ ભણ્યો છે? નાવિકે ના પાડી ત્યારે પંડિતજીએ કહ્યું કે તારી પા ઉમ્મર વ્યર્થ ગઇ. ફરીથી પંડિતજી બોલ્યા કે તું કાવ્ય ભણ્યો છે? તેણે ના કહી. પંડિતજી કહેવા લાગ્યા કે તારી અર્ધી ઉમ્મર નકામી ગઇ. વળી પંડિતે પૂછ્યું કે તને તર્કશાસ્ત્ર આવડે છે? તેણે કહ્યું કે મને નથી આવડતું, એટલે પંડિતજી તેને કહેવા લાગ્યા કે તારી પોણી ઉમ્મર ફોકટ ગઈ, એટલામાં નાવ ડુબવા લાગી. નાવિકે પંડિતજીને કહ્યું કે તમને તરતાં આવડે છે? પંડિતજી બોલ્યા કે ના, મને તો નથી આવડતું. નાવિક બોલ્યો કે તમારી આખી ઉમ્મર વ્યર્થ ગઇ. એટલામાં નાવ ડુબી ગયું તેમાં પંડિતજી ડુબી ગયા ને નાવિક તરીને બહાર નીકળ્યો.

વિચારશીલ માનવ! વ્યાકરણ કાવ્ય, તર્ક ભણ્યા છતાં પણ ફક્ત તરતાં નહિ આવડવાથી બિચારા પંડિતજીનો જીવ ગયો, તેમજ ઉપર જણાવેલ કળાઓના ભલે તમે માલિક હો, પરન્તુ તમને તમારા ધર્મનું જ્ઞાન નથી, અભિમાન નથી, વ્યસનોથી થતાં દુઃખોની પરંપરાની માહિતી નથી અને વ્યસનોનો ત્યાગ કર્યો નથી તો પંડિતજીની માફક સર્વ ફોકટજ છે. આમ ધારી વ્યસનરૂપી સમુદ્રમાં ડુબકાં મારતા જીવોનો ઉદ્ધાર કરવા સારૂ પરિશ્રમ વેઠી આ સપ્તવ્યસન નિષેધ નામનો ગ્રંથ વિવેચન, દૃષ્ટાન્ત અને દલીલો સાથે અમોએ બનાવેલો છે, તેને તેઓ સાંગોપાંગ વાંચી આ લેખક ઉપર રોષ નહિ કરતાં દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી સાત વ્યસનોનો ત્યાગ કરશે તો તેઓને જરૂરાજરૂર મહાન્ લાભ થશે તથા આ લેખકનો પરિશ્રમ પણ સફળ થશે. અલંવિસ્તરેણ. લેખક—મુનિમણિવિજય.

અનુક્રમણિકા.

વિષયાનુક્રમ.	પૃષ્ઠાંક.
૧ સપ્તવ્યસનનું સામુદાયિક સ્વરૂપ.	૧
૨ દ્યૂત સંબંધિ વિવેચન...	૨
૩ શેઠનું દૃષ્ટાન્ત.	૪
૪ માંસ સંબંધિ વિવેચન.	૧૦
૫ અભયકુમારનું દૃષ્ટાન્ત...	૧૭
૬ મદ્ય સંબંધિ વિવેચન...	૨૦
૭ દ્વારિકાના દાહનું દૃષ્ટાન્ત.	૨૫
૮ વેશ્યા સંબંધિ વિવેચન.	૩૦
૯ કયવન્ના શેઠનું દૃષ્ટાન્ત...	૩૩
૧૦ પાપર્દ્ધિ સંબંધિ વિવેચન.	૩૯
૧૧ ધનપાળ પંડિતનું દૃષ્ટાન્ત.	૪૧
૧૨ ચોરી સંબંધિ વિવેચન	૪૩
૧૩ કેશરી ચોરનું દૃષ્ટાન્ત....	૪૬
૧૪ પરસ્ત્રી સંબંધિ વિવેચન	૫૦
૧૫ સ્ત્રીઓ અનર્થનું મૂળ છે.	૫૩
૧૬ સ્ત્રીઓના ચિત્તનું ચપળપણું.	૫૫
૧૭ કામી પુરૂષોનાં લક્ષણો.	૫૭
૧૮ કામની દશ અવસ્થા	૫૯
૧૯ સ્ત્રીઓની સ્વતંત્રતા ત્યાગરૂપ વિવેચન.	૬૨
૨૦ ઉપાધ્યાયની સ્ત્રીનું દૃષ્ટાન્ત.	૬૫
૨૧ કુલટા સ્ત્રીનું દૃષ્ટાન્ત....	૬૬

૨૨ પતિને અંધો ઇચ્છનાર સ્રીનું દૃષ્ટાન્ત ૬૮
૨૩ નુપુરપંડિતાનું દૃષ્ટાન્ત... ... ... ૭૦
૨૪ સતી સ્રીઓનું સ્વરૂપ... ... ... ૭૮
૨૫ રોહિણીનું દૃષ્ટાન્ત ૮૦
૨૬ સમુદ્રદત્તની સ્રીનું દૃષ્ટાન્ત ૮૧
૨૭ શીલવતીનું દૃષ્ટાન્ત ૮૨
૨૮ સ્રીઓ પતિને દેવ તરીકે માનવો જોઇએ તે સંબંધિ વિવેચન. ૮૭
૨૯ પતિને છેતરવાથી થતું નુકશાન... ... ... ૮૮
૩૦ વિધવા સ્રીઓને હિતશિક્ષા ૯૨
૩૧ વિધવા સ્રીઓએ કેમ વર્ત્તવું તે. ૯૨
૩૨ વિધવાઓને મર્યાદામાં રાખવાની માતપિતાની ફરજ .. ૯૫
૩૩ સર્વેને પરસ્રી, પરધન ત્યાગ કરવારૂપ બોધ વચન. ... ૯૭
૩૪ સપ્તવ્યસન સેવનથી દુર્દશાને પામેલ પાત્રોનાં નામ... ૯૮

આ ગ્રંથ છપાવવા સારૂ મુનિમહારાજશ્રી મણિવિજયજીના ઉપદેશથી ગામ લુણાવાડામાંથી નીચે મુજબ સહાય મળી છે તે બાબત તેઓશ્રીનો તથા સહાયકોનો આભાર માનવામાં આવે છે.

૫૦) જ્ઞાન ખાતામાંથી.
૨૫) શા. શાન્તિલાલ ધરમચંદ.
૨૫) ઓશવાળ છગનલાલ ભુરાભાઇ.
૪) ઓશવાળ હીરાલાલ કાળીદાસ.
૨૫) બાઇ મંછા શા. વ્રજલાલ દેવચંદની દિકરી.
૧૫) બાઇ ડાહી શા. મહાસુખ ધરમચંદની દિકરી.
૫) બાઇ ધીરજ શા. હેમચંદ વ્રજલાલની દિકરી.

---

૧૭૫)

વિજ્ઞપ્તિ.

—:o;—

સુજ્ઞ વાંચકગણ !

સવિનય લખવાનું કે રાજનગર મધ્યે શ્રી વીર–સમાજ નામનું એક જૈન યુવકોનું મંડળ સ્થાપવામાં આવ્યું છે. રાજનગરમાં જૈનોની સંખ્યા મ્હોટા પ્રમાણમાં હોવા છતાં, આવા આદર્શ જૈન યુવકોના મંડળોની ઓછાશના પરિણામે કેટલાક ધર્મપ્રેમી, શ્રદ્ધાવંત, ઉત્સાહી અને ખંતીલા યુવકોએ આ સમાજ સ્થાપી છે. આ સમાજનો મુખ્ય ઉદ્દેશ શાસનસેવા છે તેથી ભિન્ન ભિન્ન વિભાગોમાં શાસનસેવા કરવાની આ મંડળ કોશીષ કરે છે. પ્રથમ પ્રયાસ તરીકે ગત વર્ષની શરૂઆતથીજ શ્રી વીર–શાસન નામક માસિક પ્રગટ કરવામાં આવ્યું છે. આ માસિકમાં મુખ્યત્વે કરીને સમાજને ઉપયોગી ધાર્મિક તત્ત્વોનું તેમજ અન્ય પણ ઉપકારક વિષયોનું, વિદ્વાન મુનિમહારાજાઓ તથા પ્રશસ્ત લેખકોના હાથે નિરૂપણ કરવામાં આવે છે અને આવશે. આ માસિકનું લવાજમ ફક્ત રૂપીઆ બે રાખવામાં આવ્યું છે. સર્વે શાસનપ્રેમી ભાઇઓને વિનંતી છે કે આ માસિકના ગ્રાહક થઈ અમોને આભારી કરશો. તદુપરાંત ઉપયુક્ત સમાજના સભાસદ થવા અમારો દરેક શ્વેતાંબર જૈનભાઇ પ્રત્યે ખાસ આગ્રહ છે. દરેક સભાસદોને માસિક ભેટ મળશે.

લવાજમનો દર નીચે મુજબ છે.

પેટ્રન	૫૦૧–૦–૦	પ્રથમવર્ગ લાઇફમેમ્બર	૧૦૧–૦–૦
બીજોવર્ગ લાઇફમેમ્બર	૫૧–૦–૦	વાર્ષિક મેમ્બર	૩–૦–૦

જૈન વિદ્યાશાળા, ડોશીવાડાની પોળ. અમદાવાદ.

સેક્રેટરીઝ
વીર–સમાજ.

ॐ अर्हम्.

નમઃ શ્રીમન્મુક્તિવિજયજી (મૂલચંદજી) ગણિગુરૂભ્યઃ ॥

સપ્તવ્યસન નિષેધ.

પ્રિય મહાશય ! તે તો સર્વ કોઇના જાણવામાંજ હશે કે શાસ્ત્રકાર મહારાજાએ અનેક પ્રકારના વ્યસનો કથન કરેલાં છે, તેમજ જગતના સમગ્ર જીવો નિરંતર વ્યસનને વિષેજ રક્ત રહેલા છે. આવી રીતે બોલતાં આપણને કાંઇ બાદ આવી શકે તેમ નથી, કારણ કે જગતના જીવોનું વ્યસનીપણું તો જગજાહેર છે. હા, એટલુ વિશેષ છે કે વ્યસનો બે પ્રકારનાં છે, તેમાં એક સુવ્યસન અને બીજું દુર્વ્યસન. તેમાં કેટલા એક ઉત્તમગતિગામી ઉત્તમ જીવો દેવગુરૂધર્મનાં કર્ત્તવ્યો સંબંધી ઉત્તમ કાર્યો કરવામાં નિરંતર રક્ત હોવાથી આવશ્યકપણે તે કર્ત્તવ્યો નિરંતર કરી ઉત્તમ ગતિના ભોક્તા થાય છે, તે સુવ્યસન કહેવાય છે. તથા કેટલાએક ભારે કર્મી જીવો દેવગુરૂધર્મની વિરૂદ્ધ કર્ત્તવ્યો કરી કુગતિના ભોકતા થાય છે તે કુવ્યસન કહેવાય છે. વળી જગતના અંદર ઉત્તમ મધ્યમ કે કનીષ્ટ જે જે કાર્યો કરવાના છે તે કેવલ વ્યસનરૂપજ છે, કારણ કે સ્વસ્વ ઇચ્છિત કર્ત્તવ્યોની સ્પૃહાવાલા જીવો નિરંતર તેમાંજ રક્ત રહેવાથી તે તે પ્રકારના વ્યસનીઓ કહેવાય છે. હવે તે દરેક વ્યસનોને કોઇક પ્રેમથી કોઇક ભયથી કોઇક લજ્જાથી કોઇક પરમાત્માના ડરથી અને કોઇક

દુઃખની પ્રાપ્તિથી છોડી શકે છે અને કોઈ છોડતા પણ નથી. છેવટે મરણ સમયે છોડયા વિના બિચારા પામર જીવડાંને ચાલતુંજ નથી. વળી એક મહાન્ વ્યસન તો એહવું છે કે જે વ્યસન સેવન કર્યા વિના ત્યાગીઓ ભોગીઓને પણ ચાલતુ નથી. તે એ છે કે અન્ન પાન ખાવું પીવું કદાચ તપસ્વીયો તપસ્યા કરે તો માસ છમાસ બાર• માસ પરંતુ તેને છેડે અન્નપાણિ વિના તેને પણ ચાલે નહિ, માટે મોટામાં મોટું વ્યસન ખાવા પીવાનું છે. જો તે વ્યસન ન હે તો જે સાચા જૂઠાં કરીને દુનિયાના જીવોને ભારે કર્મી થવું પડે છે તે કદાપિ કાલે થવું ન પડે, પરંતુ તે વ્યસન તો સિદ્ધ મહા• રાજાની માફક મુક્તિ મળ્યા વિના નાશ થવાનું નથી નથીને નથીજ. થયું ત્યારે તે મહાન્ વ્યસનની વાત જવા દો અને બીજાં પણ વ્યસનોનો હાલમાં જરા રહેવા દો. હવે જ્ઞાની મહારાજાએ મહાન્ દુઃખના સાધનભૂત અને દુર્ગતિના મુખ કારણરૂપ જે સાત મહા વ્યસનો કહેલાં છે, તેના ઉપર આપણે લક્ષ્યબિંદુને જોડીએ.

यतः

द्यूतं च मांसं च सुरा च वेश्या पापर्द्धि चौर्यं परदारसेवा।
एतानि सप्तव्यसनानि लोके पापाधिके पुंसि सदा भवन्ति॥१॥

ભાવાર્થઃ—જુગાર ૧ માંસ. ૨ દારૂ. ૩ વેશ્યા, ૪ આહેડી કર્મ–શીકાર. ૫ ચોરી. ૬ અનેપ રસ્ત્રી. ૭ આ સાત પ્રકારનાં વ્યસનો આ દુનિયાને વિષે રહેલ અત્યંત પાપકર્મ કરનાર પુરૂષને વિષે સદા રહેલાં હોય છે, અર્થાત્ પાપિષ્ટ માણસો નિરંતર આ સાતે વ્યસનોને વિષે રક્ત હોવાથી મરણ પામી ઘોરાતિઘોર નરકને વિષે ગમન કરે છે.

द्यूत १.

જુગાર એ એક દુષ્ટ વ્યસન છે. આ વ્યસનનો સેવન કરનાર પ્રાણિ મહાન્ દુઃખોનો ભોકતા થાય છે. વળી આ જુગારના વ્યસનને સેવનાર માણસ આ જગતની અંદર હલકાઇ મેળવે છે, એટલુંજ નહિ પરંતુ પોતાના કુલને વિષે કલંક લગાડી બાપદાદાની સાત પેઢીના ઉજ્વલ નામ ઉપર ડાઘ લગાડનારો થાય છે. શ્રીમાન્ શાસ્ત્રકાર મહારાજાએ તો જુગારને સખ્ત રીતે ધિક્કાર આપેલ છે. ઘૂત સર્વ આપત્તિનું મૂળ કારણ છે, તથા જગતની અંદર નિંદાય છે, ભંડાય છે, દંડાય છે, ખંડાય છે, આ સર્વ જુગારનોજ પ્રતાપ છે.

यतः

राजच्युति वल्लभया वियोगं द्यूतानलः प्राप गतोरुभोगं ।
प्रचंडतामंडितबाहुदंडास्ते पांडवाः प्रापुररण्यवासं ॥१॥

ભાવાર્થઃ—જુગારના રમવાથી નલરાજા રાજ્ય થકી ભ્રષ્ટ થઇ તેમજ મહાન્ભોગોથી ભ્રષ્ટ થઇ પોતાની સ્ત્રી દમયંતીના વિયોગને પામ્યો. તથા અત્યંત બાહુબળ વડે કરી સહિત અને ધૈર્યબળ વડે કરી સંપન્ન એહવા પાંડવો પણ અરણ્યવાસને પામ્યા. આવા આવા મહાન્ પ્રબલ પુન્ય સંયુકત રાજાઓ પણ જુગાર રમવાથી વિવિધ પ્રકારના દુઃખને પામેલા છે, છતાં પણ મહામૂઢ જીવો જુગારને છોડતા નથી. સાંપ્રતકાલને વિષે ઘણાં સ્થલોને વિષે જૈન નામ ધારી જીવો પણ જુગારને રમતા પ્રત્યક્ષ નજરે પડે છે. જુગારની અંદર હારી જવાથી જુગારના વ્યસની માણસો ચોરીઓ કરે છે, તથા માતા

પિતાને લડીને તેમના પાસે જે પૈસા ટકા હોય છે તે લઇને જુગારમાં હારી જાય છે. વલી પણ પોતાનાં સ્ત્રી બાલ બચ્ચાના તેમજ માતા પિતાના દાગીનાની ચોરીઓ કરે છે અને ઘરનાં વાસણ કુસણ પણ વેચી ખાઇ જુગારમાં હારી જાય છે. પોતાના ઘરનું સર્વ બાળી દીધું હોય છતાં પણ જુગાર રમવાનો ધંધો બંધ નહિ કરતાં પારકાના ઘરોમાંથી તથા દુકાનોમાંથી ચોરી કરતાં શીખે છે તથા દહેરા ઉપાશ્રયમાંથી પણ ચોરીઓ કરે છે. નાનાં નાનાં બાલક બાલિકાઓને લોભાવી તેના ઘરેણાં ગાંઠા છીનવી લેછે અને લાગ પડે તો તેમનાં મસ્તકો કાપી હત્યા કરવા પણ જુગારી માણસ ચુકતો નથી. સ્ત્રીને વશ કરી તેને પણ લુંટી લેછે. સાંપ્રતકાળને વિષે ઘણા સટોરીયા, સટ્ટો કરી લક્ષ્મીનો નાશ કરે છે. તેમાં કેટલાએકો તો દેવાળું કાઢી પોતાના કુલને કલંકિત કરે છે અને અનેક પ્રકારના વ્યસનો શીખે છે. જુગારી માણસનો કોઇ વિશ્વાસ કરતું નથી તથા પોતાના ઘર અને દુકાનના આંગણા ઉપર પણ કોઇ ચડવા દેતું નથી. જુગારી માણસ સારી દુનિયાને વિષે વગોવાય છે. કિંબહુના, જો ખરૂં પુછાવો તો ફકત જુગારના એકજ વ્યસનથી માણસો સાતે વ્યસન સેવે છે, કારણ કે જુગાર રમનારના કઠોર અંતઃકરણને વિષે સાતે વ્યસનો જલ્દીથી વૃદ્ધિ પામે છે.

દૃષ્ટાંત.

એક કોઇ મહાન્ નગરના કાંઠા ઉપર એ[illegible] નદી હતી. તે નદીના કાંઠા ઉપર પોતાના શરીરે ભભૂતી ચોળીને તથા જટા બાંધીને તેમજ લંગોટી વાળીને તથા હાથમાં માલા લઇ, પગ ઉપર

પગ ચડાવી, ધ્યાનને ધારણ કર્યાનો ડોળ ઘાલી, પાસે માછલાં પકડવાની મોટી જાળ રાખીને એક બાવો બેઠો હતો. તે સમયે તે નગરનો રાજા ફરવાને માટે નીકળ્યો હતો. તે અકસ્માત્ ત્યાં આવી ચડયો અને યોગીના પાસે માછલાં પકડવાની જાળ તથા હિંસા કરવાનાં સબળ સાધનો દેખી રાજા વિચાર કરવા લાગ્યો કે અહો અહો આવા આવા ધૂર્ત્ત માણસો ધ્યાન અને યોગીપણાનો દુનિયાને વિષે ઢોંગ બતાવી લોકોને છેતરી, જીવ હિંસા કરી, યોગને વગોવી માંસના ભક્ષણ કરનારા હોય છે. આ બાવાને હું પુછુ કે તું માંસભક્ષણ કરે છે, એહવો વિચાર કરી તે બાવાને પુછવા લાગ્યો અને તે પણ ઉત્તર આપવા માંડયો.

यतः

भिक्षो मांसनिषेवनं प्रकुरुते किं तेन मद्यं विना
मद्यं किं तव रोचते किमधिकं वेश्यामुखास्वादितं ।
वेश्याया गमने कुतस्तव धनं द्यूतेन चौर्येण वा
द्यूतश्चौर्यपति श्रमोपि भवता सृष्टस्य किं गम्यते ॥१॥

ભાવાર્થઃ– રાજા પ્રશ્ન કરે છે, હે ભિક્ષુક તું માંસનું સેવન કરે છે? ત્યારે બાવાયે ઉત્તર આપ્યો, દારૂ વિના માંસશું વડે કરી શું? ત્યારે રાજાએ પુછ્યું શું દારૂ તને રૂચે છે? ત્યારે તેણે કહ્યુ કે વેસ્યાના મુખ વડે કરી આસ્વાદિત કરેલ દારૂ પણ મને અધિક રૂચે છે. રાજાએ પુછ્યું કે વેસ્યા પ્રત્યે ગમન કરવા માટે તને ધન ક્યાંથી મળે છે? ત્યારે બાવાએ કહ્યું કે ચોરી કરવાથી તથા જુગાર રમવાથી.

તેથી રાજાએ કહ્યું કે, અહો યોગીપણું અંગીકાર કરી ત્યાગ કરેલ છતાં પણ તું ચોરી અને જુગારના પરિશ્રમને ઉઠાવે છે, અર્થાત્ ચોરી કરે છે ને જુગાર રમે છે? તો તને કહેવું શું. તાત્પર્ય રાજાએ યોગીને પુછ્યું કે હે ભિક્ષુક તું માંસ ભક્ષણ કરે છે? ત્યારે યોગીએ ઉત્તર આપ્યો કે, નાના એમ નહિ, પરંતુ મેં દારૂનુ પાન કરેલું હોય છે, અને તેથી તેનો નિશો ચડવાથી હું માંસનું ભક્ષણ કરૂંછું, તે શ્રવણ કરી રાજા બોલ્યો, અહો દારૂનું પાન પણ તું કરે છે? ત્યારે યોગી બોલ્યો કે નાના, તેમ નહિ. હું વેશ્યાને ઘરે જાઉંછું, ત્યારે તે મને બહુજ આગ્રહ કરે છે, તેથી દારૂનું પાન મ્હારે કરવું પડે છે. ત્યારબાદ રાજાએ કહ્યું કે, અરે તું વેશ્યાનું પણ સેવન કરે છે? ત્યારે યોગીએ જવાબ આપ્યો કે નાના એમ તો નહિ, પણ મને જો પરસ્ત્રી ન મલે તો હું વેશ્યાને ઘરે જાઉંછું, એહવું સાંભલી રાજા બોલ્યો કે, અહો તું પરસ્ત્રીનું પણ સેવન કરે છે? ત્યારે યોગીએ કહ્યું કે, ના ના એમ તો નહિ. હું ચોરી કરવા ગયો હોઉં અને મને ચોરી કરતાં ઘણા ધનની પ્રાપ્તિ થઇ હોય તેથી તે દ્રવ્ય આપીને હું પરસ્ત્રીનું સેવન કરૂંછું. તે સાંભલી રાજા કહેવા લાગ્યો કે અરે તું ચોરી પણ કરે છે? ત્યારે યોગી બોલ્યો કે, ના ના એમ તો નહિ. હું જુગાર રમતાં હારી ગયો હોઉં તો દ્રવ્ય વિના જુગાર શી રીતે રમી શકાય, તેથી જુગાર રમવા માટે ચોરી કર્યા શિવાય પૈસાની પ્રાપ્તિ નહિ થવાથી ચોરી જરૂર કરવી જ પડે છે, તેથી ચોરી કરીને પણ હું જુગાર રમુંછું. તે સાંભળી રાજા કહેવા લાગ્યો કે અરે ભિક્ષુક તું જુગાર પણ રમે છે? ત્યારે યોગી બોલ્યો કે રાજા? જુગાર રમવાનું મને ઘણું જ વ્યસન પડેલું છે, તેથી પ્રાણ જતાં સુધી જુગારને મહા-રાથી છોડી શકાશે નહિ અને તે એક જુગારના મહાન્ વ્યસનના

પ્રતાપથી હું સાતે વ્યસનો સેવન કરતાં શીખેલ છું. હવે તે સાતે વ્યસનમાંથી એક પણ મહારાથી મુકી શકાશે નહિ. ત્યારે રાજા બોલ્યો કે તું યોગી થઇને સાત વ્યસન સેવે છે તે યુક્ત નથી ત્યારે યોગી બોલ્યો કે, હે રાજા વારંવાર શું પુછે છે એક જુગારના વ્યસનથી'જ હું સાતે વ્યસનનો સેવનાર થયો છું.

ત્યારબાદ યોગી કહેવા લાગ્યો કે, હે રાજા ! દુનિયામાં જીવ માત્ર પારકાને ઉપદેશ આપવા કુશળ હોય છે, પરંતુ પોતાના અપલક્ષણોને કોઇ સમજતું નથી. હે રાજા ! હું જેમ જુગારી હતો ને સાતે વ્યસનો સેવનાર થયો, તેમજ તું પણ જુગારી છે, તો તું પણ સાત વ્યસનનો સેવનાર કેમ નહિ થાય. હે રાજા ! પ્રજા અન્યાય કરે તો રાજા તેને શિક્ષાકરે, પરંતુ રાજા જ્યારે જુગાર રમે ત્યારે તેને કોણ શિક્ષા કરવા જાય ? વળી તું જ્યારે પ્રજાનો પાલનાર થઈ આવો અન્યાય કરી જુગાર રમવામાં આસક્ત થાય છે, તો તહારી પ્રજા અને તેનામાંથી અન્નપાન માગીખાનારા અમારા જેવા વ્યસની હોય તેમાં આશ્ચર્ય શું ?

આવાં યોગીનાં વાક્યને શ્રવણ કરી રાજા ઝાંખો થઇ ગયો અને આત્મગત વિચારવા લાગ્યો કે અહો આ યોગિના વચનો સત્ય છે. દુનિયાના તમામ જીવો પરનાં દુષણો દેખે છે, પરંતુ પોતાનાં દુષણો પોતે દેખતા નથી. હું રાત્ર દિવસ જુગાર રમ્યા કરૂછું, છતા મને કોઇયે નિષેધ કર્યો નહિ અને આ યોગીને પાછો ઉપદેશ દેવા આવ્યો. તે યોગી જેમ જુગારના વ્યસનોથી સાતે વ્યસન સેવનાર થયો તો હું કેમ તેના સમાન નહિં થાઉં, અથવા તો મહારે તેનો અવગુણ શાને માટે લેવો જોઇએ. તે મને ઉપદેશ

કરી ઠેકાણે લાવનાર મ્હારો ધર્મગુરૂ અને માતા પિતા થકી પણ અધિક છે, તેથી મ્હારે તેનુ ઉચિત સાચવવું જોઇએ. એમ વિચાર કરી ઘોડા ઉપરથી ઉતરીને યોગીને નમસ્કાર કરી બોલ્યો કે, ખરે· ખર તું મને કુગતિના પ્રચંડ પાપ કર્મથી બચાવનાર છે. તહારો ઉપકાર ભવોભવને વિષે મારાથી ભુલી શકાય તેમ નથી, માટે મેં તહારા જે અવર્ણવાદ વર્ણવેલા છે તે સર્વેની તહારા પાસે માફી માગુછું. આજથી મેં જુગારને સર્વથા ત્યાગ કરેલ છે. કિં બહુના ! મ્હારા રાજ્યમાં પણ હું સર્વથા જુગારનો હવેથી ત્યાગ કરાવીશ.

યોગી એવા પ્રકારનાં રાજાનાં વાક્યોને શ્રવણ કરી જલ્દીથી ઉઠયો અને રાજાને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, હે રાજા ! મ્હારો અપરાધ ક્ષમા કરજે, કે મેં તને મ્હારા પગમાં પાડેલ છે. હું યોગી નથી, પરંતુ તહારો પગાર ખાનાર નગરશેઠ છું. હે સ્વામિન્ ! તને વ્યસની જાણી મુખે કહેવાથી તું ક્રોધ કરે, તેથી આ પ્રકારનો પ્રપંચ કરી તને બોધ કરેલ છે. સ્વામિન્ ! ઇહલોક પરલોકને વિષે અનર્થ કરનાર જુગારનો તેં ત્યાગ કર્યો, તે બહુજ ઉત્તમ કાર્ય કર્યું છે. વિગેરે પ્રકારનાં ઘણાં ઉત્તમ વચનો વડે કરી રાજાને અત્યંત રંજન કર્યો અને પોતાના શરીરનું પ્રક્ષાલન કરી નગરશેઠનો વેષ પહેરી રાજાને નમસ્કાર કરવા જેવો જાય છે, તેવામાં તેને નમસ્કાર કરવા નહિ દેતાં કહ્યું કે, હે શેઠ ! તું મ્હારો ઉપદેશ આપનાર પરમ ગુરૂ છે, માટે તહારે હવે મને નમસ્કાર કરવો નહિ. તહારા જેવા ઉત્તમ મનુષ્યોથી મ્હારા જેવાનાં રાજ્યો આબાદ ટકી શકે છે, એમ કહી તેને આલિંગન કરી અતિ પ્રસન્ન થયેલા રાજાએ ઘણુંજ દાન માન આપી તેની સાથે નગરમાં પ્રવેશ કર્યો,

ત્યારબાદ રાજાએ પોતાના રાજ્યમાંથી સર્વ પ્રકારે જુગારાદિક વ્યસનોને દુર કરાવ્યાં અને અનેક પ્રકારે સુખી થયો.

યોગીના વેષને અંગીકાર કરનાર શેઠને પણ ધન્ય છે કે, પોતાના સ્વામીને વ્યસન થકી મુક્ત કરવા માટે અનેક પ્રકારની યુક્તીઓ રચી અને બોધ પણ કર્યો. રાજાને પણ ધન્ય છે કે, પોતાનું વ્યસન ખરાબ છે, એવું જાણી ઉપદેશ કરનારનો ઉપકાર માની જલ્દીથી જુગારના વ્યસનનો ત્યાગ કર્યો. સાંપ્રતકાલના મહા મૂઢ-શિરોમણી જુગારી સટોરીઆઓને કૃપાના સાગર એહવા મુનિ-મહારાજાઓ જ્યારે ઉપદેશ આપે છે, ત્યારે નહિ માનતાં સામા બોલે છે, ગાળો આપે છે, નિંદે છે, તેમના મસ્તક ઉપર કલંકો ચડાવે છે અને બોલે છે કે સાધુને જોર કરીને કહેવાનુ કારણ શું છે? ખાઇએ શું? તે ધંધો છોડાય કેમ વિગેરે વિગેરે બોલેછે અને સાધુનું નામ આવે છે ત્યાં ત્રણ ગાઉ દુર જઇને બેસે છે અને અનેક પ્રકારે જુગારનું સેવન કરી દુનિયામાં તિરસ્કાર—ધિક્કાર પામી ધર્મ-રહિત થઈ કુગતિના ભોક્તા થાય છે, તો દરેક ઉત્તમ જીવોએ, ઇહિલોક પરલોક વિરૂદ્ધ, એકાંત દુઃખ આપનાર અને વિવિધ પ્રકારે આપત્તિઓ ઉત્પન્ન કરનાર જુગારનો ત્યાગ કરી પોતાના કુળની મર્યાદા પ્રમાણે ન્યાયનિષ્ઠ વ્યાપારાદિક કરી પોતાનું ગુજરાન ચલાવવું લાયક છે, છતાં પણ કુમતીઓ જુગાર સટ્ટા વિગેરેને છોડે નહિ તો મહાન્ દુઃખના ભોક્તા થાય છે, તે નિર્વિવાદ છે. જુગારી માણુસ પોતાના કુળની મર્યાદા મુકીને અનેક પ્રકારની ચેષ્ટા કરે છે અને જન સમુદાયને વિષે અધમ દશાને પામે છે.

यतः

याचते नटति याति दीनतां लज्जते न कुरुते विडम्बनाम्।
सेवते नमति याति दासतां द्युतसेवनपरो नरोऽधमः ॥१॥

ભાવાર્થઃ જુગાર સેવનને વિષે તત્પર રહેલ અધમ માણસ બીજા પાસે યાચના કરે છે તથા નાચ કરી નાટક કરે છે, દીનપણાને ધારણ કરે છે, કોઇપણ પ્રકારે લજ્જાને પામતો નથી, વિડંબનાને સહન કરે છે, બીજાની સેવના કરે છે, નમે છે તથા દાસપણાને પામે છે. કિં બહુના ! જીવોનો ઘાત કરે છે, તાડના કરે છે, કર્કશ વચનોને બોલે છે અને અનેક પ્રકારે પીડાને સહન કરે છે, તે કારણ માટે જુગારનો ત્યાગ કરવો તે સજ્જનોને એકાંત હિતાવહ છે.

मांस २.

માંસ એ એક દુષ્ટ ઉચ્છિષ્ટ અને દુગંચ્છનીય પદાર્થ છે. શ્રીમાન્ શાસ્ત્રકાર મહારાજા માંસભક્ષણ કરનારાઓને મહાન્ પ્રાયશ્ચિત અને અનેક પ્રકારના દુઃખોને પામનારા કથન કરે છે. પ્રથમ તો માંસભક્ષણ કરનારાઓમાં દયાનો ગંધ પણ હોતો નથી.

यतः—

मांसाशिनो नास्ति दयाऽसुभाजां
दयां विना नास्ति जनस्य पुण्यम् ।

पुन्यं विना याति दुरंत दुःखं
संसारकांतारमलभ्यपारम् ॥ १ ॥

ભાવાર્થ–માંસના ભક્ષણ કરનારા મનુષ્યોને દયા હોતી નથી, દયા વિના માણસને પુણ્ય પણ થતું નથી, પુણ્ય વિના જેનો પાર નથી તથા જેને વિષે દુઃખે કરીને દુઃખને પાર પામી શકાય, અર્થાત્–જેને વિષે અનેક પ્રકારના દુઃખોના પાર નથી, એવા સંસાર-કાંતાર સંસાર રૂપી મહાન્ વન–મહાન્ અટવી, તેને વિષે માણસ રખડયા કરે છે.

तथा

विद्यादयासंयमसत्यशौचध्यानव्रतज्ञानदमक्षमाद्याः ।
संसारनिस्तारनिमित्तभूताः पलाशिनः सन्ति गुणा न सर्वे ॥

ભાવાર્થ–વિદ્યા, દયા, સંયમ, સત્ય, શૌચ, ધ્યાન, વ્રત, જ્ઞાન, દાંતપણું અને ક્ષમા આદિ ગુણો જે સંસારના પાર પામવાના નિમિત્ત-હેતુ ભુત રહેલા છે, તે ઉપરોક્ત સર્વે ગુણો માંસના ભક્ષણ કરનારને હોતા નથી–પ્રાપ્ત થતા નથી.

જે માણુસ માંસનું ભક્ષણ કરે છે, તે ધર્મરૂપી વૃક્ષનું મૂળ જે દયા તેને મૂળથી ઉખેડી નાખે છે, જે માણસ માંસનું ભક્ષણ કરે છે તે જાજ્વલ્યમાન અગ્નિને વિષે વેલડીને રોપવાની ઇચ્છા કરે છે, જે માણસ માંસનું ભક્ષણ કરે છે તે દિવ્યરસ-વતીનો ત્યાગ કરી હલાહલ ઝેરનુ પાન કરે છે, જે માણસ માંસનું ભક્ષણ કરે છે તે નિર્દય પ્રાણીઓને વિષે શિરોમણિભાવને

ધારણુ કરી બુદ્ધિ થકી ભ્રષ્ટ થઇ શાકિનીની માફક નવા નવા જીવોનો ઘાત કરે છે. જેની અંદર અનંત સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે તેવા માંસનું ભક્ષણુ જે કરે છે, તે નરકને વિષે ગમન કરે છે છતાં પણુ હિંસામય શાસ્ત્રના ઉપદેશ કરનારા પાપીષ્ટ જીવોએ મુગ્ધબુદ્ધિવાળા ભોળા જીવોને વિશ્વાસ ઉત્પન્ન કરી હિંસા કરાવી નરક ગતિમાં પહોંચાડેલા છે ને પહોંચાડે છે, તેમજ આગામિ-કાલને વિષે પહોંચાડશે. માંસભક્ષણુ કરનારાજ જીવોના ઘાત કરનારા કહેવાય છે એટલું સમજવાનું નથી, પરંતુ તેના વેચનારા અને હણુ-નારા વિગેરે પણુ જીવના ઘાતકો કહેવાય છે.

यदुक्तं योगशास्त्रे.

अनुमन्ता विशसिता निहन्ता क्रयविक्रयी ।
संस्कर्ता चोपहर्ता च खादक श्चेति घातकाः ॥ १ ॥

ભાવાર્થઃ— પ્રાણિની હિંસા કરી માંસ ખાવાને પરવાનગી આ-પનાર, પ્રાણિને ઠાર મારી નાખનાર, હણુનાર, માંસને વેચાતું લેનાર માંસને વેચનાર, માંસનો સંસ્કાર કરી પકાવનાર, માંસને ભેટ આપનાર, માંસનું ભક્ષણુ કરનાર, આ સર્વે પ્રાણિઓના ઘાતકો કહેવાય છે.

શાસ્ત્રકાર મહારાજાએ અનંત જીવોના ઘાતરૂપ વિગેરે પ્રકારના દોષો દેખાડવાથી તથા માંસ ભક્ષણુ કરવાથી કુળ, વિદ્યા, લક્ષ્મી, બુદ્ધિ વિગેરે નષ્ટ થતા હોવાથી તેમજ દુર્ગતિનું મૂળ કારણુ તથા સં-સાર વૃદ્ધિનો હેતુભૂત માંસ ભક્ષણુ હોવાથી, જૈન ગ્રંથો અને ગ્રંથ-કારો પ્રચંડ પાપકર્મથી જીવોને બચાવવા માટે અનેક પ્રકારના દ્દષ્ટાંત

દલીલો વિવેચનોનો વરસાદ કરી, માંસ ભક્ષણ કરનારાઓને કહેછે, સમજાવે છે, શિખામણ આપે છે કે માંસ ભક્ષણ કરશો નહિ, તેની અંદર મહાન્ દોષો રહેલા છે. તોપણ મૂઢ જીવો માંસ ભક્ષણ કરે છે તે કેવલ દીપક લઇને જ કુવાને વિષે ઉતરે છે તેમ જાણવું. બીજી તરફ આપણે સ્મૃતિ અને પુરાણાદિકને વિષે દૃષ્ટિ કરીશું, તો માંસ ભક્ષણ કરવાના લોલુપી, હિંસામય શાસ્ત્રના પ્રગટ કરનારા જીવો હિંસા કરવાની અને માંસ ભક્ષણ કરવાની રજા આપે છે, જ્યારે બીજી બાજુ ડાહ્યા ઉત્તમ અને જીવદયાના પ્રતિપાળો, તેજ સ્મૃતિ અને પુરાણાદિકને વિષે જીવ હિંસા કરવાને માટે, અને માંસ ભક્ષણ કરવાને માટે સજ્જડ મનાઇ કરે છે. જુઓ.

यदुक्तं महाभारते मांसाधिकारे.

यावज्जीवं च यो मांसं विषवत्परिवर्जयेत् ।
वशिष्ठो भगवानाह स्वर्गलोकेऽस्य संस्थितिः ॥ १ ॥

ભાવાર્થ:—જે માણસ યાવજ્જીવ, જીંદગી પર્યંત, વિષની માફક માંસભક્ષણનો ત્યાગ કરે છે, તે માણસની સ્વર્ગલોકને વિષે સ્થિતિગમનપણું, વશિષ્ટ ભગવાન્ કથન કરે છે.

यो भक्षयित्वा मांसानि पश्चादपि निवर्त्तते ।
यमस्वामि रुवाचेदं सोऽपि सदगतिमाप्नुयात ॥२॥

ભાવાર્થ:—જે માણુસ અજ્ઞાન દશાથી પ્રથમ માંસનું ભક્ષણ કર્યા છતાં પણ, જે પાછલથી માંસ ભક્ષણ થકી નિવર્તમાન થાય છે તો યમસ્વામિ કહે છે કે તે માણુસ પણ સદ્ગતિને પામે છે.

यावन्ति पशुरोमाणि पशुगात्रेषु भारत ।
तावद्वर्षसहस्राणि पच्यते नरके नरः ॥ ३ ॥

ભાવાર્થ:—હે ભારત-હે યુધિષ્ઠિર ! પશુના શરીરને વિષે જેટલા રૂંવાડાં રહેલાં છે તેટલા હજાર વર્ષો જીવવધ કરી માંસ ભક્ષણ કરનાર માણુસ નરકને વિષે પચાય છે, પકાય છે, અર્થાત્ નરકને વિષે જઈ દુ:ખી થાય છે.

शुक्रशोणितसंभूतं मांसं यो स्वादते नरः ।
ते जनाः कुरुते शौचं हसन्ते तत्र देवता ॥ ४ ॥

ભાવાર્થ:—શુક્ર અને વીર્ય વડે કરી ઉત્પન્ન થયેલ માંસને જે માણુસ આસ્વાદન કરે છે–ખાય છે તેથી તે ભ્રષ્ટ થાય છે. જે માણસો માંસને ભક્ષણ કરી પવિત્રતા કરે છે તો તેવા માણસોને દેવતા પણ ત્યાં હસે છે, અર્થાત્ માંસ ભક્ષણ કરી દેવતાનું પૂજન કરનાર માણુસ પવિત્રપણું અંગીકાર કરે તો ત્યાં તેવા માણસોને દેવતા પણ હસે છે.

તાત્પર્ય એ છે કે સાંપ્રત કાળના કેટલાએક અજ્ઞાનિ અને વેદ-શાસ્ત્રના અર્થના જ્ઞાનહીન બ્રાહ્મણો અને માંસ મદિરાના ખાનપાન કરનારા જીવો માંસ ભક્ષણ કરીને તથા મદિરાનું પાન કરીને શંકરને પૂજે છે તથા કેટલાક તે મદિરાને તથા મધુ–મદ્યને રોજ શિ-વના ઉપર ચઢાવે છે ને પૂજનોને કરે છે, આવા મતિમંદ જીવોને આ ઉપરોક્ત શ્લોક મદ્ય ચઢાવવા માટે તથા માંસ ભક્ષણ કરી તેમજ મદિરાનું પાન કરી શિવભક્તિ–પૂજન કરનારાઓને પ્રત્યક્ષ રોધ કરે છે, છતાં પણ તેઓ માંસ મદ્યને ત્યાગ કરતા નથી તે શોચનીય છે.

क मांसं क शिवे भक्तिः क मद्यं क शिवार्चनं ।
मद्यमांसानुरक्तानां दूरे तिष्ठन्ति शंकरः ॥ ५ ॥

ભાવાર્થ:—ક્યાં માંસનું ભક્ષણ અને ક્યાં શંકરને વિષે ભક્તિ? તથા ક્યાં દારૂનું પાન અને ક્યાં તો મહાદેવનું પૂજન? આવી રીતે મદ્ય માંસમાંજ રક્ત રહેલા જીવોથી શંકર દુર રહે છે.

किं जापहोमनियमै स्तीर्थस्नानैः शुभाशुभं ।
यदि खादंति मांसानि सर्वमेतन्निरर्थकम्. ॥ ६ ॥

ભાવાર્થ:—જાપ, હોમ અને નિયમો વડે કરી શું? તથા તીર્થને વિષે સ્નાન કરવા વડે કરીને પણ શુભાશુભ શું? જો માંસના ભક્ષણને કરે છે તો તે સર્વ નિરથક છે, અર્થાત્ માંસ ભક્ષણ કરનાર જાપ, હોમ, નિયમાદિક અને તિર્થોને વિષે સ્નાન કરે તથા બીજાં પણ શુભાશુભ કાર્યો કરે તો તે સર્વ માંસ ભક્ષણના દોષોથી નિરર્થક વ્યર્થ છે.

प्रभासं पुष्करं गंगा कुरुक्षेत्रं सरस्वती ।
वेदिका चंद्रभागा च सिंधुश्चैव महानदी ॥ ७ ॥
एतैस्तीर्थैर्महापुन्यं यः कुर्यादभिषेचनं ।
अभक्षणं च मांसस्य न च तुल्यं युधिष्ठिर ॥ ८ ॥

ભાવાર્થ:—પ્રભાસ, પુષ્કર, ગંગા, કુરૂક્ષેત્ર, સરસ્વતી, વેદિક, ચંદ્રભાગા અને સિંધુ આદિ મહા નદી, એ તિર્થોના જલાદિકથી જે માણસ અભિષેકને કરે છે તો તે થકી ઉત્પન્ન થયેલા મહા પુન્યન સાથે માંસ ભક્ષણનુ ત્યાગપણું હે યુધિષ્ઠિર! તુલ્ય ભાવને પામ

નથી, અર્થાત્ એક માણુસ ઉપરોક્ત તીર્થોને વિષે અભિષેકાદિક કરે, અને એક માણુસ માંસ ભક્ષણનો ત્યાગ કરે તો માંસ ભક્ષણના ત્યાગનું પુણ્ય વિશેષ થાય છે.

तिलसर्षपमात्रं तु यो मांसं भक्षते नरः ।
स याति नरकं घोरं यावच्चंद्रदिवाकरौ ॥ ९ ॥

ભાવાર્થઃ—તિલ અને સરસવ જેટલુંજ ફકત માંસને જે માણુસ ભક્ષણ કરે છે, તે જ્યાંસુધી ચંદ્ર સૂર્ય વિદ્યમાન હોય ત્યાંસુધી ઘોર નરકને વિષે ગમન કરે છે.

केदारे यः जलं पीत्वा पुण्यमज्जायते नरः ।
तस्मादष्टगुणं प्रोक्तं मद्यामिषविवर्ज्जने ॥ १० ॥

ભાવાર્થઃ—કેદારના વિષે પાણિનું પાન કરવાથી જે માણુસ પુણ્ય-સંયુક્ત થાય છે. તે પુણ્યથી આઠગણું વધારે પુણ્ય મદ્ય માંસનો ત્યાગ કરવામાં કથન કરેલું છે.

तथा चाणाक्यनीतौ

स्व मांसं परमांसेन यो वर्द्धयितुमिच्छति ।
नास्ति क्षुद्रतरस्तस्मात् स नृशंसतरो नरः ॥ १ ॥

ભાવાર્થઃ—જે માણુસ પરમાંસ વડે કરી પોતાના માંસની વૃદ્ધિ કરવાની ઇચ્છા કરે છે, તેના થકી બીજો અત્યંત ક્ષુદ્ર કોઈ નથી. તે માણુસજ અત્યંત ક્રુર કહેવાય છે, કારણકે જે મનુષ્યરૂપી રાક્ષસો હોય તેજ પરના માંસ વડે કરી પોતાના માંસની વૃદ્ધિ કરવાની ચાહના કરે છે.

વળી પણ અનેક પ્રકારે માંસ ભક્ષણના દોષોને શાસ્ત્રકારે કહેલા છે, જેમકે માંસ ભક્ષણ કરવાથી બુદ્ધિ પણ ભ્રષ્ટ થાય છે.

यादृशं भक्षयेदन्नं बुद्धिर्भवति तादृशी ॥

ભાવાર્થ:—જે પ્રકારના અન્નનું ભોજન કરે છે તે પ્રકારની બુદ્ધિ થાય છે, અભક્ષ્ય અન્નના ભક્ષણ કરવાથી જ્યારે મલિન બુદ્ધિ થાય છે, ત્યારે અનંત જીવોના ઘાતરૂપ અને મહા અનર્થને તેમજ વિકારને તથા પાપને કરનાર માંસ ભક્ષણથી બુદ્ધિ ભ્રષ્ટ થાય, તેમાં કાંઇપણ આશ્ચર્ય નથી. માટેજ ઉત્તમ જીવોએ પોતાના આત્માના સમાન સમગ્ર નાના મોટા જીવોને ગણી તે પ્રાણીઓની હિંસા નહિ કરતાં તેમના ઉપર ઉપકાર, દયા અને અનુગ્રહ બુદ્ધિ ધારણ કરી ઇહલોક પરલોકને વિષે અત્યંત દુઃખદાયી માંસ ભક્ષણને ત્યાગ કરવું તે સર્વથા પ્રશસાપાત્ર છે. જેવી રીતે આપણો આત્મા આપણને વહાલો છે તેવીજ રીતે સર્વ જીવોને પણ પોતપોતાનો આત્મા વાહાલો છે અને સ્વમાંસ જેવુ આપણને વાહાલું છે તેવું બીજા જીવોને પણ પોતાનું માંસ વહાલુ છે એહવું જાણી સમગ્ર જીવોએ માંસભક્ષણનો ત્યાગ કરવો જોઇએ.

दृष्टांतो यथा.

સમગ્ર ધન ધાન્યની ઋદ્ધિ સિદ્ધિ સમૃદ્ધિ વડે કરી ભરપુર રાજગૃહ નામનું નગર હતું. તે નગરને વિષે રત્રવેરીઓનો નાશ કરનાર જૈનધર્મપરાયણ વીર પરમાત્માના ચરણકમલનો ઉપાસક ક્ષાયક સમ્યકત્વનો ધણી શ્રીમાન્ શ્રેણિક મહારાજા રાજ્ય કરતો હતો અને તે રાજાને ઉત્પાદિકી આદિ બુદ્ધિઓનો નિધાન, પાંચસો મંત્રી

નો મુગટમણિ, બ્રહસ્પતિને પણ સ્વબુદ્ધિથી જીતનાર અભયકુમાર નામનો મહા મંત્રીશ્વર હતો. એકદા પ્રસ્તાવે સભા ભરી શ્રેણિક મહારાજા ઇંદ્રના સમાન શોભતો બેઠો હતો, તે સમયે રાજાએ સભાસદોને પુછ્યું કે હાલ આ નગરમાં કઇ વસ્તુ સુર્લભ-સોંઘી મળે છે. તે સાંભળી સભાસદો બોલ્યા, હે સ્વામિન્ આ નગરમાં હાલમાં માંસ બહુજ સુર્લભ સોંઘું મળે છે, આ સાંભળી અભયકુમાર નામનો મહા મંત્રીશ્વરે મૌન ધારણ કર્યું. સભા વિસર્જન થઇ અને સર્વે પોતાના સ્થાનકે ગયા.

હવે તે સર્વે સભાસદોને શિક્ષા કરવા નિમિત્તે રાત્રિને વિષે માંસની પ્રશંસા કરનારા, માંસ ભક્ષણ કરનારા, મંત્રીઓ આદિ સભાસદોના ઘરને વિષે અનુક્રમે અભયકુમાર ગયો. પ્રથમ એક મંત્રીને ઘરે ગયો. મંત્રીએ અભયકુમારને માન આપી પોતાના ઘેર આવવાનું કારણ પુછ્યું, ત્યારે અભયકુમારે કહ્યું કે હે મહાનુભાવ રાજાના મસ્તકમાં મહા પીડા ઉત્પન્ન થઇ છે, તે બહુ ઉપચાર કરતાં શાંત થતી નથી. છેવટે વૈદ્યો કહે છે કે મનુષ્યના કાળજાનું માંસ બે ટાંક દવા સાથે ખવરાવવામાં આવે તો સારૂં થાય, તે શિવાય રાજાનું મરણ થશે. આવા વૈદ્યનાં વચનો સાંભળી તાહરે ઘરે આવ્યો છું, તેં રાજાની લક્ષ્મી આ જીંદગી સુધી ખાધી છે, તેથી તેને નિમકહલાલ કરવા માટે શીઘ્રતાથી તાહરા કાળજાનું માંસ બે ટંક આપ, લગાર માત્ર વિલંબ ન કર. તે સાંભળી દીન મુખે મંત્રી બોલ્યો હે સ્વામિન્ પાંચહજાર સોનામહોરો લે પણ માહરાથી કાળજાનું માંસ આપી શકાશે નહિ. આ સોનામહોરો લઈ બીજાને ઘરે જાઓ ને ત્યાંથી તમોને મળી રહેશે, અને માફી આપો. આવી રીતે કરગરવાથી અભયકુમાર સોનામહોરો લઇ ચાલતો થયો.

આવી રીતે આખી રાત્રિ સર્વે માંસ ભક્ષણ કરનારાઓના ઘરે જઇ જઈ ઉપર પ્રમાણે કહી લાખો સોનામહોરો મેળવી. પ્રાતઃકાળે પોતાની વ્યવહારિક ધાર્મિક ક્રિયાને કરી સભાના સમયને વિષે રાજસભામાં જઇ શ્રેણીક મહારાજને નમસ્કાર કરી સોનામોહોરોનો ઢગલો રાજા પાસે કર્યો, તેથી રાજાએ આશ્ચર્ય પામીને અભયકુમારને પુછયું કે આ તું કયાંથી લાવ્યો? અને આનો પરમાર્થ શું છે? ત્યારે અભયકુમારે રાજાને કહ્યું કે હે સ્વામિન્! કાલે તમે સભાને વિષે પ્રશ્ન કર્યો હતો કે હાલમાં સોંઘું શું મલે છે, તેથી તમારા મંત્રિ વર્ગાદિક સભાસદોએ કહ્યું હતું કે હાલમાં માંસ સોંઘુ મળે છે, પરન્તુ ગઇ રાત્રે ફકત બે ટંક માંસ માટે ફર્યો અને આટલી બધી સોનામોહોરો આપતાં છતાં પણ બે ટંક માંસ ન મળ્યું, છતાં તમારા સભાસદ માંસ સોંઘુ જણાવે છે. આમ કહી રાત્રિની સર્વ હકીકત રાજાને કહી તેથી રાજા આશ્ચર્ય પામ્યો અને માંસ ભક્ષણ કરનારા મુર્ખોને શાનકરી નીચું જોયું. તે સમયે અભયકુમારે તે સર્વેને તિરસ્કાર કરી કહ્યું કે રેરે મૂર્ખશિરોમણીઓ! જેહવું તમારૂ માંસ તમોને પ્રિય છે, તેવું સર્વે જીવોને પોતાનું માંસ પ્રિય છે. તમોને ફકત બે ટંક માંસ આપતા કંપારી છુટી ને આપી શકાણું નહિ, ત્યારે બિચારા નિરઅપરાધિ પ્રાણિઓના પ્રાણ હરણ કરતાં તેમને કેટલુ દુઃખ થતુ હશે, તેનો તમો માંસ ભક્ષણ કરનારાઓને વિચાર પણ શાનો હોય? એહવી રીતે અભયકુમારના વચનોથી લજવાયેલા તે સર્વે લોકોએ પગમાં પડી માફી માગી અને માંસ ભક્ષણ કરવાનાં પચ્ચખાણ કર્યા.

સુગ્ન વાંચક! અભયકુમારને ધન્ય છે કે જેણે પોતાના બુદ્ધિબળથી અનેક લોકોને માંસ ભક્ષણના પાપકર્મથી મુક્ત કર્યા.

તે લેકોને પણ ધન્ય છે કે યથાર્થ સમજી માંસનો પરિહાર કર્યો. ત્યારે સાંપ્રતકાળે ઘણા મહાત્માઓ ઉપદેશ આપતા છતાં તેવાને વૈરાગ્ય થતો નથી, ને માંસ ભક્ષણના પરિહારને કરતા નથી. આ શું ઓછી શરમ ઓછી, લજ્જા, અરે સમજો સમજો અને માંસાહાર ત્યાગ કરી તમારા આત્માનો દુર્ગતિ થકી બચાવ કરો અને સુખી થાઓ.

मद्य ३.

અહો મહાન્ આશ્ચર્યની વાત છે કે શ્રીમાન્ વીતરાગ મહારાજાએ ઉત્તમ જીવોને ઉત્તમ પદાર્થોનું પાન કરવાનુ ફરમાન કર્યાં છતાં જેમ કુક્કરને દુધપાક અને રાસભને સાકર રૂચે નહિ, તેવીજ રીતે સાંપ્રતકાળના વ્યસની જીવોને દુધ સાકરનું પાણી તથા અમૃત વિગેરે ઉત્તમ પદાર્થોનું પાન કરવું નહિ રૂચવાથી નિંદનીય અને દુર્ગંચ્છનીય મદીરાનું પાન કરી પોતાના ઉત્તમ દેહને ભ્રષ્ટ કરી પોતાના ઉત્તમ કુળને કલંકીત કરી કુગતિને વિષે આનંદસહિત ગમન કરવું ગમે છે. તે શોચનીય છે જેની અંદર અનેક પ્રકારના જીવોની ઉત્પત્તિ તથા વિનાશ રહેલા છે એવા મદિરાનું પાન કરી કયા પ્રકારની ચેષ્ટા કરે છે તથા કેવા પ્રકારની વિટંબણા પામે છે, તે કરૂણાના સાગર શાસ્ત્રકાર મહારાજા સ્ફુટપણે પ્રગટ કરે છે.

यतः

भवति मद्यवशेन मनो भ्रमो भजति कर्म मनो भ्रमतो यतः ।
व्रजति कर्मवशेन च दुर्गतिं त्यजत मद्यमतस्त्रिविधेन भो ॥१॥

ભાવાર્થ: મદ્યપાન કરવાને વશવર્તિ અર્થાત્ નિરંતર મદ્યપાન કરનારનું મન ભમતું રખડતું પરાધિન રહે છે અને મનના ભમવાથી કર્મબંધન થાય છે, તે કર્મબંધનના વશવર્તિપણાથી પ્રાણી દુર્ગતિને વિષે ગમન કરે છે, તે કારણથી હે માનવ ! તું ત્રિધા મન વચન અને કાયાથી મદ્યને ત્યાગ કર.

तथा

हसति नृत्यति गायति वल्गति
भ्रमति धावति मूर्च्छति शोचते ।
पतति रोदिति जल्पति गद्गदं
धमति धाम्यति मद्यमदातुरः ॥ २ ॥

ભાવાર્થ:—મદ્યનું પાન કરી મદાતુર થએલો માણસ હસે છે, નાચે છે, ગાય છે, કુદે છે, ભમે છે, દોડે છે, મૂર્ચ્છા પામે છે, શોક કરે છે, પડે છે, રૂદન કરે છે, ગદ્ગદ સ્વરે બોલે છે, ધમે છે, શબ્દ કરે છે, કુકે છે, રૂદન કરે છે, રોષ કરે છે, હર્ષ પામે છે, કંપાયમાન થાય છે, મોહ પામે છે, ક્રીડા કરે છે, ખેદ કરે છે, નમે છે, લોકોને હણે છે વિગેરે પ્રકારની ચેષ્ટાઓ કરે છે.

अपिच.

स्वसृसुताजननीरपि मानवो व्रजति सेवितुमस्तगतिर्यतः ।
समुपलोकविनिंदितमद्यतः किमपरं खलु कष्टतरं ततः ॥ ३ ॥

ભાવાર્થ:—મદ્યપાન કરવાથી નાશ પામી છે બુદ્ધિ તે જેની એવો અસ્તગતિવાળો માણસ પોતાની બેન, પુત્રી, માતાને પણ

સેવન કરવા જાય છે. ગુણી લોકોએ, નિંદિત કરેલ મદ્યના પાન કરવાથી ઉપરોક્ત અનર્થને સેવન કરનાર મદિરાનો પાન કરનાર માણસ થાય છે, તો ઉપરોક્ત પ્રકારના અનર્થને કરવાથી બીજું શું છે.

મદ્યપાન કરનાર પાપિષ્ટ માણસ માતાને પ્રિયા કરે છે પ્રિયાને માતા કરે છે, સ્વામિને કિંકર માને છે તેમજ કિંકરને સ્વામિ માને છે, નીચે જુવે છે, વસ્ત્ર રહિત થાય છે, બુદ્ધિભ્રષ્ટ તેમજ વ્યાધિગ્રસ્ત થાય છે તથા નિર્લજ્જપણાને અંગીકાર કરી નીચે પડવાથી કુતરા પણ તેના મુખને વિષે મુત્ર-ધારાને કરે છે. વળી પોતાના ગૂઢ અભિપ્રાયને પણ મદિરાને પાન કરનાર લીલામાત્રથી પ્રગટ કરે છે. કિંબહુના, અનેક પ્રકારના ગુણ ગણોથી ભ્રષ્ટભાવને તે પામે છે.

उक्तंच योगशास्त्रे.

विवेकः संयमो ज्ञानं सत्यं शौचं दया क्षमा ।
मद्यात् प्रलीयते सर्वं तृण्या वह्निकणादिव ॥ १ ॥

ભાવાર્થ:—જેમ અગ્નિના કણિયાથી ઘાસનો ઢગલો ક્ષણમાત્ર માં બળીને ભસ્મીભૂત થાય છે, તેમ મદ્યપાન કરવાથી વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા, અને ક્ષમાદિક સર્વે ક્ષણમાત્રમાં વિનાશ ભાવને પામે છે, અર્થાત્ મદ્યપાન કરનાર માણસ ઉપરોક્ત ગુણોથી, તેમજ કીર્તિ, કાન્તિ, બુદ્ધિ, લક્ષ્મી, ઋદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ, વૃદ્ધિ વિ-ગેરેથી રહિત થાય છે. તે કારણ માટે ઉત્તમ મહાનુભાવ માનુષોને મદ્યપાન ત્યાગ કરવું શ્રેયસ્કર છે.

तथा उक्तंच महाभारते.

मूलं समस्त दोषाणां मद्यं यस्मादुदीरितं ।
तस्मात् मद्यं न पीतव्यं धार्मिकेण विशेषतः ॥ १ ॥

ભાવાર્થઃ—જે કારણ માટે શાસ્ત્રકાર મહારાજાએ સમગ્ર દોષોના મૂલને મદ્ય કથન કરેલ છે, અર્થાત્ મદ્યપાન કરવાથીજ સમગ્ર દોષો ઉત્પન્ન થાય છે, તે કારણ માટે મદ્યપાન કરવું નહિ. તેમાં પણ ધાર્મિક જીવોએ તો વિશેષપણે મદ્યપાન કદાપિ કાળે કરવું નહિ.

बीजं मदनवृक्षस्य कोपस्योद्दीपनं परं ।
मद्यपानं कथं कार्यं नरेण शुभकांक्षिणा ॥ २ ॥

ભાવાર્થઃ—વળી આ મદ્યપાન જે તે કામરૂપી વૃક્ષના બીજ સમાન છે, અર્થાત્ મદ્યપાન કરવાથી કામની વૃદ્ધિ થાય છે તથા ક્રોધાગ્નિને વિશેષપણાથી પ્રદીપ્ત કરે છે, અર્થાત્ મદ્યપાન કરનાર માણસનો ક્રોધરૂપી અગ્નિ વિશેષે કરી પ્રજ્વલિત થાય છે, તે કારણ માટે પોતાના આત્માના હિતચિંતક જીવોને મદ્યપાન કેમ કરવું જોઇએ ? અર્થાત્ તે ત્યાગ કરવુંજ જોઇએ.

मद्यपानं प्रकुर्वन्ति ये मूढा भुवि मानवाः ।
तेऽवश्यं दुःखकांतारं प्राप्नुवंति अचेतनाः ॥ ३ ॥

ભાવાર્થઃ—પૃથ્વીને વિષે જે મૂઢ માણસો મદ્યપાનને કરે છે, તે ચેતનારહિત જીવો નિશ્ચય દુઃખરૂપી કાંતાર—વનને પામે છે, અર્થાત્ ઘણાજ દુઃખી થાય છે.

इत्येवं मद्यपानस्य, दोषाः सर्वज्ञभाषिताः ।
तस्मान्मद्यं न पीतव्यं धर्मकामार्थसाधकैः ॥ ४ ॥

ભાવાર્થ:—શ્રીમાન્ સર્વજ્ઞ મહારાજાએ ઉપર મુજબના દોષો મદ્યપાન કરવામાં કથન કરેલ છે, તે કારણ માટે ધર્મ, અર્થ અને કામ, આ ત્રણ પ્રકારના પુરૂષાર્થને સાધન કરનારા ઉત્તમ જીવોએ મદ્યપાન કરવું નહિ.

જૈનદર્શન તેમજ અન્યદર્શનને વિષે પણ મદ્યપાન કરવું મહાન્ ઉચ્છિષ્ટ કથન કરેલ છે તથા આપત્તિના સ્થાનભૂત તેમજ દુઃખની પરંપરાના હેતુભૂત અને દુર્ગતિના મૂળ કારણરૂપ કથન કરેલ છે. તે કારણ માટે સુજ્ઞ જીવોએ મદ્યપાન ત્યાગ કરવું લાયક છે. સાંપ્રતકાળમાં કેટલાએક જીવોને મદ્યપાન કરવાના પ્રત્યાખ્યાન હોય છે, છતાં ઇંગ્લિશ દવાઓ વાપરે છે, તો તેની અંદર પણ વિચાર કરવાનો છે. ઘણીખરી ઇંગ્લિશ પ્રવાહી દવાઓમાં સ્પીરીટ—દારૂ આવે છે. આવી દવાઓ કદાચ માંદગીવાળા માણસો વાપરે, પરન્તુ જો આયુષ્યની પૂર્ણાહુતી થઈ ગઇ હોય તો ઇંગ્લિશ દવા પણ કાર્ય કરતી નથી અને મરણ સમયે તે દારૂમય દવા વાપરવાથી તે પ્રાણી મરીને—મરણને શરણ થઈ દુર્ગતિમાં જાય છે. આવા મરણના સમયને વિષે સ્થિરતાના પરિણામી ધાર્મિક જીવોએ અવશ્ય ઈંગ્લિશ દવા વર્જવી ઉચિત છે. જો આયુષ્ય બલીષ્ટ હોય છે, તો ઇંગ્લિશ અથવા દેશી અથવા હરકોઇ ઔષધથી સારૂ થયાવિના રહેતું નથી ને આયુષ્ય ટુંકું હોય છે તો કોઇપણ દવા ફાયદો કરતી નથી. તો તેવા સમયમાં જો ધૈર્ય રહે તો ઇંગ્લિશ દવા નહિ વાપરતાં દેશી દવા

વાપરવી કે જેથી કરી જીવતાં કે મરણ પામતાં આત્માને કોઇપણ પ્રકારે બાદ પહોંચે નહિ. દ્રઢ ધર્મિષ્ટ જીવોએ મદ્ય તેમજ દારૂમય ઓષધને અવશ્ય ત્યાગ કરવું જોઇએ, કારણકે આત્મા અને દેહને વટલાવી જીવવું તેના કરતાં આત્માને અને દેહને નિર્મલ રાખી પરલોકને વિષે સદ્ગતિને પ્રાપ્ત કરવી વિશેષ ઉત્તમ ગણાઇ શકે છે. મદ્યપાન કરનારા તો દુઃખી થાય તેમાં નવાઈ નથી, પરંતુ તે જે ભૂમિમાં વાસ કરતા હોય તે ભૂમિનાં મનુષ્યો તથા જાનવરોનો પણ મદ્યપાન કરનારા નાશ કરાવે છે.

दृष्टान्तोयथा.

એકદા પ્રસ્તાવને વિષે બાલબ્રહ્મચારી પરમ કૃપાળુ જિનેશ્વર મહારાજ શ્રી નેમનાથ મહારાજ રૈવતાચળ પર્વતના ઉદ્યાનને વિષે પધાર્યા. તેની વધામણી ઉદ્યાનપાળે કૃષ્ણ માહારાજને આપી તેથી ઉદ્યાનપાળને પારિતોષિક—દાન આપી બંધુ બલભદ્ર આદિ પરિવાર સહવર્તમાન કૃષ્ણ માહારાજ નેમનાથ માહારાજને વંદન કરવા આવ્યા. ભગવાન્ પાસે જઇ અભિગમ સાચવી ત્રણ પ્રદક્ષિણા કરી વંદના નમસ્કાર કરી યોગ્યઆસને કૃષ્ણ માહારાજ બેઠા. ભગવંતે વૈરાગ્યમય દેશના આપવાથી સભા રંજન થઇ અને બોધ પામી, ત્યારબાદ કૃષ્ણ માહારાજે નેમનાથ માહારાજને પુછ્યું કે હે નાથ, દેવલોક તુલ્ય આ દ્વારિકા નગરીનો નાશ કેવી રીતે થશે ? ત્યારે વિશ્વગુરૂ બોલ્યા કે, હે કૃષ્ણ! દારૂના પાન કરવાથી મદાંધ થએલા કુમારોએ કોપાયમાન કરેલ દ્વૈપાયન ઋષિથી આ દ્વારિકા નગરીનો નાશ થશે, અને વળી જરાકુમારે મુકેલા બાણવડે કરી ડાબા પગને વિષે વિંધાએલો એવો તું કાળધર્મ પામી ત્રીજી નરકે ઉત્પન્ન થઇશ. એ પ્રકારે

નેમનાથ માહારાજનાં વચનને શ્રવણ કરી જરાકુમાર વિચાર કરે છે કે, અરે ! માહારા બંધુનું માહારે હાથે મરણ થાય તે યુક્ત નહિ, એમ ધારી દ્વારિકા નગરીનું સુખ છોડી દઇ વગડામાં જઈ ત્યાં રહેવા લાગ્યો.

હવે ભગવાનના વચનથી અરે ! માહારે નરકે જવું પડશે, એમ સાંભળી-જાણી કૃષ્ણ માહારાજ આર્તધ્યાન કરવા લાગ્યા. તે સમયે ભગવાન્ કહે છે કે, હે વત્સ ! ખેદ કર મા, આવતી ઉત્સર્પિણીની અંદર ચોવીશીને વિષે અમમ નામનો બારમો તીર્થંકર થઇશ. એવાં પ્રભુનાં વચન સાંભળી હર્ષને ધારણ કરી કૃષ્ણ મહારાજ પોતાને ઘેર ગયા, ત્યારબાદ સમગ્ર દારૂ હતો તે કૃષ્ણ માહારાજે રૈતાચળ પર્વતની ગુફાને વિષે કાઢી નંખાવ્યો, નગરને વિષે દારૂનું નામ પણ રેહેવા દીધું નહિ.

એકદા પ્રસ્તાવે શાંબ અને પ્રદ્યુમ્ન કુમારાદિક રાજકુમારો ક્રીડા કરવાને માટે વનને વિષે બહુ દુર ચાલ્યા ગયા, તે સમયે રૈવતાચળ પર્વતની ગુફાને વિષે નાખી દીધેલ દારૂની સુગંધી આવી. તે દેખી ઘણા કાળથી દારૂ નહિ મળવાથી તથા બહુજ સુગંધી હોવાથી સમગ્ર રાજકુમારોએ દારૂનું બહુ પાન કર્યું, તેથી કેફ ચડવાથી સર્વે ગાંડા થઇ ગયા અને જ્યાં ત્યાં મદાંધ થઇ ફરવા લાગ્યા. હવે કર્મસંજોગે તે સ્થળને વિષે દ્વૈપાયનઋષિ તપ કરતો હતો તેને દેખી મદવિહ્વલ સર્વે રાજકુમારો બોલ્યા કે, અહો અહો ! આ પાપી દ્વારિકાનો દાહ કરવાનો છે. એવી રીતે અનેક પ્રકારે તાડના તર્જના કરી, તેને બહુજ કુટયો. તેથી ક્રોધાતુર થઈ તેણે નિયાણું કર્યું કે, મહારા તપનું ફળ હોય તો આ નગરીને હું બાળવાવાળો થઉં. આવી રીતે નિયાણું કરી અણુશણ કર્યું. તે દેખી રાજકુમારો ભય પામી દ્વારિ-

કાને વિષે ગયા અને સર્વ વૃત્તાંત કૃષ્ણ તથા બલભદ્રને કહ્યું; તેથી તેઓને અરેરે મૂર્ખાઓ ! આ શું કર્યું ? એમ કહી કૃષ્ણ બલભદ્ર દ્વૈપાયન પાસે આવીને કહેવા લાગ્યા કે હે ઋષિ ક્રોધ કરી તપસ્યાને નિષ્ફલ ન કરો, એમ કહી બહુજ કહ્યું, ત્યારે તે બોલ્યો કે તમારા બે વિના કોઇને છોડનાર નથી, માટે ફરીથી મને વારંવાર કાંઇપણ કહેવું નહિ. એવું સાંભળી નેમનાથ માહારાજના વચનને સંભારતા નગરીમાં ગયા અને પડહને વગડાવ્યો કે હે લોકો ! તમે સાંભળો. ક્રોધને ધારણ કરી દ્વૈપાયને નગરી બાળવાનું નિયાણું કરેલ છે, માટે તમો ધર્મ તત્પર થાઓ કે જેથી પરાભવ કરી શકે નહિ. કૃષ્ણ-માહારાજનાં એહવાં વચન સાંભલી કેટલાએક ધર્મધ્યાનમાં તત્પર થયા. બીજા કેટલાકે આયુષ્ય પાણિના પરપોટા સમાન છે, યૌવન સંધ્યાના રંગ સમાન છે, લક્ષ્મી હસ્તિના કર્ણ સમાન ચપલ છે, સંસારી સુખ ડાભની અણિના ઉપર રહેલ પાણિના બિંદુ સમાન ક્ષણમાં નાશવંત છે, રાજ્યસુખ પાણિના કલ્લોલ સમાન અસ્થિર છે, એહવાં વૈરાગ્ય-મય વચનોને શ્રવણ કરી ભગવાન્ નેમનાથ માહારાજના પાસે દીક્ષા લીધી.

હવે દ્વૈપાયન અણસણ કરી મરણ પામી વન્હિકુમારને વિષે દેવ થયો. તે બહુ રોષને ધારણ કરી દ્વારિકા નગરીનો નાશ કરવા આવ્યો, પરંતુ નગરીના સમગ્ર લોકો આયંબીલાદિ વિવિધ પ્રકારના તપકર્મ તથા નાના પ્રકારની ધર્મક્રિયા કરતા હોવાથી તે કાંઇપણ પરાભવ કરી શકયો નહિ. આવી રીતે બાર વર્ષ વ્યતીત થયાં. અહો ! અહો ! ધર્મકરણિનું મહાત્મ્ય કેવું છે કે જેના પ્રતાપથી દેવતા પણ ઉપદ્રવ કરી શકયો નહિ. આવું પ્રગટ છે, છતાં પણ હાલના

અજ્ઞાની જીવો ધર્મક્રિયા કરવામાં મહાપ્રમાદી થએલા ઠેકાણે ઠેકાણે જોવામાં આવે છે.

હવે કર્મના યોગથી એક દિવસ પર્વતિથિ છતાં પણ નગર સમગ્ર લોક પ્રમાદી થઈ ધર્મક્રિયા છોડી સ્વઇચ્છા મુજબ વર્તવા લાગ્યા. તે સમયે તે દુષ્ટ આત્માના ધારીએ અવસર પામી સંવર્તવાયુ વડે કરી ચારે બાજુથી નગરીને વિષે તૃણ લાકડાં વિગેરે નાખી અગ્નિ લગાડી અને બીજા નગરને વિષે ગએલા લોકોને પણ ઉપાડી અગ્નિની અંદર નાખ્યા. તે અવસરે સંભ્રાંતીને પામેલા કૃષ્ણ તથા બળદેવ બન્ને જણા વસુદેવ, રોહિણી, દેવકી, આ ત્રણે જણાને રથમાં બેસાડી નગરીના દરવાજા પાસે ગયા. તેટલામાં રથના ઘોડા એક પગલું માત્રપણ આગળ ચાલી શકયા નહિ, તેથી બન્ને જણા પોતે રથને ખેંચવા માંડયા. એટલે દેવતાએ કહ્યું કે હે બળદેવ! હે કૃષ્ણ! તમે ફોગટ બન્ને જણા પ્રયાસને કરો છો. તમારા બે વિના એકને પણ છોડનાર નથી, એમ કહી દરવાજાનું બળતું બારણું રથ ઉપર નાખ્યું, તેથી વસુદેવ, રોહિણી, દેવકી ત્રણે જણા જિનેશ્વર મહારાજના એકધ્યાનથી દેવલોકને વિષે ગયાં. હવે કૃષ્ણ તથા બળદેવ બન્ને જણા નગરીથકી નિકળી કોઇક પર્વતના શિખર ઉપર રહી છ માસ સુધી તે નગરીને બળતી દેખી માહા ખેદને પામ્યા. ત્યારબાદ પાંડુ રાજાના પુત્રોની મથુરાનગરીને વિષે જવાને ઉત્સુકતાવાળા બન્ને જણા પર્વત ઉપરથી ઉતરી ચાલવા માંડયા અને અનુક્રમે કોશાંબીનગરીના વનને વિષે ગયા, ત્યાં એક વડલાના વૃક્ષના નીચે શીલાને વિષે બેઠા. તે સમયે કૃષ્ણને બહુજ તૃષા લાગેલી હતી તેથી પોતાના બંધુ પાસે પાણી માગ્યું, તેથી બલદેવ કૃષ્ણને ત્યાંજ મુકી પાણીની શોધખોળ

કરવા ગયા. આ સમયે કૃષ્ણ પીળું વસ્ત્ર ધારણ કરેલું હતું તેને થોડું ઓઢીને ઢીંચણના ઉપર ઢીંચણ સુધી પગને ધારણ કરી સુતા એવામાં નિદ્રા આવી ગઇ ભાવિ મિથ્યા થતું નથ. એટલામાં જરાકુમાર તે વનમાં વાસ કરતો હતો, તેણે દુરથકી હરણની ભ્રાંતિથી તીક્ષ્ણ બાણ છોડયું. તે બાણથી ડાબા પગે વીંધાએલા કૃષ્ણ માહારાજ જાગીને બોલ્યા. અહો ! કોણે દુષ્ટે આવું કામ કર્યું. તે સાંભલી જરાકુમાર પોતાના આત્માની નિંદા કરવા લાગ્યો અને કૃષ્ણ માહારાજના ચરણકમળમાં પડી રૂદન કરતાં માફી માગી. તે અવસરે કૃષ્ણે કહ્યુ રૂદન કરવાથી શું થાય, ભગવાન્ નેમનાથ મહારાજે જે કહ્યું હતું તે સત્ય થયું. હવે ઈહાં શોચ કરવાથી શું થાય, માટે હે બાંધવ ! તું અહીંથી આ મહારૂં કૌસ્તુભ રત્ન લઇને જા પાંડવોને આપજે અને નગરી બળી ગઇ વિગેરે સર્વ વૃત્તાંત કહેજે. આ માહારૂં રત્ન તેમને દેખાડવાથી નિશ્ચય થશે, માટે તું જલ્દી જા. જો ઇહાંથી તું નહિ જાય તો નિશ્ચય બળદેવ તને મારી નાખશે, તે સાંભળી જરાકુમાર મથુરા નગરી પ્રત્યે ચાલ્યો. ત્યારબાદ કૃષ્ણ માહારાજ ચિંત્વન કરવા લાગ્યા કે, ગજસુકુમાલ, ઢંઢણ કુમારાદિકને ધન્ય છે કે જેમણે મોહને મારી મુક્તિ મેળવી. વળી ઘડીકવારમાં પ્રાણાંત સમયે નરકગતિ યોગ્ય લેશ્યા ઉત્પન્ન થઇ અહો ! મહારા વૈરીએ મહારી દેવતાઈ સમગ્ર નગરી, સમગ્ર લોકો, પશુઓ વિગેરે વસ્તુઓ સહવર્તમાન બાળી ભસ્મીભૂત કરી. એ પાપીને નજરે દેખું તો ક્ષણમાત્રમાં મારી નાંખું. એ પ્રમાણે રૌદ્રધ્યાનમાં લીન થવાથી કાળધર્મને પામી, કૃષ્ણ માહારાજ ત્રીજી નરકે ગયા.

પ્રિય વાંચકવર્ગ ! જોયું, દારૂપાન શાંબ અને પ્રદ્યુમ્ન કુમારાદિક

કર્યું અને માર પડ્યો સમગ્ર દ્વારિકાનગરીને તથા લોકોને. ત્રણ-ખંડની સ્વામી છતાં વગડાના અંદર કૃષ્ણ માહારાજ પાણી પાણી કરતા મરણ પામ્યા. તો દારૂનું પાન કરનાર પામર અને શરણરહિત એહવા તાહારી શી દશા થશે ? તેનો તું વિચાર કરજે અને મદ્યપાનને ત્યાગ કરી સદ્ગતિ મેળવજે.

ત્યારબાદ બળદેવ પાણિ લઇને આવ્યા. કૃષ્ણની આવી અવસ્થા દેખી રાગથી બહુજ વિલાપ કર્યો, મડદું છમાસસુધી ખાંધે મોહથી ઉંચકી ફર્યા. દેવતાએ બોધ કરવાથી દીક્ષા લીધી, મહા તપસ્વી થયા, પાંચમે દેવલોકે ગયા વિગેરે વિશેષ વૃત્તાંત ગ્રન્થાન્તરથી જાણવું.

વેશ્યા ૪.

અહાહાહા ! દુનીયામાં જીવોની પ્રબળ મુર્ખતાનું મુખ્ય કારણ એક વેશ્યા સેવનનુંજ છે. જે વેશ્યા કદાપિકાળે કોઇની થઇ નથી ને થવાની પણ નથી, એવી ઉચ્છિષ્ટ, નિકૃષ્ટ, ધૃષ્ટ, પાપિષ્ટ વેશ્યાનું સેવન કરવું તેના સમાન બીજુ એક પણ અધમાધમ કર્તવ્ય નથી જે વેશ્યા નિરંતર મદ્યપાન, માંસભક્ષણ અને પૈસામાટે કનીષ્ટમાં કનીષ્ટ રોગી, નટ, વિટ, કુષ્ટી માણસોનો સંગ કરવામાં રાતદિન મચી રહે છે, તે વેશ્યાને આપત્તિના સ્થાનભૂત અને દુર્ગતિના કારણભૂત માની ઉત્તમ જીવો તો નજરે પણ જોતા નથી, પરંતુ અધમજીવો તો અનેક દુષ્ટ પુરૂષોએ સેવેલ વેશ્યામાં રાચી માચી યૌવન, ધાતુ, પૈસાને બાળી ભસ્મીભૂત કરેછે.

यतः

वेश्यासौ मदनज्वाला रूपेंधनविवर्धिता ।
कामिभिर्यत्र हूयंते यौवनानि धनानि च ॥ १ ॥

ભાવાર્થ:—રૂપરૂપી લાકડાવડે કરી વૃદ્ધિ પામેલી વેશ્યા કામદેવની જ્વાલાસમાન છે, આ કામાગ્નિજવાલાને વિષે વિષયસેવનમાં વૃદ્ધ થયેલા કામીપુરૂષો પોતાના યૌવન તથા પોતાની લક્ષ્મીને હોમી દઇ ભસ્મીભૂત ભાવને પામે છે. વેશ્યાઓ કેવલ પૈસાનીજ ગરજવાળી હોયછે, તેથી કરીને જગતના જીવોને તિરસ્કાર કરવા લાયક એવા જીવોને પણ સ્વાર્થી વેશ્યા સેવન કર્યાવિના રહેતી નથી.

उक्तं च.

जात्यंधाय च दुर्मुखाय च जराजीर्णाखिलांगाय च
ग्रामीणाय च दुष्कुलाय च गलत्कुष्टाभिभूताय च ।
यच्छंतीषु मनोहरं निजवपुर्लक्ष्मीलवश्रद्धया
पण्यस्त्रीषु विवेककल्पलतिकाशस्त्रीषु रज्यते कः ॥१॥

ભાવાર્થ:—જન્મથકી અંધમાણસને તથા ખરાબ મુખવાલાને તથા વૃદ્ધા અવસ્થાથી જીર્ણ થઇ ગયેલા અંગોપાંગવાળા પુરૂષોને એટલે પૂર્ણ વૃદ્ધાવસ્થાને પામેલાને તથા ગામડાના ગમાર મૂઢ માણસને તથા ખરાબ નીચકુળમાં ઉત્પન્ન થયેલ માણસને તેમજ અનેક પ્રકારે કાસ, શ્વાસ, જ્વર, ભગંદર, કુષ્ટવ્યાધિથી દુષ્ટ પીડા પામનાર, વિવધ પ્રકારના રોગથી ગ્રસ્ત થયેલ માણસને લક્ષ્મીના લવલેશ માત્રની

શ્રદ્ધાથી પોતાના મનોહર શરીરને અર્પણ કરનારી અને વિવેકરૂપી કલ્પવેલડીને કાપવામાં શસ્ત્રસમાન વેશ્યાઓને વિષે કોણ પ્રીતિને ધારણ કરે ? અર્થાત્ ઉત્તમ માણુસ તો વેશ્યાને વિષે પ્રીતિ કરેજ નહિ, પરન્તુ અધમ માણસજ વેશ્યાઓમાં નિરન્તર આસક્તજ રહે છે. અધમ વેશ્યા કદાપિકાળે પવિત્ર હોય જ નહિ. तथा—

न पर्वताग्रे नलिनी प्ररोहति
न गर्दभा वाजिधुरं वहन्ति ।
यवाः प्रकीर्णा न शालयो भवन्ति
न वेशजाताः शुचयस्तथाङ्गना ॥ १ ॥

ભાવાર્થ—પર્વતના અગ્ર ભાગમાં કમલીની ઉગતી નથી, ગધેડા ઘોડાની ધુરાને વહન કરી શકતા નથી, જવો રોપેલા હોય તો ડાંગર થતી નથી તેમજ વેશ્યાના ઘરમાં ઉત્પન્ન થએલી સ્ત્રીઓ પવિત્ર હોતી જ નથી, અર્થાત્ વેશ્યાઓ હમેશાં અપવિત્રજ હોય છે.

ક્ષણમાં હસે, ક્ષણમાં રૂદન કરે, ક્ષણમાં રમે, પરને પોતામાં વિશ્વાસ ઉત્પન્ન કરાવે પણ પોતે કોઇનો વિશ્વાસ ન કરે, મહા કપટનો ભંડારરૂપ, દુર્ગતિના દ્વાર સમાન અને અશુચિના સ્થાનભૂત વેશ્યાને જેમ શ્મશાનની ઘડી ત્યજનીય છે તેવીજ રીતે સમગ્ર જીવોએ ત્યજવા લાયક છે. વેશ્યાના સેવનથી આ લોકને વિષે યોવન, ધન, રૂપ, વય, યશ, બળ અને વીર્યની હાનિ થવા સાથે તિરસ્કાર, ધિક્કાર અને ફિટકારની પ્રાપ્તિ થાય છે. પરલોકને વિષે પણ નરકાદિક ગતિઓમાં આત્માને અનેક દુઃખો ભોગવવાં પડે છે; તેટલાજ માટે આત્મહિતની અભિલાષાવાળા જીવોને વેશ્યાનો ત્યાગ એકાન્તે હિતકારક છે. વેશ્યામાં

આસક્ત થવાથી મૂળદેવ વિડમ્બના પામેલ છે તેમજ કયવન્નો શેઠ પણ નિન્દા તથા ધિક્કારને પાત્ર થયેલ છે.

દ્દષ્ટાન્ત.

રાજગૃહ નગરમાં શ્રેણિકરાજા રાજ્ય કરતો હતો. તે નગરને વિષે ધનેશ્વર નામનો સાર્થવાહ વસતો હતો, તેને સુભદ્રા નામની સ્ત્રી હતી. તેઓને કૃતપુણ્ય–કયવન્નો નામનો પુત્ર હતો. માતાપિતાએ તેને ધન્યા–ધની નામની વ્યવહારીની પુત્રી પરણાવી, પરન્તુ સજ્જન પુરૂષોના સમાગમમાં રહેવાથી યૌવન અવસ્થા છતાં તે વિષય રહિત થયો. પુત્રની આવી ચેષ્ટા જોઇ માતપિતાએ વિચાર કર્યો કે તે કદાચ દીક્ષા લેશે તો અમારી શી દશા થશે, આવો વિચાર કરી વ્યસની માણસોની સોબતમાં તેને મૂકયો. ' સોબત તેવી અસર' આ કહેવત મુજબ તે વ્યસની થયો અને વેશ્યામાં આસક્ત બન્યો. કોઇ વખતે પણ માત પિતાનું સ્મરણ કરે જ નહિ તો સ્ત્રી તો યાદ આવેજ કયાંથી? અર્થાત્ નજ આવે. માતપિતા મોહથી નિરન્તર વેશ્યાને ત્યાં ધન મોકલાવ્યાજ કરે છે. જુઓ, માતપિતાનું પુત્રવત્સલપણું. પોતાના હાથેજ પુત્રને વ્યસની બનાવી સ્વપરની જીંદગી રદ કરાવી, દુનિયામાં નિન્દા કરાવી. વેશ્યાને ત્યાં વાસ કરતાં બાર વર્ષ વ્યતીત થયાં. બોલાવ્યા છતાં પણ તે ઘેર આવતો નથી. પુત્રમોહમાં મૂઢ બનેલાં માતપિતાએ વેશ્યાને ત્યાં ધન મોકલી મોકલીને ભંડાર સર્વથા ખાલી કર્યો, છેવટે તેઓ અકસ્માત તીવ્ર વેદના થવાથી મરણ પામ્યાં. જુઓ, રાગ અને મોહની દશા. ધર્મમાર્ગે પૈસો ખરચાણો નહિ અને વેશ્યામાં ખરાબ થયો, વળી અંતે દુર્દશા થઇ તે તો જુદીજ.

એક દિવસે કુટ્ટિનીએ-મોટી વેશ્યાએ દાસીને કયવન્ના શેઠને ત્યાં ધન લેવા મોકલી. પડી ગએલા ઘરમાં અનુમાનથી કયવન્નાની સ્ત્રીને ઓળખી દાસીએ કહ્યું કે કલ્યાણી! તારા સ્વામીએ મને પૈસા લેવા મોકલી છે. દાસીનાં આવાં વચનો સાંભળી તે પતિવ્રતા સ્ત્રી બોલી કે હું મહામંદ ભાગ્યવાળી છું, ધન કયાંથી આપું? મારાં સાસુ સસરા મરણ પામ્યાં, ઘરમાં જે હતું તે બધું મોકલી આપ્યું છે, હવે કાંઇ રહ્યું નથી. મારા પિતાજીએ મને આપેલ દાગીનામાંથી આ એક આભૂષણ લઇ મારા પતિને સંતોષ પમાડ. ધન્ય છે આવી પવિત્ર પતિવ્રતા સ્ત્રીને, પોતાનો સ્વામી બાર બાર વર્ષથી વેશ્યામાં આસક્ત છતાં લવલેશ પણ ઉદાસીનપણું પામી નાહ, પોતાની સમગ્ર લક્ષ્મી નાશ પામી છે, તેમજ પોતાના સ્વામીનો વિરહ છે, છતાં પણ ખેદ નહિ પામતાં પોતાના પતિને ખુશી કરવા અંગનું આભૂષણ આપી પતિવ્રતાપણું સત્ય કરી બતાવ્યું. ન હોય આજની કેટલીક ઉચ્છૃંખલ સ્ત્રીઓ જેવી કે જે સામાન્ય બાબતમાં પણ પતિને દબાવે અને વગોવે તે તો જુદું. દાસીએ આભૂષણ લઇ જઇને કુટ્ટિનીને આપ્યું અને ઘરનો સર્વ વૃત્તાન્ત કહ્યો. તેને નિર્ધન જાણી તેને તેનું અપમાન કરવા માંડયું. વેશ્યાઓ પૈસાનીજ સગી હોય તે મુજબ વેષ ભજવવાનો શરૂ કર્યો. માણસો પાસે કયવન્નાનો કુટ્ટિની તીરસ્કાર કરાવવા લાગી તથા ધૂળ અને પથરા ફેંકાવવા લાગી. તેની પુત્રી અનંગસેનાએ પોતાની માતાને કહ્યું કે આપણે આ માણસનું ઘણુંજ ધન લીધું છે, તેથી આવી વિડંબના કરવી યોગ્ય નથી. તે સાંભળી કુટ્ટિની બોલી કે આપણો કુળાચારજ એવો છે કે પૈસાવાળાનેજ રાખવો અને નિર્ધનને ધિક્કારવો તથા ઘર બહાર કાઢવો, તેથી હું તેને જરૂર કાઢી મુકીશ. આ સાંભળવાથી ખેદ પામીને કયવન્નો વેશ્યાને ત્યાંથી નીકળી ઉદાસ ચિત્તે ઘર તરફ ચાલ્યો. દેખો વેશ્યાસક્ત માણસના કેવા

ભુંડા હાલ, કેવી દુર્દશા. પ્રથમથીજ વેશ્યાસક્ત જીવ વિચાર કરતો હોય કે વેશ્યાનું ઘર કાંઇ બાપનું નથી તેથી છેવટે મારે પણ મારા ઘરનો રસ્તો માપવો પડશે, કારણ કે વેશ્યા કોઇની થઇ નથી અને થવાની પણ નથી, તો વેશ્યાનો સંગ કરી ફોકટ આયુષ્ય, ધન, યૌવન, બુદ્ધિનો નાશ કરવા લાયક નથી. ઇહલોકમાં ફીટકાર અને પરલોકે દુર્ગતિ, માટે મારે વેશ્યાની સંગતિથી સર્યું. તેવા વિચારશીલ માણસને કોઇ પણ વખત વેશ્યાના સંગમાં ફસાવાનો અને તિરસ્કાર પામી દુઃખી થવાનો વખત આવતોજ નથી.

વેશ્યાથી પરાભવ પામી દુઃખી થએલો કયવન્નો પોતાના ઘેર ગયો. દુરથી પોતાના સ્વામીને આવતો દેખી તેની પતિવ્રતા સ્ત્રી ઉઠી ઉભી થઇ, બહુ માન કરી આસન આપ્યું અને ઉચિત સેવા કરી. ધન્ય છે, આવી સ્ત્રીઓને. તેણે ઘરનો સર્વ વૃત્તાન્ત કહ્યો, તે સાંભળી કયવન્નો ચિંતવન કરવા લાગ્યો કે મારા આત્માને ધિક્કાર છે કે મેં માતપિતાને દુઃખ રૂપી સમુદ્રમાં નાંખ્યા, તેમજ તેઓએ એકત્ર કરેલ ધનનો નાશ કર્યો. પશ્ચાતાપ કરનાર તેને, ભાવિ મિથ્યા થતું નથી, ગઇ વસ્તુનો શોચ કરવો નહિ, ભવિષ્યનું ચિન્તવન કરવું નહિ, વિચક્ષણ પુરૂષો સમય મુજબ વર્તન કરે છે, માટે હે નાથ ! ચિન્તા છોડી કાર્યમાં મગ્ન થાઓ, એ મુજબ વચનામૃતોથી તેની સ્ત્રીએ સ્વસ્થ ચિત્તવાળો કર્યો, તેથી તે દુઃખને ભુલી ગયો. સ્ત્રીએ આપેલા પૈસાથી વેપાર કરી ગુજરાન ચલાવવા લાગ્યો અને તેને પુત્ર ઉત્પન્ન થયો. એક વખત ધનેશ્વરના પુત્ર કયવન્નાએ વેશ્યાના સંગથી પોતાનું કુલ કલંકિત કર્યું તથા ધન પણ ખોયું તેમજ કાંઇ સુકૃત પણ કર્યું નહિ, એવું લોકોના મુખથી સાંભળી પોતાની સ્ત્રીને કહ્યું કે, અત્રે આવેલ સાર્થવાહ

સાથે હું પણ ધન ઉપાર્જન કરવા અને દેશ જોવા જઈશ, તે સાંભળી તે કુળવન્તી સ્ત્રી બોલી કે હે સ્વામિન્! તેમ કરવું આપને યોગ્ય છે. પછી તેને કાંઇક ભાતું આપી કોઇક દેવકુળને વિષે સાર્થવાહના સાર્થમાં મૂકી, ખાટલામાં સુવારી તેની સ્ત્રી ઘેર ગઈ.

તે નગરમાં ધનદ નામનો ધનવાન્ શેઠ છે, તેને ચાર સ્ત્રીઓ છે. તે શેઠ અકસ્માત અપુત્ર મરણ પામ્યો. ધનદની માતાએ ચારે સ્ત્રીઓને કહ્યું કે તમારો ધણી મરણ પામ્યો છે એવું રાજા સાંભળશે તો પુત્ર નહિ હોવાથી તમારૂં ધન લઇ લેશે, માટે તમારે રૂદન કરવું નહિ અને તમારા સ્વામીને ભૂમિમાં ગુપ્ત દાટી દેવો. તમારે પુત્ર ઉત્પન્ન થતાં સુધી અન્ય પુરૂષને સેવવો. ચારે સ્ત્રીઓએ તે કબુલ કર્યું, તે વખતે કુળદેવીના વચનથી ચારે સ્ત્રીઓયુક્ત સાસુ જઇ ખાટલામાં સુતેલા કયવન્નાને ઉપાડી લાવી ઘરમાં મુકયો. કયવન્નો જાગ્યો એટલે તેનું ગળું ઝાલી ડોશી રૂદન કરતી બોલી કે હે પુત્ર! તું તારી માતાને છોડી કયાં ગયો હતો? હમણાં તારો મોટો ભાઈ મરણ પામ્યો છે માટે તારે કોઇ ઠેકાણે જવું નહિ. તારા ભાઇની સ્ત્રીઓ સાથે તારી મરજી મુજબ ભોગ ભોગવ. આ મુજબનાં વચનો સાંભળી, જે ભાવિ હોય તે થાય, આપણે તો દેવતાનું સુખ પામ્યા, એમ વિચારી તે બોલ્યો હે માતાજી! મને કાંઈ યાદ નથી. મારા પુન્યના ઉદયથી મને આપનું દર્શન થયું. તમારી આજ્ઞા મુજબ જેમ કહેશો તેમ હું વર્ત્તીશ. એ મુજબ કહી તે સુખેથી ત્યાં રહ્યો. બાર વર્ષ વીતી ગયાં. ચારે સ્ત્રીઓને એકેક પુત્ર થયો. એક દિવસે ડોશીએ વહુઓને કહ્યું કે તમોને પુત્ર થયા છે માટે જયાંથી આ પુરૂષને લાવ્યા હતા ત્યાં રાત્રે મુકી આવો, કેમકે પુરૂષો વિશ્વાસ કરવા લાયક નથી, આવાં વચન સાંભળી

તેને કાઢવાની ઇચ્છા નહોતી તો પણ સાસુના ભયથી ચારે સ્ત્રીઓએ ખાટલાને સજ્જ કરી તેમાં કયવન્નાને સુવાડયો. સ્નેહથી ચાર રત્નો ચાર લાડવામાં નાંખી વસ્ત્રને છેડે બાંધી જે જગ્યાએથી ખાટલો લાવેલો હતો તે જગ્યાએ તેઓએ મુકયો. કુદરતના યોગથી તેજ દિવસે તેજ સાર્થવાહ ત્યાં આવી ઉતર્યો. સમાચાર જાણી તેની સ્ત્રી ત્યાં આવી જુએ છે તો પ્રથમની માફક પતિને ખાટલામાં સુતેલો દેખ્યો. કયવન્નો જાગ્યો તે વખતે પુત્ર સહિત સ્ત્રીને દેખી ચિંતવવા લાગ્યો કે આ તે સ્વપ્ન છે કે ઈંદ્રજાળ છે. આશ્ચર્યની વાત છે કે, કોઈ દેવ અગર મનુષ્ય મને અહીં મુકી ગએલ છે. આવી ચિંતાવાળા કયવન્નાને તેની સ્ત્રી ઘેર લઈ ગઇ અને પૂછ્યું કે પરદેશ જઇ શું ઉપાર્જન કરી લાવ્યા? તે સાંભળી લજ્જા પામવાથી તેણે નીચું જોઇ મૌન ધારણ કર્યું. ચાર લાડવામાંથી એક લાડવો પુત્રને આપ્યો, તે લઈ તે નિશાળે ગયો. લાડવાનું ભક્ષણ કરતાં એક અમુલ્ય રત્ન નીકળ્યું. તે રત્નને જળકાન્ત રત્ન તરીકે જાણવાથી એક કંદોઇએ તે બાળકને કાંઈ ખાવાનું આપી લઇ લીધું અને ગુપ્ત રાખ્યું. કયવન્નો પણ પોતે ભક્ષણ કરેલ લાડવામાંથી નીકળેલ રત્નને દેખી આનંદ પામ્યો.

એક વખત શ્રેણિક મહારાજાનો સેચનક નામનો પટ્ટહસ્તિ નદીમાં પાણી પીતો હતો, તે વખતે જળચર જીવે તેને પકડયો. સેવકના મુખથી વાત સાંભળી રાજાએ અભયકુમારને જણાવ્યું. બુદ્ધિનિધાન અભયકુમારે ભંડારમાં જળકાન્ત રત્નની શોધ કરી, પરન્તુ મળ્યું નહિ. તેણે નગરમાં પટહ વગડાવ્યો કે જે માણસ જળકાન્ત રત્ન લાવીને આપશે તેને રાજા અર્ધ રાજ્ય સાથે પોતાની પુત્રી પરણાવશે. કંદોઇએ પટહ ગ્રહણ કર્યો અને રાજાને જળકાન્ત રત્ન આપ્યું. જળકાન્ત

રત્ન હસ્તિ પાસે નાંખવાથી પાણીના બે ભાગ પડી ગયા, જેથી જળતંતુ હસ્તિને છોડીને જળમાં જતો રહ્યો. રાજા હાથી ઉપર બેસી મહેલમાં ગયો અને અભયકુમારને કહ્યું કે કંદોઇને રાજપુત્રી કેમ પરણાવાય? અભયકુમારે જવાબ આપ્યો કે જેનું આ રત્ન છે તેને હું પ્રગટ કરીશ. પછી અભયકુમારે કંદોઇને કહ્યું કે સાચું બોલ? આ રત્ન ક્યાંથી લાવ્યો? જુઠું બોલીશ તો મરણ થશે. કંદોઇએ ભય પામીને સર્વ વૃત્તાંત કહ્યો. રાજાએ મનોરમા નામની પોતાની પુત્રી કયવન્ના શેઠને પરણાવી અને પહેરામણીમાં અર્ધ રાજ્ય આપ્યું. કંદોઇને પણ એક કન્યા પરણાવી અને કાંઈ આપી તેનું સન્માન કર્યું. કયવન્નાએ પોતાનું બાર વર્ષનું વૃત્તાંત અભયકુમારને કહી જણાવ્યું કે આ નગરમાં મારી ચાર સ્ત્રીઓ પુત્ર સહિત છે ને તે સર્વને હું જોવાથી ઓળખી શકું છું, પરન્તુ ઘરની ખબર નથી. અભયકુમારે કહ્યું કે હું તે સર્વેને પ્રકટ કરીશ. મંત્રીશ્વરે એક પ્રાસાદ કરાવ્યો તેમાં કયવન્નાની મૂર્ત્તિ લેપમય સ્થાપન કરી તેનું નામ યક્ષમૂર્ત્તિ રાખ્યું. નગરમાં પટહ વગડાવ્યો કે સર્વ સ્ત્રીઓએ પુત્રસહિત યક્ષને નમસ્કાર કરવા આવવું. સર્વ સ્ત્રીઓ પુત્રસહિત એક દ્વારથી પ્રવેશ કરી, યક્ષને નમસ્કાર કરીને બીજા દ્વારથી નીકળવા લાગી. તે વૃદ્ધા સ્ત્રી પણ પોતાની પુત્ર વધુઓ અને પૌત્ર સહિત ત્યાં આવી. કયવન્નાએ તેને ઓળખી અભયકુમારને બતાવી. ચારે પુત્રો યક્ષની મૂર્ત્તિ જોઈ બાપા બાપા કહેવા લાગ્યા. કોઈ ખોળામાં જઈ બેઠો, કોઈ મુછો ખેંચવા લાગ્યો, કોઈ ખાંધ ઉપર ચડી બેઠો, કોઈ દાઢી ઉપર હાથ નાંખવા માંડયો. અભયકુમારે કહ્યું કે આ પુત્રો અને સ્ત્રીઓ તારી છે, પછી તે વૃદ્ધાને ઘેર જઈ બધું કયવન્નાને સોંપ્યું. કયવન્નાએ પછી અનંગસેના વેસ્યાને પણ સ્ત્રી તરીકે રાખી. એ મુજબ તેને કુ

સાત સ્ત્રીઓ થઇ. પ્રિય વાંચક! વેશ્યાના સંગથી કયવન્નો કેટલા તિરસ્કાર અને પરાભવને પામ્યો તે વિચાર કરજો. કયવન્નો તો પુણ્યશાળી હતો, તેથી પોતાની પ્રથમની ખરાબ ચાલ સુધારી શક્યો અને છેવટે વીર ભગવાનના વચનામૃતનું પાન કરી દેવલોકને પ્રાપ્ત થયો. દરેક માણસો તેવા ભાગ્યશાળી હોતા જ નથી. તાત્પર્ય કે દરેક જીવોએ વેશ્યાના સંગનો ત્યાગ કરી આ લોક તેમજ પરલોકમાં સુખી થવાનો યત્ન કરવો તે હિતકારક છે.

પાપર્દ્ધિ ૫.

હે માનવ! તું જરા વિચાર કર અને સમજ કે શીકાર તે દુનિયામાં એક અદ્વિતિય પાપવ્યસન છે, તેથી કરૂણાના સમુદ્ર મહાન્ પુરૂષો પોકારી પોકારીને કહે છે કે હે દયાળુ જીવો! સમગ્ર જીવો બાંધવ સમાન હોવાથી શીકાર કરવામાં મહા પાપ છે, તેથી તેને ત્યજો, નિન્દો અને ધિક્કારો તથા દયા ધર્મનું પાલન કરો. પ્રબળ પાપકર્મ ઉપાર્જન કરી ભવાન્તરમાં નરકગતિના પરોણા થવાનો નિશ્ચય કરી બેઠેલા શીકારી દુષ્ટ લોકોને શીકાર કરી જીવોનો ઘાત કરતાં પ્રથમ વિચાર કરવો જોઇએ કે, હે દુષ્ટ, પાપિષ્ટ ચેતન! હે કનિષ્ટ આત્મા! તું જરા ચક્ષુ ઉઘાડી જોતો ખરો, જરા હૃદય ખોલી વિચાર કરકે એક કાંટો, કાંકરો કે પથ્થર તને વાગે છે ત્યારે તથા તને ઠોકર લાગે છે તેમજ બીજી વસ્તુઓથી આઘાત થાય છે તે વખતે તું બેચેન થઈ વિહ્વળ થાય છે, એટલુંજ નહિ પરન્તુ

તમ્મર, ચક્કર, ફેર આવવાથી તને કેટલી મહા વેદના થાય છે. અરે! વાગવાની વાત તો દુર રહી, પરન્તુ કોઈ પણ માણસ તને એક ગાળ આપે છે તો તું તેને ઉલ્ટી સો ગાળો દઇ તેના ઉપર જીંદગીપર્યંત વેરભાવને ધારણ કરે છે. તાત્પર્ય કે એક ગાળથી પણ તને મરણ કરતાં અધિક પીડા થાય છે, તો જે બીચારાં નિરપરાધી પ્રાણીઓ ઘાસ પાણીનું ભક્ષણ કરી, ટાઢ તડકાને સહન કરી, કોઇ પણ માણસનું નહિ બગાડીને સ્વચ્છંદતાથી વગડામાં ફરે છે, તે પ્રાણીઓ ઉપર તરવાર, ભાલા, બરછી તથા કાતર વિગેરે શસ્રોના પ્રહાર કરીધા કરી તેઓને મારી નાંખવામાં આવે છે, તે વખતે તેઓને કેટલું બધું દુ:ખ થતું હશે? આ મુજબ વિચાર કરનાર માણસ કદી પણ શીકાર કરેજ નહિ, પરન્તુ મૂઢ જીવો, પરજીવોને શસ્રની પ્રહાર કરતાં તથા પ્રાણથકી રહિત કરતાં તેઓને કેટલું દુ:ખ થતું હશે તેના જ્ઞાનરહિત હોય છે, તેથી તે મહા પાપીષ્ટ જીવો, બીજા જીવોના ઘાત કરી, પોતાના આત્માને કર્મથી ભારે કરી, દુર્ગતિના ભજનારા થાય છે. શીકાર કરનારા અનેક જીવો, પ્રાણીઓના વધ થકી દરેક ભવમાં દુ:ખના સમુદ્ર રૂપ દુર્ગતિમાં ડુબેલા છે, તેવી રીતે શાસ્રકારો સ્થળે સ્થળે પ્રત્યક્ષ દેખાડે છે, છતાં પણ જીવોના નાશ કરનારા ઘાતકી લોકો શીકારની જાળમાં બીજાને ફસાવવાથી દુર થતા નથી, તે કદાપિ નરકાદિ ગતિથી પાછા હઠતાજ નથી.

દરેકનો આત્મા સરખોજ છે, સમાન બળવાળો છે. કેટલાક માણસો નિડરપણે શીકાર ત્યાગ કરવાનો જીવોને બોધ કરે છે, ત્યારે કેટલાક જીવો અમુક બાળક છે, રાજા છે, પૈસાપાત્ર છે, તેજસ્વી છે; માટે તેને શીકાર ત્યાગ કરવાનું આપણાથી કેમ કહી શકાય એમ

ચિન્તવન કરી મૌન વૃત્તિ ધારણ કરે છે. આ કાળમાં એ મુજબ પુ-શામતીઆ ઘણા જોવામાં આવે છે, પરન્તુ નિડરપણે યથાર્થ રીતે સ્પષ્ટવક્તા બહુ જુજ મળી આવે છે. સમગ્ર જીવોનો બચાવ કરવા તૈયાર થયેલા અને પોતાના બંધુ શ્રીમાન્ શોભનમહારાજથી પ્રતિ-બોધ પામેલ તેમજ વ્રતધારી શ્રાવકોમાં અગ્રેશ્વરી પરમાર્હત્ ધનપાળ પંડિતે મરણના ભયથી પણ ન ડરતાં ભોજરાજાનો તીરસ્કાર કરી શીકાર કરવાથી તેને નિવાર્યો હતો.

दृष्टान्तो यथा.

એક વખતે ભોજરાજા શીકાર કરવા ચાલ્યો, ત્યારે ધનપાળ પં-ડિતની ઇચ્છા નહોતી તોપણ બળાત્કારથી તેને સાથે લીધો. વગડામાં એક બાણનો પ્રહાર હરણને કરવાથી તે ભૂમિ ઉપર પડી તરફડવા લાગ્યું, ત્યારે ભોજ રાજાએ પંડિતને પૂછ્યું કે આ હરણ કેમ તરફડે છે? ભોજ રાજાનાં આ વાક્યને શ્રવણ કરી, દયાથી જેનું રોમેરોમ ઉસ્કેરાઇ ગયું હતું એવો ધનપાળ રાજાનો તીરસ્કાર કરી કહેવા લાગ્યો. यतः

रसातलं यातु तदत्र पौरुषं कुनीतिरेषाऽशरणोह्यदोषवान् ।
निहन्यते यद् बलीनाऽतिदुर्बलो हहा [illegible]मराजकं जगत् ।१।

ભાવાર્થ—જ્યાં બળવાન્ પુરૂષથી અતિ દુર્બળ, દોષ વિનાનો, અશરણ જીવ હણાય છે એવી કુનીતિ—અન્યાય છે, એવું તારૂં

આ પરાક્રમ રસાતળને પામો, અર્થાત્ નાશ પામો. હાહા, મહાન્ કષ્ટની વાત છે કે જગત્ રાજા વગરનું છે તાત્પર્ય કે કોઇ ન્યાય કરનાર વીર પુરૂષ નથી. तथा-

पदेपदे सन्ति भटा रणोत्कटा न तेषु हिंसारस एष पूर्यते ।
धिगीदृशं ते नृपते कुविक्रमं कृपाश्रये यः कृपणे मृगे मयि ।।२।।

ભાવાર્થ—હે રાજન્! તારા આવા ખરાબ પરાક્રમને ધિક્કાર છે, કેમકે પગલે પગલે રણસંગ્રામ કરવાને ઉત્સુક એવા યોદ્ધાઓ છે, તેમને વિષે તારો આ શીકાર પૂર્ણ થતો નથી કે દયાના સ્થાનભૂત ગરીબ એવા હું હરણમાં તું હિંસારસને ધારણ કરે છે, અર્થાત્ મારો વધ કરે છે. अपि च.

वैरिणोऽपि हि मुच्यन्ते प्राणान्ते तृणभक्षणात् ।
तृणाहाराः सदैवैते हन्यन्ते पशवः कथम् ॥ ३ ॥

ભાવાર્થ—પ્રાણના અન્ત વખતે પણ તૃણને મુખમાં અંગીકાર કરવાથી વૈરિઓને પણ છોડી દેવામાં આવે છે, તો હમેશાં તૃણનોજ આહાર કરનારાં એવાં તે પશુઓનો વધ કરી શકાયજ કેમ ?

આ રીતે હરણ તરફડીઆં મારીને જણાવે છે. આ રીતે સાંભળી રાજા ધનપાળ ઉપર ઘણોજ કોપાયમાન થયો, પરન્તુ પછીથી તેની વિદ્વતા અને શીઘ્રકવિત્વશક્તીવડે કરેલી પોતાની સ્તુતિથી રંજન થઇ ભોજરાજાએ સર્વ પ્રકારે શીકારનો ત્યાગ કર્યો.

આ વખતમાં તેવા પુરૂષો ક્વચિતજ હોય છે, છતાં પણ મહાત્માઓના દૃષ્ટાન્તથી જે ઉત્તમ માણસો સમજે છે તેની બલીહારી

છે. શીકાર કરનારા જીવો પોતાના આત્માને હિંસારૂપ પાપ કર્મથી ભારે કરી દુર્ગતિને પામે છે, માટે એકાન્ત દુઃખદાયક શીકારનો ત્યાગ કરી, દયા ધારણ કરી, કોઇ પણ જીવોનો કદીપણ ઘાત કરવો નહિ, એવો નિયમ કરવો તેજ મનુષ્યજન્મ પામ્યાનું સાર્થક છે.

चोरी—६

વિચારશીલ સુજ્ઞ વાંચક! ચોરી કરવા સમાન એક પણ ખરાબ વ્યસન નથી, પારકી વસ્તુ તેમજ વસ્ત્ર, પાત્ર, ધન વિગેરેના હરણ કરનાર ચોરો ઘણા પ્રકારના કષ્ટને પામે છે. શાસ્ત્રકાર મહારાજા ચોરીને સમગ્ર દોષના નિમિત્તભૂત કહે છે. ચોરી કરનારા જીવો આલોક તથા પરલોક બન્ને થકી ભ્રષ્ટ થઇ ભવાટવીમાં પરિભ્રમણ કરે છે, તેથી પોતાનું હિત ઇચ્છનારા જીવોને ચોરી કરવી લાયક નથી. ચોરી કરવાથી અનેક પ્રકારના ગેરફાયદા થાય છે. उक्तं च योगशास्त्रे.

चौर्यपापद्रुमस्येह वधबन्धादिकं फलम्।
जायते परलोके तु फलं नरकवेदना ॥ १ ॥

ભાવાર્થ—ચોરીરૂપ પાપવૃક્ષનું ફળ આલોકમાં વધબન્ધાદિક છે અને પરલોકમાં નરકની વેદનારૂપ ફળ પ્રાપ્ત થાય છે.

दिवसे वा रजन्यां वा, स्वप्ने वा जागरेऽपि वा ।
सशल्य इव चौर्येण नैति स्वास्थ्यं नरः क्वचित् ॥२॥

ભાવાર્થ—જેમ શલ્યવાળો જીવ દિવસે અથવા રાત્રે, સ્વપ્નમાં

અથવા જાગતાં શાન્તિને પામતો નથી, તેમ ચોરીથી પણ જીવ કોઇ ઠેકાણે સ્વસ્થભાવને પામતો નથી.

ઉત્તમ જીવોએ પારકી વસ્તુ ચોરીને લેવી યુક્ત નથી. કોઇની વસ્તુ પડી ગઇ હોય, વિસ્મરણ થએલી હોય, નષ્ટ થઇ હોય તથા થાપણ મૂકેલી હોય તો તે વસ્તુ પણ લેવી લાયક નથી. કિં બહુના! સમજુ જીવોએ કોઇના આપ્યા વિના તૃણ તુષનો પણ સ્પર્શ કરવો યુક્ત નથી. વૈરવૃત્તિથી કોઇના પુત્ર, પૌત્રાદિકને મારી નાંખવાથી તેને થોડા વખત સુધી દુઃખ થાય છે, પરન્તુ જેનું ધન હરણ થાય છે તેને જીંદગી સુધી દુઃખ થાય છે. શાસ્ત્રકારો ધનને અગીઆરમો પ્રાણ કહે છે, કેમકે ધન નાશ પામતાં દશે પ્રાણો સાથે નાશ પામે છે; તેથી ચોરી કરી જીવવું સારૂં નથી, પરન્તુ મરવું બહેતર છે. **यतः**

वरं वह्निशिखा पीता सर्पास्यं चुम्बितं वरम् ।
वरं हालाहलं लीढं परस्य हरणं न तु ॥ १ ॥

ભાવાર્થ—અગ્નિની શિખાનું પાન કરવું સારૂં, સર્પના મુખને ચુમ્બન કરવું સારૂં અને હાલાહલ-ઝેરનું ભક્ષણ કરવું સારૂં, પરન્તુ પારકું ધન હરણ કરવું સારૂં નહિ.

કેટલાક મૂઢ જીવો ચોરી કરી તેમાંથી થોડું દ્રવ્ય સારા માર્ગે ખર્ચી એમ માને છે કે ચોરીથી થએલું પાપ નાશ પામશે, પરન્તુ આવા અવિચારી જીવોની મુર્ખતા ઉપર હાસ્ય કરી તેમનું નિષ્ફળપણું પ્રગટપણે શાસ્ત્રકાર મહારાજ કહે છે. **उक्तं च सिद्धांते.**

हरिऊण परदव्वं पूयं जो करेइ [illegible]रिंदाणम् ।
दहिऊण चंदणतरु कुणइ अंगारवाणिज्जं ॥ १ ॥

ભાવાર્થ—પરંતુ દ્રવ્ય હરણ કરીને જે જિનેશ્વર ભગવાનની પૂજા કરે છે, તે ચંદનવૃક્ષને બાળી કોલસાનો વેપાર કરે છે. હાલમાં પરદ્રવ્ય હરણ કરી દયા, દાન, દેવપૂજા, ગુરૂભક્તિ વિગેરેમાં ધન ખર્ચનારા કેટલાક જીવો દેખાય છે, તેઓને ખબર નથી કે પારકું સોનું, રૂપું, હીરા, મણિ, માણિક્ય, મોક્તિક, વસ્ત્ર, વસ્તુ, પાત્ર, ધન, ધાન્ય વિગેરે ચોરનારનું કોઇપણ ભવમાં કલ્યાણ થતું નથી, તો આ ભવમાં ચોરી કરી ધર્મ કરવાથી કલ્યાણ કેમ થશે? પાપ પણ કેવી રીતે નાશ થશે? અર્થાત્, થવુંજ નથી, કેવળ પાપ કર્મજ વધતું જાય છે. ચોરીરૂપી કાદવમાં હાથ ઘાલી કાંઇક પુણ્ય કરી તેને ધોવા જેવું કરવું તેના કરતાં હાથ ઘાલવોજ લાભદાયક નથી. ચોરી કરી ધન વાપરનાર માણસ શુદ્ધ થતો નથી, પરન્તુ ડુબે છે.

ચોરી કરનાર ગુણોથકી ભ્રષ્ટ થાય છે, વિદ્યાથકી રહિત થાય છે, કીર્ત્તિ તથા કાન્તિથી હીન થાય છે, રાત્રિદિવસ ઝુર્યા કરે છે, સ્વપરના હિતને જાણતો નથી, માતા પિતા પુત્ર કલત્ર વિગેરેને હણે છે, નિરન્તર ચિન્તાગ્નિથી બળ્યાજ કરે છે, કોઇનો ઉપકાર કરી શકતો નથી, કોઇની દાક્ષિણ્યતા રાખતો નથી, અનેક કુકર્મો કરે છે, નિરન્તર ચોરીમાંજ રક્ત હોય છે, મુખે મીઠો અને અંતરમાં ધીઠો હોય છે, દયાથી રહિત હોય છે, યારીજારીમાં તત્પર હોય છે, દિવસે ધંધો કરી રાત્રે ખાતર પાડે છે, સાતે વ્યસનો સેવનાર હોય છે, દેવ-ગુરૂધર્મનો દ્રોહી બને છે, કેવળ કુમતિવાળો હોય છે, જગતમાં નિન્દાય છે, અધિકારીઓથી દંડાય છે, શુળીએ ચડે છે, તેના કાન-નાક છેદાય છે, હાથપગ કપાય છે, કોઇના વિશ્વાસપાત્ર બનતો નથી, તેનો કોઇ માલિક હોતો નથી, તેનું હિત કોઇ ચિન્તવતું નથી,

તેનું મુખ કોઇ જોતું નથી, લોકોમાં ધિક્કાર અને ફિટકારને પામે છે, તેનો માતાપિતા બાંધવાદિક વિશ્વાસ કરતા નથી અને તેની સાથે સમ્બન્ધ રાખતા નથી. ચોરી કરનારને વધ, બંધન, તાડના, તર્જનાદિક થાય છે, તે સદ્‌ગતિ પામતો નથી, આલોકમાં બહુજ કષ્ટ પામે છે અને પરલોકમાં નરક, નિગોદ, તિર્યંચ વિગેરેમાં જાય છે. તે ભવ સમુદ્રમાં ડુબે છે અને ઘણો કાળ સંસારમાં રખડે છે. તે બોધિબીજ પામતો નથી. ઉપર જણાવેલાં કારણોથી ઉત્તમ જીવોએ સ્વપ્નમાં પણ ચોરીની ઇચ્છા કરવી યુક્ત નથી, આ કારણોથી શાસનનેતાઓએ કથન કરેલ દુર્ગુણો યુક્ત ચોરીને ત્યાજ્ય કરવી યોગ્ય છે. ચોરી કર્યા વગર શક્તિમુજબ ધર્મમાં ધન વાપરવું યુક્ત છે, ન હોય તો ન વાપરવું અને ફક્ત ભાવનાજ રાખવી સારી છે, પરન્તુ પારકું પ્રાણરૂપ દ્રવ્ય ચોરીથી લઇને ધર્મમાર્ગમાં વાપરવું સારૂં નથી. ચોરીનું દ્રવ્ય સારા કાર્યમાં વાપરવાનો શાસ્ત્રકારો નિષેધજ કરે છે. ખરચેલું દ્રવ્ય ફોકટ જાય છે અને ચોરી કરનાર સંસારમાંજ પરિભ્રમણ કરે છે. ઉત્તમ જીવોએ તો સર્વપ્રકારે ચોરીનો ત્યાગ કરવોજ ઉચિત છે. છે. ચોરીનાં પચખ્ખાણ કરનારા જીવો ઘણા પ્રકારના ગુણોને પ્રાપ્ત કરે છે. કિંબહુના ! કર્મના યોગે પ્રથમ ચોરી કરનાર પરન્તુ સમજ્યા પછી પણ તેનો ત્યાગ કરનાર માણસ કેશરી ચોરની માફક સુખી થાય છે.

दृष्टान्तोयथा.

શ્રીપુર નગરમાં પદ્મનામનો શેઠ વસતો હતો, તેનો કેશરી નામનો પુત્ર નટ, વિટ, જુગારી વિગેરેની સોબતથી ચોરી કરતાં શીખ્યો.

હમેશાં ચોરી થવાથી લોકોએ રાજા પાસે ફરીયાદ કરી, રાજાએ કેશરીને પકડયો અને શેઠનો પુત્ર હોવાથી શાખામણ આપી છોડી દીધો, પરન્તુ તે ચોરી કરતાં હઠયો નહિ. હમેશાં ચોરીમાંજ રક્ત હોવાથી તેના પિતા પદ્મશ્રેષ્ઠિના વચનથી રાજાએ તેને નગર બહાર કાઢયો. રસ્તામાં ચાલતાં વિચારવા લાગ્યો કે હું આજે કયાં ચોરી કરીશ? મારો દિવસ નકામો જશે. પછી સરોવરની પાળ આગળના વૃક્ષ-ઉપર ચઢી ચારે બાજુ જોવા લાગ્યો, તે વખતે આકાશ માર્ગથી એક સિદ્ધપુરૂપ ઉતરતો તેણે દીઠો. તે આકાશગમન કરનારી પાવડીઓ પગમાંથી કાઢી બહાર મુકી સરોવરમાં સ્નાન કરવા લાગ્યો, તે વખતે કેશરી ચોર નીચે ઉતરી પાવડીઓ પગમાં ઘાલી આકાશ માર્ગે ચાલતો થયો. પાવડીઓ મળવાથી આકાશગમન કરનારો બન્યો તેથી તે નગરને વિષે લોકોના ઘરમાં વિશેષપ્રકારે ચોરી કરવા લાગ્યો, રાજાના અંતઃપુરમાં પણ ભમવા માંડયો. આ બનાવથી રાજા ખેદ પામી પોતે હથીઆર ધારણ કરી ચોરને શોધવા લાગ્યો. વગડામાં ફરતાં ફરતાં તેણે ચંડિકાનો પ્રાસાદ જોયો. ચંડિકાનું પૂજન કરેલું દેખી, ચોર અત્રે આવતો હોવો જોઇએ, એમ ધરી તે ગુપ્તપણે ત્યાં રહ્યો. હવે તે ચોર ત્યાં આવી પાદુકા ઉતારી દેવીને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, જો આજે મને ચોરીમાં ઘણુંજ ધન મળશે, તો તારી હમેશ કરતાં વિશેષ પ્રકારે પૂજા કરીશ. તે બહાર નીકળી પાવડીઓ પહેરવા લાગ્યો કે રાજાએ તેનો તિરસ્કાર કરી કહ્યું કે રેરે દુષ્ટ શિરોમણિ! આજે તું જીવતો નથી એમ ધારજે, એમ કહી તેને પકડવાનો પ્રયત્ન કર્યો. તે વખતે ભયથી વિહ્વલ થએલ તે ચોરે બન્ને પાવડીઓ રાજાના કપાળ તરફ ફેંકી. પીડા થવાથી રાજા જરા શાન્ત થયો એટલે ચોર નાસવા માંડયો. રાજાએ પોતાનાં

માણસોને કહ્યું કે ચોર નાસી જાય છે, તમે તેને જલ્દીથી પકડો. રાજાનાં વચને સાંભળી સુભટો તેની પાછળ દોડ્યા. રાજા પણ પાછળ પાછળ ગયો.

યોદ્ધાઓ સહિત રાજાએ પોતાની પુંઠ પકડેલી જાણી, ભયભીત થએલો ચોર વિચારવા લાગ્યો કે અહો ! આજે મારૂં પાપ પ્રગટ થયું. જીંદગી સુધી કરેલી ચોરીનાં કડવાં ફળો આજે સમકાળે મને પ્રાપ્ત થયાં. અન્યાય અધર્મ કરનારને કોઇ દિવસ વિચાર થતો નથી કે મ્હારાં પ્રબળ પાપકર્મો મને આ જીંદગીમાં પણ કોઇવખત અનર્થ કરશે. હા ! હવે હું કયાં જઉં, શું કરૂં, આ વગડામાં મને પાપીને શરણ પણ કોનું, અરે પરમાધામી સરખો રાજા મને નિશ્ચય કુતરાને મોતે મારશે. આ મુજબ વિચાર કરી દોડતા કેશરી ચોરે કાઉસગ્ગધ્યાનમાં રહેલા મુનિ મહારાજાને દીઠા. તેણે નમ્ર થઇ પાપ નાશ પામવાનો રસ્તો તેમને પૂછ્યો. ગુરૂમહારાજે ધ્યાન માર્ગ બતાવી શમતા ધારણ કરવાનું કહ્યું, તેથી કેશરી ચોરે ધ્યાન ધારણ કરી શમતાનું આલમ્બન લઇ એક ઠેકાણે સ્થિર થઇ ચિન્તવવા માંડયું કે, અહો! નાસ્તિકવૃત્તિવડે આ ભવમાં મેં મહા દુષ્કર્મ કર્યું, તે ઘોરકર્મ આભવ, પરભવ અને ભવોભવમાં પણ નાશ પામશે નહિ. આ ભવમાં તો મને અલ્પ ફળજ મળશે, પરન્તુ વિશેષ ફળતો નરક તિર્યંચાદિક ગતિરૂપ પ્રાપ્ત થશે. હાહા, મારા દુષ્ટ પાપીષ્ટ આત્માને વારંવાર ધિક્કાર છે, ફિટકાર છે. આવી રીતે આત્મનિન્દા કરતો શુકલધ્યાનમાં આરૂઢ થઇ ક્ષપકશ્રેણી કરી કેવળજ્ઞાન પામ્યો. દેવતાએ સાધુવેષ આપી કેવળીનો મહિમા કર્યો. રાજા પણ આવી, હની મુનિને દેખી આશ્ચર્ય પામી જોવા લાગ્યો. જ્ઞાની બોલ્યા કે હે રાજન્ !

વિચાર શું કરે છે કે આ અન્યાયી ચોરને કેવળજ્ઞાન કેમ ઉત્પન્ન થયું, પણ વીતરાગનાં વચન સત્ય છે કે શમતારૂપ સામાયિક અંગીકાર કરનાર જીવ ક્ષણમાત્રમાં કર્મનો નાશ કરે છે. મારે પણ તે મુજબ જ થયેલું છે. આ સર્વ પ્રતાપ શમતાનોજ છે. જ્ઞાનીનાં આવાં વચનો સાંભળી રાજાએ પણ સામાયિકનો નિયમ કર્યો અને કેવળી ભગવાનને વન્દન કરી ઘેર ગયો. કેશરી મુનિ પણ અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી સિદ્ધિપદને પામ્યા.

કેશરી ચોર ચરમશરીરી હોવાથી વ્યસની છતાં પણ દુઃખદ અવસ્થામાં મુનિ મળ્યા અને મુક્તિમાર્ગની સમજણ પડી, પરન્તુ તે વખતે જો તે ભારેકર્મી હોત તો રાજા તેને રીબાવીને મારત અને ભવાન્તરમાં દુર્ગતિ પામત તથા સંસારમાં રખડત. તે તદ્દભવમુક્તિગામી હોવાથી કરેલાં કર્મને શુભ અધ્યવસાયથી ક્ષીણ કરી કેવળજ્ઞાન પામ્યા. બલીહારી છે તે ઉત્તમ જીવોની કે જે કમ્મે શુરા તે ધમ્મે શુરા એ વચન સત્ય કરી બતાવે છે. હાલમાં તો કર્મમાં શુરવીરપણુંજ જોવામાં આવે છે, પરન્તુ ધર્મમાં તો મંદપણુંજ દેખાય છે. દરેક જીવોએ ધર્મમાં શુરવીર થઈ વિશેષે કરી ચોરીને ત્યાગ કરવી અને જ્ઞાની મહારાજનાં વચનનો આદર કરવો. ચોરી કરનાર આલોક અને પરલોકમાં મહા દુઃખ પામે છે, ત્યારે તેનો ત્યાગ કરનાર સુજ્ઞ જીવ મહાસુખને મેળવે છે, તેમજ કીર્ત્તિ, કાન્તિ, બુદ્ધિ અને નાના પ્રકારની સમૃદ્ધિને પામે છે. વિશેષપ્રકારે યશ, સાધુવાદ અને આદરમાનની તેને વૃદ્ધિ થાય છે અને વિપત્તિ, દુઃખ, દૌર્ભાગ્ય, દીનપણું વિગેરેનો વિનાશ થાય છે. ઇહલોકમાં વિવિધ સુખો અને પરલોકમાં દેવ, દેવેન્દ્ર, નરેન્દ્રપદની પ્રાપ્તિ તેને થાય છે એટલુંજ નહિ, પરન્તુ

સ્વલ્પકાળમાં કર્મશત્રુઓનો નાશ કરી અજરામરપદને તે પામે છે, માટે મન વચન અને કાયાવડે ચોરીનો ત્યાગ કરવો તેજ શ્રેયસ્કર છે.

परस्त्री. ७

શ્રીમાન્ શાસ્ત્રકાર મહારાજ સ્ત્રીને એકાન્ત અનર્થની ખાણ કહે છે. સ્ત્રીનું સેવન તે દુરંત દુઃખદાયી છે તેમાં પણ પરસ્ત્રીના સેવનથી થતા દુઃખની તો સીમાજ નથી. પરસ્ત્રી સેવનારા આભવ, પરભવ અને ભવોભવને વિષે ઘણાજ દુઃખી થાય છે. સ્ત્રીઓમાં મોહ પામી તેને આધીન થતા પહેલાં શાસ્ત્રોમાં જણાવેલ સ્ત્રીઓના અવગુણોનું ચિન્તવન કરવું કે, જેથી તેઓના પાસથી મુકાઇ સુખ મળી શકે. यतः

अनृतं साहसं माया मूर्खत्वमतिलोभता ।
अशौचं निर्दयत्वं च स्त्रीणां दोषाः स्वभावजाः ॥१॥

ભાવાર્થ—જુઠું બોલવું, સાહસ કરવું, માયા-કપટ કરવું. મૂર્ખપણું, અતિલોભિષ્ટપણું, અપવિત્રતા અને નિર્દયપણું, આ દોષો સ્વભાવથી સ્ત્રીઓમાં ઉત્પન્ન થયેલા હોય છે. અર્થાત્ ઉપરોક્ત દોષ સ્ત્રીઓમાં જન્મથીજ રહેલા હોય છે.

स्त्रियो ह्यकरुणाः क्रूरा दुर्मर्षाः प्रियसाहसाः ।
घ्नन्त्यल्पार्थेऽपि विश्रब्धं पतिं भ्रातरमप्युत ॥ २ ॥

ભાવાર્થ—સ્ત્રીઓ નિશ્ચયે કરૂણારહિત, ઇર્ષ્યા, અને સાહસ-કર્મમાં પ્રીતિવાળી હોય છે, તેઓ થોડાપણ સ્વાર્થને માટે વિશ્વાસ કરનાર પોતાના સ્વામીને અથવા બન્ધુને પણ મારી નાંખે છે.

अन्तःक्रूराः सौम्यमुखा अगाधहृदयाः स्त्रियः ।
अन्तर्विषा बहिःसौम्या भक्ष्या विषकृता इव ॥ ३ ॥

ભાવાર્થ—સ્ત્રીઓ અંતઃકરણથી ક્રૂર, સૌમ્યમુખવાળી અને અગાધહૃદયવાળી હોય છે. વિષમિશ્રિત ભક્ષ્યની માફક હૃદયમાં ઝેર રાખીને બહારથી શાન્ત દેખાવને ધારણ કરે છે.

जल्पन्ति सार्धमन्येन पश्यन्त्यन्यं सविभ्रमम् ।
हृदये चिन्तयत्यन्यं प्रियः को नाम योषिताम् ॥ ४ ॥

ભાવાર્થ—સ્ત્રીઓને કોણ પ્રિય હોય છે? કેમકે એકની સાથે બોલે છે, અન્યને વિભ્રમ સહિત જુએ છે અને હૃદયમાં અન્યનું ચિન્તવન કરે છે. તાત્પર્ય કે સ્ત્રીઓને કોઇ વહાલું હોતુંજ નથી.

ताडिता अपि दण्डेन शस्त्रैरपि विखण्डिताः ।
न वशं योषितो यान्ति न दानैर्न च संस्तवैः ॥ ५ ॥

ભાવાર્થ—સ્ત્રીઓ દંડવડે તર્જના પામી છતી, શસ્ત્રોથી પણ ખંડન થઈ છતી, તેમજ દાનવડે અને સ્તુતિ કરવાથી પણ વશ થતી નથી. તાત્પર્ય કે તેઓ સ્વછંદચારીજ હોય છે.

न दानेन न मानेन नार्जवेन न सेवया ।
न शस्त्रेण न शास्त्रेण सर्वथा विषमाः स्त्रियः ॥ ६ ॥

ભાવાર્થ—દાનથી નહિ, માનથી નહિ, સરળપણાથી નહિ, સેવાથી નહિ, શસ્ત્રથી નહિ તેમજ શાસ્ત્રથી પણ સ્ત્રીઓ વશ થતી નથી, કેમકે તેઓ સર્વ પ્રકારે ઉલ્ટીજ ચાલનારી હોય છે.

उत्तमानामपि स्त्रीणां विश्वासो नैव विद्यते ।
राजप्रियाः कैरविण्यो रमन्ते मधुपैः सह ॥ ७ ॥

ભાવાર્થ—ઉત્તમ એવી સ્ત્રીઓનો પણ વિશ્વાસ કરવો નજ જોઇએ, કેમકે ચંદ્રને વહાલી એવી કુમુદિની પણ ભમરાઓ સાથે રમે છે.

या हि शश्वद्बहुमन्ता रक्ष्यन्ते दयिताः स्त्रियः ।
अपि ताः सम्प्रसज्जन्ते कुब्जान्धजडवामनैः ॥ ८ ॥

ભાવાર્થ—જે વહાલી સ્ત્રીઓનું હમેશાં બહુમાન કરી રક્ષણ કરવામાં આવે છે, તેઓ પણ કુબ્જ, અન્ધ અને વામન પુરૂષોનો સંગ કરે છે.

समुद्रवीचीव चलस्वभावाः संध्याभ्रलेखेव मुहूर्तरागाः ।
स्त्रियो हृतार्थाः पुरुषं निरर्थं निष्पीडितालक्तकवत्त्यजन्ति ।९

ભાવાર્થ—સમુદ્રના મોજા સમાન ચંચળ સ્વભાવવાળી, સન્ધ્યાકાળનાં વાદળાની રેખા માફક ક્ષણરાગવાળી અને પૈસાને હરણ કરનારી સ્ત્રીઓ ધનવિનાના માણસનો અંગઉપર લગાવેલ અલતાની જેમ ત્યાગ કરે છે.

स्त्रियो हि मूलं निधनस्य पुंसः स्त्रियो हि मूलं व्यसनस्य पुंसः ।
स्त्रियो हि मूलं नरकस्य पुंसः स्त्रियो हि मूलं कलहस्य पुंसः ।

ભાવાર્થ—સ્ત્રીઓ પુરૂષના મરણુના નિમિત્તભૂત છે, સ્ત્રીઓ પુરૂષના દુઃખના કારણભૂત છે, સ્ત્રીઓ પુરૂષને નરકગતિમાં જવાના હેતુભૂત છે અને સ્ત્રીઓ પુરૂષને ક્લેશ ઉપજાવવાના નિમિત્તભૂત છે.

सम्मोहयन्ति मदयन्ति विडम्बयन्ति
निर्भर्त्सयन्ति रमयन्ति विषादयन्ति ।
एताः प्रविश्य सदयं हृदयं नराणां
किं नाम वामनयना न समाचरन्ति ॥ ११ ॥

ભાવાર્થ—સ્ત્રીઓ પુરૂષોના દયાવાળા હૃદયમાં પ્રવેશ કરીને મોહ પમાડે છે, અહંકાર કરાવે છે, વિડમ્બના પમાડે છે, તિરસ્કાર કરાવે છે, રમાડે છે અને ખેદ કરાવે છે. અરે! સ્ત્રીઓ શું આચરણ કરતી નથી ? અર્થાત્ તેઓ દરેક આચરણ કરે છે.

ઉપર મુજબ સ્ત્રીઓનાં દુષણો કથન કરી શાસ્ત્રકારો લોકોને સમજાવે છે. આ ઉપરથી પરસ્ત્રીનો ત્યાગ કરવો હિતકારક છે. અન્યદર્શનકારો પણ પરસ્ત્રીનો સર્વથા નિષેધ કરે છે. **उक्तं चान्यत्रापि.**

परदारपरद्रव्यपरद्रोहपराङ्मुखः ।
गङ्गा ब्रूते कदागत्य मामयं पावयिष्यति ॥ १२ ॥

ભાવાર્થ—ગંગા (નદી) કહે છે કે પરસ્ત્રી પરદ્રવ્ય અને પરદ્રોહથી પરાઙ્મુખ–ત્યાગ કરનાર એવો જે માણસ છે, તે અત્રે ક્યારે આવીને મને પવિત્ર કરશે.

વિવેચન—કેટલીક સ્ત્રીઓ અનર્થની ખાણ છે. વિષની વેલડી જેવી છે, ભવવૃદ્ધિના બીજરૂપ છે, હાલાહલ ઝેર સદૃશ છે, વિષટ-

ક્ષની ક્યારી સમાન છે, કપટની પેટી રૂપ છે, ગુફા વગરની વાઘણ જેવી છે, અસત્યના ખજાનારૂપ છે, ક્લેશનું મૂલ છે, શોકના સ્થાનરૂપ છે, દુઃખની ખાણ જેવી છે, નામ વગરની વ્યાધિરૂપ છે, વિષ વિનાની નાગણ સદૃશ છે, ક્ષીણ રાગવાળા સંધ્યાના રંગ સરખી છે, નદીની માફક નીચ પ્રત્યે ગમન કરનારી છે, બીજના ચંદ્રમાની રેખા સમાન વક્ર છે, પાણીના પરપોટાની માફક ચંચળ છે, ક્રોધ અને માનથી ભરેલી હોય છે, માયા તથા લોભથી વીંટાએલ હોય છે, સાહસ કરવામાં શૂરવીર હોય છે, અશુચિની ખાણજ છે, મુર્ખમાં શિરોમણિ હોય છે, હૃદયમાં ઝેરને ધારણ કરી મુખે અમૃત જેવું બોલનાર હોય છે, મનુષ્યોને બાળવા માટે અગ્નિરૂપ છે, મનુષ્યોને ડસવાને સાપણ સમાન છે, તેઓને ડંખ દેવાને વીંછીના આંકડા સમાન છે, તેઓનું ભાન ભૂલાવી નાંખનાર હોય છે, દેવદાનવોને પણ ઠગે છે, માની પુરૂષોનું માન મર્દન કરે છે, જ્ઞાનીઓનું જ્ઞાન ખંડન કરે છે, ધ્યાનીઓનું ધ્યાન તોડે છે, વિષયાગ્નિથી ભરેલી હોઇને કુળક્રમને ઉલ્લંઘન કરે છે, વિષયાંધપણાથી કુકર્મ કરે છે અને માતા પિતા, પુત્ર તથા પતિનો ઘાત કરે છે. સ્ત્રીઓ મનથી એકને ચાહે છે, વચનથી અન્યની સાથે બોલે છે, હૃદયમાં અન્યનું ચિન્તવન કરે છે, ચક્ષુથી અન્યને જુએ છે, ત્યારે ભોગ અન્યની સાથે ભોગવે છે કિં બહુના! સ્ત્રીઓ અનર્થની ખાણ સમાનજ હોય છે. ચંદ્ર, સુર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાની ગતિ જાણી શકાય છે. પાણીમાં માછલાંની ગતિ જાણી શકાય છે, આકાશમાં ઉડતાં પક્ષીઓની ગતિ જાણી શકાય છે, વાઘ તથા સર્પને પકડી શકાય છે, પરન્તુ સ્ત્રીઓનાં ચરિત્રોને જાણી શકાતાં નથી. કુદરતથીજ સ્ત્રીઓ યમનીજીહ્વા, અગ્નિની જ્વાલા અને હલાહલ વિષ વડેજ બનેલી હોય છે. ચંદ્ર ઉષ્ણ થાય

સુર્ય શીતલ થાય, સમુદ્ર મર્યાદા મુકે, પૃથ્વીપીઠ ઉંધું થાય, સજ્જન દુર્જન થાય, સતીઓ સત્ય મુકે તોપણ સ્ત્રીઓનું મન કોઇ વશ કરી શકતું નથી.

કામથી વિહ્વલ બનેલી સ્ત્રીઓ જે કર્ત્તવ્યો કરે છે તેનો અંશ માત્ર પણ કોઇથી કહી શકાય તેમ નથી. ઇંદ્રિયના પ્રકોપને ધરનારી સ્ત્રીઓ પુરૂષોના હૃદયને બાળે છે તે મુજબ અગ્નિની જાજ્વલ્યમાન જ્વાળા પણ બાળી શકતી નથી. નિરંકુશ સ્ત્રીઓથી જેટલું દુઃખ ઉત્પન્ન થાય છે, તેટલું સર્પ, વ્યાઘ્ર, અગ્નિરાજા પ્રમુખથી પણ થતું નથી. વિષયાંધ સ્ત્રીઓ ગુણ, ગૌરવ, કુલીન, અકુલીન, ઉત્તમ, નીચ, સુરૂપ અને કુરૂપ વિગેરે જોયા વિના મહાન્ અકાર્ય કરે છે. તેઓ માતપિતા અને સાસુ સસરાના ચંદ્રસમાન ઉજ્જવલ કુળને કામાન્ધપણાથી મલીન કરે છે. તેઓ રાજા સમાન માન પામેલો, કામદેવ સમાન રૂપવાન્ અને ધનદ સરખા ધનવાળા પતિનો પણ ઘાત કરી અન્યની સાથે રમે છે. સ્ત્રીઓ પુરૂષને ભેદવા માટે શૂલી સરખી, છેદવાને ખડ્ગ સરખી, કાતરવામાં કાતર સમાન અને વહેરવામાં કરવત સરખી હોય છે. પુરૂષો તેના તાબામાં રહે, તેને પોતાનું માંસ ખવરાવે, પોતાનું લોહી પીવરાવે અને પોતાના ચામડાના જોડા કરીને પહેરાવે તો પણ કુટિલગતિવાળી સ્ત્રીઓ પુરૂષોને આધિન થતી નથી. કદાચ વિષમાંથી અમૃત નીકળે, ઉખર ભુમિમાં ધ્યાન ઉગે, પથ્થર ઉપર કમળ પેદા થાય, આકાશમાંથી પુષ્પો પ્રાપ્ત થાય, વંધ્યાને પુત્ર થાય, સર્પ સરળ થાય, અગ્નિ શીતળ થાય, મેરૂ ચલાયમાન થાય, તોપણ ચંચળ એવું સ્ત્રીનું મન શુદ્ધ થતું નથી.

यस्य जिह्वासहस्रं स्याज्जीवेत्साग्रशतं च यः ।
अनन्यकर्मा स्त्रीदोषान्सोऽप्यनुक्त्वा लयं व्रजेत् ॥१३॥

ભાવાર્થ—જે માણસ હજાર જીભવાળો હોય અને સો વર્ષથી વધારે આયુષ્યવાળો હોય તથા બીજાં સર્વ કામોનો ત્યાગ કરી જો સ્ત્રીના દોષોને કહેવા લાગે, તો તે પણ પૂર્ણપણે કહ્યા વિનાજ મરણ પામે. તાત્પર્ય કે સ્ત્રીઓના સંપૂર્ણ દોષો કહેવાને કોઇ શક્તીમાન્ નથી. तथा

यदि स्यात् शीतलो वह्निश्चन्द्रमा दहनात्मकः ।
सुस्वादः सागरः स्त्रीणां तत् सतीत्वं प्रजायते ॥१४॥

ભાવાર્થ—જો અગ્નિ શીતળ થાય, ચંદ્રમા બાળી નાંખનાર બને અને સમુદ્ર મીઠો થાય તો સ્ત્રીઓમાં સતીત્વપણું ઉત્પન્ન થાય.

આ મુજબ અનેક પ્રકારે સમજાવ્યા છતાં મૂઢ માણસો કપટની પુતળી સરખી સ્ત્રીઓનો સંગ કરી, લંપટ અને કામીપણાની છાપને ધારણ કરી, પુન્યને હારી જઇ, મનુષ્યજન્મને ખોઇ નાંખે છે. ધિક્કાર છે કામી માણસોને, અથવા તો કામનીજ બળિષ્ટતા છે કે જેણે અનેક મહાન્ પુરૂષોને વશ કર્યા છે. यतः

शम्भुस्वयम्भुहरयो हरिणेक्षणानां ।
येनाक्रियन्त सततं गृहकर्मदासाः ।
वाचामगोचरचरित्रविचित्रताय
तस्मै नमो भगवते कुसुमायुधाय ॥ १५ ॥

ભાવાર્થ—જે કામદેવે મહાદેવ, બ્રહ્મા અને વિષ્ણુને સ્ત્રીઓના ઘરનાં કામ કરનારા ચાકરો હમેશને વાસ્તે કરેલા છે અને જેનું ચરિત્ર વિચિત્ર પ્રકારનું હોવાથી વાણીથી કહી શકાય તેમ નથી, એવા ભગવાન્ કામદેવને નમસ્કાર થાઓ.

કામી માણસો રાત્રિદિવસ અંધજ હોય છે. यतः

दिवा पश्यति नोलूको काको नक्तं न पश्यति ।
अपूर्वः कोऽपि कामान्धो दिवा नक्तं न पश्यति ॥१६॥

ભાવાર્થ—ઘુવડ દિવસે દેખતુ નથી, કાગડો રાત્રે દેખતો નથી, પરન્તુ કામાન્ધ તો કેવો અપૂવ છે કે રાત્રિદિવસ દેખતો જ નથી. તાત્પર્ય કામાન્ધ ઘુવડ અને કાગડા કરતાં પણ અન્ધ હોય છે.

કામન્ધમાં ગુણ હોતા નથી, એટલુંજ નહિ પણ સત્યતાનો ગન્ધ પણ હોમાતો નથી. यतः

तस्करस्य कुतो धर्मो दुर्जनस्य कुतः क्षमा ।
वेश्यानां च कुतः स्नेहः कुतः सत्यं च कामिनाम् ॥१७॥

ભાવાર્થ—ચોરને ધર્મ ક્યાંથી હોય, દુર્જનને ક્ષમા ક્યાંથી હોય, વેશ્યાને સ્નેહ ક્યાંથી હોય અને કામીને સત્ય ક્યાંથી હોય. અર્થાત્, કામી પુરૂષોમાં સત્ય હોતુંજ નથી.

વિવેચન—કામ ત્રણે જગતના જીવોના માનને મદન કરે છે, તેઓને ડસવામાં સર્પ સમાન છે, અગ્નિની માફક બાળે છે, શત્રુની માફક પ્રાણીઓને હણે છે, ઝેર કરતાં પણ ઉત્કટ ઝેર સદશ છે, હરિ, હર, બ્રહ્માના માનને મર્દન કરનાર છે, દેવદાનવોને દાસ બનાવનાર છે, યોગીઓના યોગ મુકાવનાર છે, જટાધારીઓની જટાને

તોડનાર છે, તપસ્વીઓની તપસ્યા મુકાવનાર છે, ડાહ્યાને મુર્ખ અને શુરવીરને કાયર બનાવનાર છે, પૂજ્યના પૂજનીકપણાને ત્યાગ કરાવનાર છે, ગુણીઓના ગુણને હણુનાર છે, રાજા તથા રંકાદિક સર્વને પીડનાર છે, જ્ઞાન અને ભાન ભુલાવી હમેશાં માણસોને અંધ બનાવનાર છે, નિર્દયપણે ઘણાં વ્યસનોને ઉત્પન્ન કરી પ્રચંડ પાપકર્મને એકત્ર કરાવનાર છે, દુર્ગતિના ફાંસામાં લઇ જનાર છે, કિંબહુના! કામ જીવોને સંસારમાં એકાન્ત રીતે રઝળાવનાર છે.

કામી માણુસ વિષયથી નિન્દાને પાત્ર થાય છે, કામાગ્નિથી નિન્દનીક કાર્ય કરે છે, ઉન્મત્ત થઈ દિગ્મૂઢ થઇ જાય છે, રાત્રિદિવસ તપતો રહે છે, કીર્ત્તિ, કાન્તિ, બુદ્ધિ, લક્ષ્મીથી હીન થાય છે; કુળમર્યાદાને ઉલ્લંઘન કરે છે, ધર્મવૃક્ષને મૂળ થકી ઉખેડી નાંખે છે, માતા, બેન, પુત્રી, તપસ્વીની, રાજરાણી, વેશ્યા, વિધવા, કુમારી અને તિર્યંચની સ્ત્રીને પણ સેવે છે, વ્યાધિથકી અત્યન્ત પીડા પામે છે; વીર્ય થકી ક્ષીણ થાય છે, ભૂતવળગેલું હોય તે મુજબ ઘેલો થઇ ફરે છે, ગાંડાની માફક જેમ તેમ લવે છે, ડહાપણ અને વિદ્યાથી રહિત થાય છે, વિષયમાં રાત્રિદિવસ અન્ધ રહી શક્તિને ગુમાવે છે, રોગ, શોકથી વ્યાપ્ત થાય છે, સુખથી નિદ્રા પણ લઈ શકતો નથી, અન્ન પાણિમાં પણ પ્રીતિ પામતો નથી, પાપકર્મ એટલાં કરી રૌરવ નર્કમાં જાય છે, ફરીથી મનુષ્યભવ પણ મેળવી શકતો નથી, કામાગ્નિથી બળી જઇ વિષય સેવનથી શાન્ત થવાની ઇચ્છા કરે છે, કામરૂપી અગ્નિમાં વિષયરૂપી ઘી છાંટી શાન્તિ મેળવવાની આશા કરે છે, સ્ત્રી રૂપી કાદવમાં મગ્ન થઈ ડુબી મરે છે, અશુચિ તેમજ મળમુત્રથી ભરપુર સ્ત્રીનાં અંગોપાંગને આલિંગન કરી સુખ માને છે, સ્ત્રીરૂપી

યંત્રમાં પીલાઇ મરે છે, મળમુત્રની ક્યારી સમાન અપવિત્ર સ્ત્રીમાંજ રક્ત રહે છે, અત્યંત મલિન અને કઠોર એવા સ્ત્રીના શરીરને પવિત્ર અને કુસુમ સદ્દશ સુકોમળ માને છે. ધન્તુરાનું પાન કરનાર માણુસ જેમ લોખંડ તથા માટીને સુવર્ણ માને છે તેમ કામી મનુષ્ય પણ વિષયથી સુખ માને છે. રોગી મનુષ્ય જેમ કુપથ્યને પથ્ય માની ખાવાથી દુઃખી થાય છે તેમ કામી પણ કામાન્ધતાથી દુઃખી થાય છે. ખરજવાવાળો માણુસ જેમ ખણવાથી સુખ માને છે પરંતુ પાછળથી દુઃખી થાય છે તેમ કામી પુરૂષ પણ પ્રથમ વિષય સેવનમાં સુખ માની પછીથી અત્યન્ત દુઃખી થાય છે. કુતરો જેમ રસકસ વિનાના હાડકાને ચારે બાજુથી ચાટતો ક્ષુધા શાન્ત કરવા ઇચ્છે છે તેમ કામી પણ મળમુત્ર વિષ્ટા વિગેરે અશુચિથી ભરેલ સ્ત્રીનાં અંગોપાંગને ચાટતો તૃપ્તિ મેળવવાની આશા કરે છે પણ તૃપ્તિ પામતો નથી. કિંબહુના! કામી પુરૂષ કામની દશ અવસ્થાને પામી મરીને અધોગતિનો ભોક્તા થઈ ભવાટવીમાં ભટકે છે.

अथ कामनी दश अवस्था—

प्रथमे जायते चिन्ता द्वितीये द्रष्टुमिच्छति ।
तृतीये दीर्घनिश्वासाश्चतुर्थे भजते ज्वरम् ॥ २८ ॥
पञ्चमे दह्यते गात्रं षष्ठे भुक्तं न रोचते ।
सप्तमे स्यान्महामूर्च्छा उन्मत्तत्वमथाष्टमे ॥ १९ ॥
नवमे प्राणसन्देहो दशमे मुच्यतेऽसुभिः ।
एतैर्वेगैः समाक्रान्तो जीवस्तत्त्वं न पश्यति ॥ २० ॥

ભાવાર્થ—કામી માણુસને જ્યારે કામનો ઉદય થાય છે ત્યારે પ્રથમ સ્ત્રીનો મેળાપ કયારે થશે એવી ચિન્તા થાય છે, બીજા આવેશમાં કામી માણુસનું ચિત્ત ચળવળી રહે છે કે સ્ત્રીને કયારે દેખું, ત્રીજા આવેશમાં સ્ત્રીને મળવા સમ્બન્ધમાં લાંબા લાંબા નિઃશ્વાસ મુકે છે, ચોથા વેગમાં કામપીડાથી એકદમ જ્વર ચડી આવે છે, પાંચમા વેગમાં આખું શરીર અગ્નિ સમાન વિષયની બળતરાથી બળવા માંડે છે, છઠ્ઠા વેગમાં ભોજન ઉપર બિલ્કુલ રૂચિ થતી નથી, સાતમા વેગમાં મહા મૂર્ચ્છા પ્રાપ્ત થાય છે, આઠમા વેગમાં ઉન્મત્ત દશા પામી જેમ તેમ બકવા માંડે છે, નવમા વેગને વિષે પ્રાણુનો પણ સન્દેહ થાય છે અને દશમા વેગમાં તો પ્રાણી પ્રાણુથકી રહિત થાય છે આ દશ પ્રકારના વેગોથી વ્યાપ્ત થયેલો જીવ તત્ત્વને દેખી શકતો નથી.

અહા ! મહાન્ આશ્ચર્યની વાત છે કે વિષયગૃદ્ધ માણુસને રોગ, શોક, પીડા, દાહ, જ્વર, કાસ, શ્વાસ, વિર્યહાનિ, દુર્ગતિ, અને સંસાર પરિભ્રમણુ પણુ ઇષ્ટ લાગે છે. તેને સદ્ગતિ તેમજ સ્વલ્પકાળમાં મુક્તિ પમાડનાર બ્રહ્મચર્ય ઉપર રૂચિ થતી નથી, પ્રીતિ થતી નથી, સ્પૃહા થતી નથી, ઇચ્છા થતી નથી. આવા વિષયી અને મહામૂઢ જીવોને હજારોવાર બલ્કે લાખોવાર ધિક્કાર, ધિક્કાર અને ધિક્કારજ છે.

સાંપ્રતકાળમાં કેટલાક સુધરેલા છેલછબીલાઓ, કામાન્ધો અને રાગાન્ધો સ્ત્રીઓના કુડકપટરૂપ પ્રેમપાશમાં બંધાઇ જઇ સ્ત્રીઓ કહે તે મુજબ ચાલે છે અને સ્ત્રીઓના ફુલાયા ફુલી જઇ તેઓને છુટી મુકે છે તેથી પ્રત્યક્ષ બગાડ થતો દેખે છે છતાં બોલે છે કે ' **यत्र नार्यः पूज्यन्ते रमन्ते तत्र देवताः ।** ' જ્યાં સ્ત્રીઓની પૂજા થાય

છે ત્યાં દેવતાઓ રમે છે, આવાં અનર્થયુક્ત વચનો મનમાં માની લઇ, અભિમાનગ્રસ્ત થઈ, સ્રીને છુટી મુકી, સતીત્વપણાની છાપ આપી તે બિચારા મૂઢ જીવો શાસ્ત્રકારો અને તેઓએ બનાવેલા ગ્રન્થોને નિન્દે છે, ભંડે છે, પરંતુ પોતે પુણ્યકર્મથી પતિત થઇ, પાપ-કર્મ બાંધી, અધમગતિના ભોક્તા બને છે તેનું જ્ઞાન તેઓને હોતુંજ નથી, કેમકે તેઓ કામાન્ધ હોય છે.

સ્રીઓનું રક્ષણ કરવાનું શાસ્ત્રમાં કહેલું છે. **यतः**

वह्निज्वालेव गृहिणी रक्षणीया प्रयत्नतः ।
वृद्धिक्षयविकाराभ्यां स्वाश्रयक्षेममिच्छता ॥ २१ ॥

ભાવાર્થ—પોતાના આશ્રયનું કલ્યાણ ઇચ્છનાર મનુષ્યે અગ્નિની જ્વાળાની માફક વૃદ્ધિ, ક્ષય અને વિકારોથી પોતાની સ્રીનું પ્રયત્નથી રક્ષણ કરવું. તાત્પર્ય કે જેમ અગ્નિની વૃદ્ધિ ઉપાધિરુપ થાય છે તેમજ સ્રીનું સંરક્ષણ ન કરે તો નાશરૂપ-ભ્રષ્ટતારૂપ ઉપાધિ થાય છે. **तथा.**

पक्वान्नमिवराजेन्द्र सर्वसाधारणाः स्त्रियः ॥
परोक्षे समक्षे च रक्षितव्या प्रयत्नतः ॥ २२ ॥

ભાવાથ—હે રાજેન્દ્ર! પક્વ અન્નની માફક સ્રીઓ સર્વ સાધા-રણ હોય છે માટે પ્રયત્ન થકી પરોક્ષ અને સમક્ષમાં રક્ષણ કરવા યોગ્ય છે. અર્થાત્, સર્વ પ્રકારે સ્રીઓનું રક્ષણ કરવું વિશેષ લાભદાયક છે. **पुनरपि.**

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।
पुत्रस्तु स्थविरे भावे न स्त्री स्वातन्त्र्यमर्हति ॥ २३ ॥

ભાવાર્થ—કુમારી અવસ્થામાં પિતા રક્ષણ કરે છે, યૌવનવયમાં પતિ રક્ષણ કરે છે અને વૃદ્ધાવસ્થામાં પુત્ર રક્ષણ કરે છે, પરંતુ સ્ત્રીને સ્વતંત્રપણું લાયક નથી.

ઉપરોક્ત ઉત્તમોત્તમ વચનોરૂપી મુક્તાફળોથી સિદ્ધ થાય છે કે સ્ત્રીનો વિશ્વાસ કરી તેને સર્વ પ્રકારે છુટી મુકવાથી, તે સતીત્વથી ભ્રષ્ટ થઇ, અનેક પુરૂષોનું સેવન કરી, પોતાના પતિનો પણ ઘાત કરનારી થાય છે. આમ છતાં પણ કેટલાક અક્કલના આંધળા, હૈયાના ફુટેલા અને સુધારામાં સડેલા છેલછબીલા મુર્ખાનન્દો સ્ત્રીને મિત્રોના હાથમાં સોંપે છે અગર બીજા પુરૂષો સાથે નિર્લજપણે વર્ત્તવાની છુટ આપે છે અને પરપુરૂષોના ત્યાં વખત બે વખત જવા દે છે, તેઓ પોતાની સ્ત્રીને પરપુરૂષમાંજ રક્ત કરે છે કેમકે પરઘરમાં પરપુરૂષ પાસે સ્ત્રીઓનું આવાગમન તેઓની ભ્રષ્ટતાને સૂચવે છે. यतः

लेखिनी पुस्तकं रामा परहस्ते गतागता ।
कदाचित्पुनरायाता भ्रष्टा मुष्टा च चुम्बिता ॥ २४ ॥

ભાવાર્થ—કલમ, પુસ્તક અને સ્ત્રી પારકા હાથમાં આવજા થાય છે તો કદાપી ભ્રષ્ટ થયા વિના, ચોરી થયા વિના અને ચુમ્બન કરાયા વિના ફરીથી પાછી આવી શકતી નથી. અર્થાત્, પરપુરૂષના હાથમાં જવાથી ભાંગીને, ચોરાઇને અને આલિંગનાદિક થઇને પાછાં આવે છે. તાત્પર્ય લેખણ પરપુરૂષના હાથમાંથી ભાંગીને, પુસ્તક અંદરથી પાનાં ચોરાઇને અને સ્ત્રી આલિંગનાદિક થઇને આવે છે.

જ્યારે કલમ અને પુસ્તક પણ પરપુરૂષના હાથમાં આપવામાં આવા અપાયો થાય છે તો સ્ત્રીને તો પરપુરૂષને સોંપાયજ કેમ

આ વિચાર વાંચકવૃંદને સ્વયમેવ કરવાનો છે. આ કાળમાં સ્ત્રીઓને જે સ્વતંત્રપણું મૂઢ જીવો આપે છે, તે કેવળ વિશ્વાસથી લુંટાવા જેવું છે, આ મુજબ કહેતાં કાંઈ બાદ આવે તેમ નથી.

જે સ્ત્રી છુટી ફરે છે તે વિનાશભાવને પામે છે. यतः

भ्रमत्सम्पूज्यते चक्रं भमत्सम्पूज्यते द्विजः ।
भ्रमत्सम्पूज्यते राजा स्त्री भ्रमन्ती विनश्यति ॥२५॥

ભાવાર્થ—ભમતું ચક્ર પૂજાય છે, ભમતો બ્રાહ્મણ પૂજાય છે અને ફરતો રાજા પૂજાય છે પરંતુ રખડતી સ્ત્રી નાશ પામે છે. તાત્પર્ય સ્ત્રીને છુટી મુકવામાં સાર નથી.

સ્ત્રીના મોહપાશમાં ફસાઈ અંધ બનેલા મૂઢ જીવો સ્ત્રીઓની પૂજા કરી તેઓને છુટી મુકી દેવતાને રમાડવાનો હક્ક ધરાવે છે તે તેઓની અજ્ઞાન દશાજ છે, કેમકે એકાન્તમાં સ્વજનની સાથે રહેલી સ્ત્રી પણ અનર્થના કારણભૂત બને છે, यतः

मात्रा स्वस्रा दुहित्रा वा नैकशय्यासनो भवेत् ।
बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति ॥ २६ ॥

ભાવાર્થ—પુરૂષે માતા, બેન અને પુત્રીની સાથે એક શય્યા અને એક આસનમાં બેસવું નહિ કેમકે ઇન્દ્રિયનો સમુહ બલવાન હોય છે ને તે વિદ્વાનને પણ વિષયોમાં ખેંચે છે—અંધ બનાવે છે.

આ શ્લોકથી સિદ્ધ થાય છે કે પુરૂષોએ એક શય્યા અગર આ-સનમાં માતા, બેન, પુત્રી સાથે બેસવું નહિ ત્યારે સ્ત્રીઓને છુટી મુકી પર પુરૂષોના હસ્તને વિષે સોંપાયજ કેમ? અર્થાત્, સોંપાયજ નહિ. આથી જે મૂઢ જીવો સ્ત્રીને છુટી મુકી તેઓને સતીપણાની છાપ

આપવા ધારે છે, તેઓ વંધ્યાથી પુત્ર. આકાશથી કુસુમ અને સસલાનાં શીંગડાંની આશા રાખનારા છે, તેમ કહેવામાં બાદ નથી. વળી કેટલાક એવા મુર્ખ હોય છે કે અનેક પ્રકારનાં સ્ત્રીઓનાં વ્યસનોને જાણુતા છતાં પણ તેમના તરફ ઉપેક્ષા કરે છે તેથી તેઓ વધારે ઉચ્છૃંખલ બને છે.

કુલટા સ્ત્રીઓને ત્યાગવાનું ગ્રન્થકારો ફરમાવે છે. यतः

विवादशीलां स्वयमर्थचोरिणीं परानुकूलां बहुपाकपाकिनीम् ।
सक्रोधिनीं चान्यगृहेषु वासिनीं त्यजन्ति भार्यां
दशपुत्रमातरम् ॥ २७ ॥

ભાવાર્થ—વિવાદ કરનારી, પોતેજ ધનને ચોરનારી, પર પુરૂષને અનુકુળ, બહુ પાક પકવનારી, ક્રોધી, અન્યના ગૃહોમાં વસનારી સ્ત્રી કદાચ દશ પુત્રોની માતા હોય તોપણ ઉત્તમ પુરૂષો તેને ત્યજે છે. तथा

अतिप्रचण्डा बहुदुःखभागिनी विवादशीला परगेहगामिनी ।
भर्तुः स्वयं निन्दति या च तस्करी त्यजेत्स्वभार्यां
दशपुत्रपुत्रिणीम् ॥ २८ ॥

ભાવાર્થ—જે સ્ત્રી અત્યંત ક્રોધી, બહુ દુઃખને ભજનારી, કલેશ કરવાના સ્વભાવવાળી, પરઘરમાં ગમન કરનારી, પોતેજ પતિની નિન્દા કરનારી અને ચોરી કરનારી હોય તેવી પોતાની સ્ત્રીને કદાચ દશ પુત્ર અને પુત્રીઓવાળી હોય, તોપણ ત્યજવા યોગ્ય છે.

અપલક્ષણુવાળી હોય પરન્તુ તેનો ત્યાગ કરી શકતો નથી, તો પણ તેનો વિશ્વાસ નહિ કરતાં, સ્વતંત્રપણાથી તેને ખસેડીને શીખા-

મણ અપાય તો કદાચ ભાગ્ય યોગે તે અપલક્ષણોથી સુધરી જાય અને તેથી પતિની જીંદગી સુધરે. જો સ્ત્રી ખરાબ હોય તો પતિનો તો ભવજ બગડે છે. વિદ્વાનો કહે છે કે ત્રણે કાળમાં સ્ત્રીઓ કોઇની થઇ નથી, થતી નથી અને થવાની પણ નથી તેથી તેવી ચપળ સ્વભાવવાળી સ્ત્રીઓના પ્રેમ પાસથી મુક્ત થઈ, તેનાં વચનોનો અવિશ્વાસ કરી, તેઓથી અલગ રહી, આત્મહિત સાધવું શ્રેયસ્કર છે. જુઓ સ્ત્રીઓનાં ચરિત્રો કેવાં હોય છે.

दृष्टान्त पहेलुं.

એક વૃદ્ધ ઉપાધ્યાયને યુવાન સ્ત્રી હતી, તે બદચાલની હોવાથી પોતાના નગરને કાંઠે રહેલી નર્મદા નદીના સામા તીરે રહેનાર ગોવાળમાં રક્ત હતી. તે રાત્રે ઘડાથી નદી ઉતરી ગોવાળ પાસે જઇને વ્યભિચાર સેવી પાછી આવતી હતી. તે ઘણી કપટી હતી. એક દિવસ શ્રાદ્ધ વખતે પોતાના પતિને કહે કે મને કાગડાની બહુજ બીક લાગે છે તેથી વૃદ્ધ પતિ તેનાં ચરિત્રોને જાણતો નહિ હોવાથી છાત્રોને વારાફરતી રક્ષણ કરવા રાખતો હતો. પતિ કોઇને બોલાવવાનું કહે તે વખતે તે જવાબ આપતી કે પુરૂષની સાથે કેમ બોલવું તે હું જાણતી નથી. એક વખતે એક નિશાળીઆએ વિચાર કર્યો કે આ સ્ત્રીનાં હમ્મેશનાં ચરિત્ર ઉપરથી તે કુલટા હોવી જોઇએ એમ જણાય છે. કહ્યું છે કે અતિચાર, અનાચાર, અતિ આર્જવ, અનાર્જવ, અતિશૌચ અને અશૌચ આ છ લક્ષણો યુક્ત હોય તે કપટી હોય છે. તે છાત્ર પછી તેનાં ચરિત્રો જોવા લાગ્યો. રાત્રે નદી ઉતરતી તેને તેણે દેખી. તે વખતે એક ચોર ખરાબ આરે રસ્તો નહિ જાણવાથી ઉતરતો હતો, તેને જળતંતુએ ગળેલો જાણી તે

બોલી કે ખરાબ આરે કેમ ઉતરે છે? હવે તે તંતુની આંખો બે હાથે ઢાંકી દે, આથી તું છુટી જઇશ. આ વાકયને સાંભળી તે છાત્ર વિચાર કરવા લાગ્યો કે આ સ્ત્રીનું કેવું કુટિલપણું છે. પછી તે તે સ્ત્રીની પાછળ પાછળ ઘેર ગયો.

એક દિવસ તે સ્ત્રી કાગડાને બળી આપતી હતી તે વખતે રક્ષણ કરવાનો વારો તેજ છાત્રનો હતો. તે સ્ત્રીને બીનેલી દેખી તે બોલ્યો કે તું દિવસે કાગડાથી ભય પામે છે પરન્તુ રાત્રે તો નર્મદા તરે છે અને ખરાબ આરા તથા જળતન્તુની આંખો ઢાંકવાનું જાણે છે. આ રીતનાં અભ્યાસીનાં વચનો સાંભળી તે બોલી કે તમારા જેવા મારી ઇચ્છા ન કરે તો પછી મારે શો ઉપાય કરવો. તું મને અંગીકાર કરે તો હું નર્મદા તરવી મુકી દઉં. તે ભણનાર કહે છે કે તારા સ્વામીથી હું ભય પામું છું. તે પાપીણીએ પોતાના સ્વામીને મારી, પેટીમાં ઘાલી, પેટી માથે મુકી વનમાં નાંખવા ચાલી. કોઇ વ્યંતરીએ તેને દેખી પેટી માથા ઉપર સ્થંભાવી દીધી. પેટીમાંથી માંસ તથા રૂધિર તેના ઉપર પડવા લાગ્યું, તેની પીડા તથા ક્ષુધા-તૃષાની પીડાથી તે બહુજ દુઃખ પામી. સ્વામિનો ઘાત કરનારી મને ભિક્ષા આપો, એમ બોલતી ઘરેઘર ભટકવા લાગી. કેટલોક કાળ ગયા પછી કોઈ પવિત્ર સાધ્વીને દેખી નમસ્કાર કર્યો તેથી પેટી નીચે પડી. તેણીએ સાધ્વી પાસે દીક્ષા લીધી અને પાપનો નાશ કર્યો. સ્ત્રી-ચરિત્રને નહિ જાણનાર પુરૂષો તેના કપટી વચનોમાં વિશ્વાસ કરી દુઃખી થાય છે.

દૃષ્ટાન્ત બીજું.

એક વણિકની સ્ત્રી કુલટા હતી, તેનો જાર તેને ત્યાં હમ્મેશાં

રાત્રે આવતો હતો. એક દિવસ મધ્યરાત્રે તે જારને ચોરની ભ્રાન્તિ-થી વાણિકે ઘરમાંથી પકડયો અને મજબુત બાંધ્યો. પછી તે સ્ત્રીને કહેવા લાગ્યો કે જા, તું સીપાઇને બોલાવી લાવ, ત્યારે તે કહેવા લાગી કે અંધારી રાત્રે હું બહાર જઉં તો મને કોઇ લુંટી જાય, તથા વણિકે કહ્યું કે તું ચોરને પકડી રાખ તે વખતે તે ધુતારી બોલી કે હું કદી મરણ થતું હોય તો પણ પરપુરૂષનો હાથ પકડું નહિ તો અત્યારે તો કેમ ઝાલું ? વણિકે પૂછયું કે હવે શું કરવું. તે બોલી કે તેને થાંભલા સાથે બાંધો અને તે દોરડાનો એક છેડો મને આપો તે હું પકડી રાખીશ, જેથી મારો પતિવ્રતા ધર્મ પણ સચવાશે અને ચોર નાશી જશે નહિ તથા તમો સીપાઇને બોલાવીને આવશો. તે બિચારો મુર્ખ અને મૂઢ પતિ સ્ત્રીનાં ચરિત્રને જાણતો નહિ હોવાથી તેમ કરી સીપાઇને બોલાવવા ગયો. સ્ત્રીએ પણ પોતાના જારનાં બંધન છોડી ભય નહિ રાખતાં તેને નિરન્તર પોતાના ત્યાં આવવાની પ્રતિજ્ઞા કરાવી વિદાય કર્યો. પછી બહાર ખીલે બાંધેલા વાછરડાને છોડી દોરડાથી થાંભલા સાથે બાંધી એક છેડો પ્રથમની માફક પકડી ખાટલામાં જાગતી સુતી. તેનો સ્વામી સીપાઇને બોલાવીને આવ્યો કે તેણીએ કહ્યું હવે તમારા ચોરને સીપાઇને સ્વાધીન કરો. પતિએ કહ્યું તું ઉભી તો થા, તે વખતે ધુતારી બોલી કે હું તો પરપુરૂષનું મોઢું કદી પણ જોવાની નથી તે વાત તમને પ્રથમજ કહેલી છે તે તમો કેમ ભુલી જાઓ છો ? એક ચોર અને બીજો સીપાઇ બન્ને પરપુરૂષ છે માટે હું તો ખાટલામાંથી ઉઠવાની નથી એમ કહી મોઢા ઉપર વસ્ત્રનો છેડો નાંખ્યો. વણિક જેવો થાંભલા પાસે જઇ બંધ છોડે છે તે વખતે વાછરડું બરાડવા માંડયું તેથી તે લજવાણો. સીપાઇ વાછરડાને દેખી વાણીઆની હાંસી કરીને

ચાલ્યો ગયો. શરમિન્દા થએલા વણિકને તેની સ્રીએ મનમાં હસીને અને ઉપરથી ક્રોધ કરીને કહ્યું કે તમને એટલું પણ ભાન નથી કે આ તે ચોર છે કે વાછરડું? ઘરમાં ચોર પેસેજ ક્યાંથી? સારૂં થયું કે મેં વાછરડાંને બાંધેલા દોરડાનો છેડો ધીમેથી પકડયો, નહિં તો દોરડાનો ફાંસો આવવાથી તે મરી જાત અને આપણને હત્યા લાગત, વળી લોકમાં નિન્દા થાત તે જુદી. આ મુજબનાં વચનો સાંભળી તે બિચારો તો શાન્ત પડી ગયો અને ગુન્હેગારની માફક પોતાની સ્રીનો તાબેદાર હમેશને માટે થયો. તે સ્રી પણ સતીપણાનો કૃત્રિમ વેષ ભજવતી તે પુરૂષને હમેશાં પોતાના ઘેર રાત્રે બોલાવી વ્યભિચાર સેવવા લાગી.

દૃષ્ટાન્ત ત્રીજું.

એક માણસની સ્રી વ્યભિચારિણી હતી ને પતિનું કહ્યું માનતી નહોતી. અકાર્યમાં તત્પર છતાં પોતાના સ્વામીથી બહુજ ડરતી હતી, તેથી તેનો યાર પણ તે માણસથી ડરતો હતો. એક વખત તે જારે તેણીને કહ્યું કે તારા ધણીનો મને બહુજ ડર લાગે છે માટે તું કાંઇ ઉપાય કર. સ્રીએ કહ્યું કે હું કરીશ, પરન્તુ તું મને છોડી દઇશ નહિ. તેણી કાંઇક વિચાર કરી ઘીનો દીવો લઇને નગર બહાર દેવીના મંદિરમાં હમેશાં જવા લાગી અને દેવી પાસે દીપક કરી હાથ જોડી કહેવા લાગી કે હે માતાજી, મારી ધારણા સફળ કરજે. રોજ તેણી આ મુજબ કરતી હતી. એક દિવસે તેના પતિને કાંઇ ખબર પડવાથી તે તેની પાછળ પાછળ જઇને તેણી શું કરે છે તે જોઇ આવ્યો. બીજે દિવસે તે અગાઉથી જઇને દેવીની પાછળ સંતાઇ રહ્યો. તેની સ્રી ત્યાં આવી ઘીનો દીવો કરી, પગે

માંગીને બોલી કે હે માતાજી ! મારી ધારણા સફળ કરજે. તેટલામાં તેનો ધણી દેવીની પાછળથી સ્વર બદલીને બોલ્યો કે માગ, માગ, તારા ઉપર હું તુષ્ટમાન થઇ છું, આ વખતે તું જે માગીશ તે હું આપીશ. આ વચનો સાંભળી તેણી બોલી કે મારા ધણીને આંધળો કરો જેથી હું મારા જાર સાથે સુખેથી ભોગ ભોગવું. પછી તેના ધણીને હલવો પુરી બહુજ પસંદ હતાં છતાં તેની સ્ત્રી રૂચિમાફક ભોજન કરાવતી નહોતી તેથી તેણે કહ્યું કે જો તું છ માસ સુધી તારા પતિને હલવો પુરી ખવરાવીશ તો તે આંધળો થશે. આ વચન સાંભળી પરમાર્થને નહી જાણતી તેણી બોલી કે હે માતાજી! હું જરૂર મારા પતિને તારા કહ્યા મુજબ ખવરાવીશ, પરન્તુ તું તેને જલ્દી આંધળો કરી મને સુખી કરજે. તે વખતે દેવી પાછળ રહેલો તેનો સ્વામી બોલ્યો કે તથાસ્તુ, તથાસ્તુ. પ્રિય વાંચક ! ધ્યાન રાખ કે પરપુરૂષની પ્રેમી સ્ત્રી પોતાના પતિને ચક્ષુહીન કરવાનું વરદાન માંગતાં પણ શરમાતી નથી. તેણીએ રાજી થઇ ઘેર જઈ હલવોપુરી તૈયાર કર્યાં અને થોડી વખત પછી ઘેર આવેલા પોતાના પતિને આદરમાનપૂર્વક જમાડયો. પતિ પણ આનંદપૂર્વક ખાવા લાગ્યો. કેટલાક વખત પછી તેણીનો સ્વામી પુરૂષચરિત્ર કરી કહેવા લાગ્યો કે મને આંખે ઝાંખ પડે છે, તે સાંભળી ખુશી થયેલી તેણી બોલી કે દવા કરો જેથી ઝાંખ મટી જશે. પછી તેણીએ જલ્દીથી તેને આંધળો કરવા વધારે ખવરાવવા માંડયું. પતિ ઢોંગ કરી કહેવા લાગ્યો કે હમેશાં મને હલવો પુરી ભાવતાં નથી તેથી બીજું ભોજન આપ. સ્ત્રી બોલી કે સ્વામીનાથ! એમ કેમ થાય ? આતો માતાજીનો પ્રસાદ છે માટે હાલમાં તમો તેજ ખાઓ. એમ કહી તેણી બડબડવા લાગી કે દેવીનું વરદાન છ માસનું છે અને જો ન ખવરાવું તો કદાચ દેખતો થાય માટે હલવો

પુરીજ ખવડાવવાનું જારી રાખ્યું. પતિએ પણ ઢોંગ કરીને હું આંધળો છું એમ જાહેર કર્યું. પછી તે ઘરમાં રહીને સ્ત્રીનાં ચરિત્રો જોવા લાગ્યો. તેણી પણ પોતાના ધણીને આંધળો થયેલો જાણી નિઃશંકપણે પેલા જારને બોલાવી વ્યભિચાર સેવવા લાગી. સ્વામીએ વિચાર કર્યો કે મારા ઘરમાં આવનાર આ માણસને મારી નાંખું તો ઉપાધિજ મટી જાય. એક દિવસે તે ખાતો હતો ત્યારે કુતરૂં આવ્યું તેને હાંકવા સ્ત્રી પાસે મજબુત લાકડી માંગી ને પછી તે પાસેની પાસેજ રાખી. પેલો જાર પુરૂષ આવ્યો તેને દેખી કપાળમાં જોરથી લાકડી મારી અને કહ્યું કે મારો બેટો કુતરો રોજ ઘરમાં આવીને ખાવાનું ખાઇ જાય છે. લાકડી મર્મસ્થાનમાં વાગવાથી તે તરતજ મરણ પામ્યો. સ્ત્રીએ ફોકટનો વિલાપ કર્યો. પેલા આંધળાએ દવા કરવાથી દેખતો થયેલ છું એમ જાહેર કર્યું. કદાચ આ સ્ત્રી મારા પ્રાણ લઇ લેશે એમ જાણી તેનો સંગ છોડી દઇ સુખી થયો. અજાણ માણસો જ્યારે સ્ત્રીનાં કપટાચરણો નજરે જુએ છે ત્યારેજ સમજે છે, નહિ તો ફોકટ તેના ઉપર વિશ્વાસ રાખે છે.

दृष्टान्त चोथुं.

રાજગૃહ નગરમાં દેવદત્ત નામે સોની રહેતો હતો. તેને દેવદિન્ન નામે પુત્ર હતો. તે પુત્રને દુર્ગિલા નામની સ્ત્રી હતી. એક દિવસે તે સ્ત્રી નદીએ સ્નાન કરવા ગઇ, ત્યાં અત્યંત સૂક્ષ્મ વસ્ત્ર પહેરી સ્નાન કરવા લાગી. બારિક વસ્ત્ર ઉપર પાણી પડવાથી સર્વાંગ પ્રત્યક્ષ દેખાવા લાગ્યું. તે વખતે એક કામી વીટ પુરૂષ ત્યાં આવ્યો અને તેણીનું નગ્નપ્રાયઃ શરીર દેખી મોહ પામી કહેવા લાગ્યો કે હે સ્ત્રી ! આ નદી તથા તેના તીરે રહેલાં વૃક્ષો તને પૂછે છે કે તેં સુખે સ્નાન કર્યું ?

તેમજ હું પણ તારા ચરણમાં પડી પુછું છું તેં સુખેથી સ્નાન કર્યું? આમ બોલી તેણીની સાથે ભોગ ભોગવવાની ઇચ્છા જણાવી. તે સ્ત્રી પણ તેની ઇચ્છા જાણી કહેવા લાગી કે તે નદીનું કલ્યાણ થાઓ અને તેના તીરે ઉભેલાં વૃક્ષો પણ ઘણાકાળ સુધી આનંદને પામો તથા મને સારી રીતે સ્નાન કર્યું એમ પુછનારની અભિલાષા હું પૂર્ણ કરીશ. આ રીતે કહી તે સ્ત્રી ઘેર ગઇ. પેલો કામી પુરૂષ પણ ઘેર જઈ તે સ્ત્રીને મળવાના ઉપાય કરવા લાગ્યો. એક વખત એક તાપસણી તે પુરૂષને ત્યાં ભિક્ષા માંગવા આવી, તેને સંતુષ્ટ કરી પોતાનું કાર્ય સાધવાની માંગણી કરી. તેણીએ પણ ઇચ્છીત ખાનપાન તથા ધનની આશાથી તેનું વચન સ્વીકાર્યું અને દુર્ગિલાને ત્યાં જઇ તે પુરૂષનો સંદેશો કહ્યો. કપટી દુર્ગિલા બોલી કે હે પાખંડિની! તું મને ન સાંભળવા લાયક વચનો કેમ સંભળાવે છે? એમ કહી કંકુવાળો હાથ કરી તેના વાંસામાં લગાવી તેનું ગળું ઝાલી તેને બાહેર કાઢી મુકી. તાપસણી પણ વિલખી થઇ પાછી આવીને તેને બધી વાત કહી પોતાનો વાંસો બતાવ્યો. તે સમજી ગયો કે તે હાલમાં રજસ્વળા હોવાથી ચાર દિવસનો નિષેધ કર્યો છે. ચાર દિવસ પછી ફરીથી તેણીને કહ્યું કે તું ત્યાં જા. તે બોલી કે દુર્ગિલા તો પતિવ્રતા છે. તેં એકવખત મને માર ખવરાવ્યો વળી શા માટે મોકલે છે? છતાં તેના આગ્રહથી તે ત્યાં ગઇ અને પ્રથમની માફક કહ્યું. દુર્ગિલા ક્રોધ કરી બોલી લુચ્ચી! તને ના કહી છતાં મારે ત્યાં કેમ આવે છે? તને શરમ પણ નથી આવતી? આમ કહી તેની પીઠ ઉપર કાજળવાળો હાથ મારી તેને બહાર કાઢી મુકી. ખેદ પામેલી તાપસણીએ ઘેર આવી તે પુરૂષને કહ્યું કે તે તો કદી તારા તરફ જોનાર પણ નથી, તું મને ફોકટ મોકલે છે. તેની આશા તું મુકી દે. તેણીનાં વચનો સાંભળી તેની

પીઠ તપાસવાથી કાળાં પાંચે આંગળાં પડેલાં દેખી તેણે નિશ્ચય કર્યો કે વદી પાંચમે મને બોલાવ્યો છે પરન્તુ ઠેકાણું બતાવ્યું નથી માટે તે જાણવું જોઇએ. ત્રીજીવાર આજીજી કરી તપાસણીને મુશ્કેલીથી તેણીને ત્યાં મોકલી. દુર્ગિલાએ પુછ્યું તું કેમ આવી છે? તે બોલી કે મળવાનું ઠેકાણું બતાવ? દુર્ગિલાએ તાપસણીને ગાળો દઇ ચાર પાંચ તમાચા મારી કહ્યું કે જલ્દીથી અત્રેથી નીકળ, એમ કહી ઘરની પાછળ અશોકબાગ હતો તે બારણાથી બહાર કાઢી મુકી. તેણીએ તેને સર્વ વાર્તા જણાવી. તે પુરૂષ તાપસણીને પગે લાગી બોલ્યો કે માવાજી! મારો અપરાધ માફ કરો, કેમકે મેં તમને ગાળો તથા માર ખવરાવ્યો છે. તેણી પવિત્ર છે માટે હું તેની ઇચ્છા કરીશ નહિ પછી તેણીને કાંઇ આપી વિદાય કરી, તેથી તે રાજી થઇને ગઈ. તે કામીને નિશ્ચય થયો કે વદિ પાંચમે રાત્રે અશોકબાગમાં પાછળના બારણાથી મળવાનો તેણીએ સંકેત કહેલો છે તેથી તે દિવસે રાત્રે તે ત્યાં ગયો. બન્ને મળ્યાં ને ત્યાં બાગમાંજ સુઇ રહ્યાં. અચાનક દુર્ગિલાનો સાસરો લઘુનીતિ કરવા બાગમાં ગયો તે વખતે પોતાની પુત્રવધુને પરપુરૂષ સાથે સુતેલી દેખી, તેથી તેના પગમાંથી ઝાંઝર કાઢી લીધું અને પોતાના સ્થાનકે જઇ સુઈ રહ્યો. દુર્ગિલાએ વિચાર્યું કે મારૂં પાપ મારા સાસરાએ જાણ્યું માટે કાંઇ ઉપાય કરૂં. પછી તે પુરૂષને જગાડી કાંઇક શીખવી વિદાય કર્યો અને પોતાના પતિ પાસે જઇને સુતી. થોડી વારે તેણી તેને કહેવા લાગી કે અત્રે બહુજ ગરમી થાય છે માટે બાગમાં ચાલો. તેનો ધણી પણ તેની સાથે ત્યાં જઈ સુઇ રહ્યો. કેટલાક વખત પછી દુર્ગિલા પોતાના પતિને જગાડી કહેવા લાગી કે તમારા કુળમાં આવો આચાર ક્યાંથી આવ્યો કે સ્વામીની પાસે સુતેલી કુળવન્તી સ્ત્રીના પગમાંથી તેનો સાસરો મર્યાદાનો ત્યાગ

કરી નુપુર કાઢી લે છે? આ શું ઓછી શરમની વાત છે. પતિએ કહ્યું કે અત્યારે રાત્રિ છે માટે તું બોલીશ નહિ, સવારમાં પિતાની વાત છે. પ્રભાતે તે ક્રોધ કરી પોતાના પિતાને કહેવા લાગ્યો કે રાત્રે હું સુઇ રહ્યો હતો બીજું કોઇ નહોતું, છતાં તમે અમારી એમ જોઇ મારી સ્ત્રીના પગમાંથી નુપુર કાઢી લીધું તે તમને યોગ્ય નહોતું. સોની બોલ્યો કે હે પુત્ર! તું ત્યાં નહોતો, કોઇ જાર હતો, તેના ગયા પછી તને ત્યાં તેણીએ સુવાર્યો હશે. આ વચનો સાંભળી કપટી દુર્ગિલા બોલી કે તમારી બુદ્ધિ બગડવાથી તમે મને પવિત્રતાને ખોટું કલંક આપો છો તેથી મારે દેવતાની સાક્ષીએ શુદ્ધિ કરવી છે, જેથી મારૂં પતિવ્રતાપણું બધું ગામ જાણી શકે. તેણી સ્નાન કરી યક્ષની પૂજા કરવા ચાલી. માર્ગમાં પેલો પુરૂષ ગાંડો થઇ તેના ગળે વળગ્યો. લોકોએ તેને ગાંડો કહીને દુર કર્યો. તેણી યક્ષની પૂજા કરી બોલી કે હે યક્ષ! મારો પતિ અને રસ્તામાં આવતાં મને વળગેલો ગાંડો પુરૂષ તે બન્ને શિવાય જો કોઇ મને વળગ્યું ન હોય તો મને રસ્તો આપજે. યક્ષ વિચાર કરે છે કે મારે શું કરવું? તેવામાં તો તેણી યક્ષના પગમાંથી બીજી તરફ નીકળી પડી. લોકોએ જયજય શબ્દ કરી તેની પ્રશંસા કરી તેનું નામ નુપુરપંડિતા પાડયું. સોની સાચો હતો છતાં જુઠો બન્યો અને સ્ત્રીના ચરિત્રથી ચમત્કાર પામ્યો તથા ચિંતાથી તેની નિદ્રા પણ જતી રહી. સ્વર્ણકારને નિદ્રારહિત જાણી રાજાએ અંતપુરનું રક્ષણ કરવા નીમ્યો. રાજાની રાણી હસ્તિના માવત સાથે હળેલી હોવાથી તેની પાસે જવા રાત્રે તૈયાર થઇ, પરન્તુ સોનીને જાગતો દેખી પાછી ગઇ. વારંવાર તેણીને પાછી જતી જોઇ તે શું કરે છે તે જાણવા તેણે નિદ્રા આવ્યાનો ઢોંગ કર્યો. રાણી પણ તેને સુતેલો દેખી ઝરૂખામાં આવી. ત્યાં હાથી ઉભેલો હતો તેણે

સુંઢથી લઇ પીઠ ઉપર મુકી નીચે ઉતારી પછી તે માવત પાસે ગઇ. માવતે લોઢાની સાંકળથી તેની પીઠ ઉપર તાડના કરી કહ્યું કે આજે તું મોડી કેમ આવી ? તેણીએ કહ્યું કે આજે એક નિદ્રારહિત સોનીને અંતઃપુરનું રક્ષણ કરવા રાખ્યો છે તેથી મોડું થયું છે. તે સુતો એટલે હું તરત આવી. માવતે તેણીની સાથે ભોગ ભોગવી હસ્તિ મારફત ઝરૂખામાં મુકાવી. આ ચેષ્ટા જોઇ સોનીએ વિચાર્યું કે જ્યારે રાજાની રાણી પણ કામદેવ સરખા રૂપવાળા રાજાને મુકી હીનજાતિવાળા માવતમાં આસક્ત થઇ તો બીજી સ્ત્રીઓ કુકર્મ કરે તેમાં કાંઇ નવાઈ નથી. આમ થવાથી તેની ચિન્તા દુર થઇ તેથી તેને છમાસે નિદ્રા આવી. રાજાએ સોનીને સુતેલો દેખી જગાડયો નહિ. કેટલાક દિવસ પછી તે જાગ્યો ત્યારે રાજાએ પુછવાથી તેણે સર્વ વૃત્તાંત કહ્યો. રાજાએ સર્વ રાણીઓને કહ્યું કે તમો વસ્ત્રરહિત થાઓ અને પીઠપર મારા ફેંકેલ કમળને સહન કરો. રાજાએ ક્રમસર પીઠ ઉપર કમળ ફેંકવા માંડયા. પેલી કુલટા રાણી ઉપર જ્યારે કમળ ફેંક્યું ત્યારે તેણી કપટથી મૂર્ચ્છા ખાઇ ભોંય ઉપર પડી. રાજાએ તેની પીઠ ઉપર સાંકળના સોર દેખી તેણીને કહ્યું કે તું મદોન્મત્ત હસ્તિ સાથે રમે છે અને ખોટા હસ્તિથી ભય પામે છે, વળી સાંકળનો માર આનંદથી સહન કરે છે અને કમળના મારથી મૂર્ચ્છા પામે છે. તારાં કુટિલ ચરિત્ર મેં જાણ્યાં. પછી તેણે ક્રોધથી હુકમ કર્યો કે હસ્તિના ઉપર, રાણી અને માવત બેસી પર્વતની ટોચે જઈ ઝંપાપાત કરો ? રાજાના સખ્ત હુકમથી માવત હસ્તિ ઉપર રાણીને પોતાની સાથે બેસાડી પર્વતની ટોચે લઇ ગયો. ત્યાં હસ્તિને એક પગ ઉંચો રખાવી ઉભો રાખ્યો, પછી બે પગ ઉંચા રખાવ્યા છેવટે ત્રણ પગ ઉંચા રખાવી રાજાની પાસે ક્ષમા ઇચ્છી. હસ્તિની કળાથી

રંજન થયેલા લોકોએ કહ્યું કે હે રાજન્ ! આ હસ્તિરત્નનો વિનાશ કરવો યોગ્ય નથી. પશુને જેમ શીખવે તેમ વર્ત્તે, તેથી દયા કરી હાથીનો બચાવ કરો. રાજાએ લોકોનું વચન કબુલ કર્યું. પછી રાજા અને સર્વ લોકોએ માવતને કહ્યું કે હસ્તિને નીચે ઉતાર. માવતે જવાબ આપ્યો કે અમને બન્નેને અભયદાન આપે તો કુશળક્ષેમે નીચે ઉતારૂં. રાજાએ જીવિતદાન આપવાથી માવતે હસ્તિને નીચે ઉતાર્યો. રાણી અને માવતને રાજાએ દેશનિકાલ કર્યો. બન્ને જણા ચાલતાં ચાલતાં સંધ્યા વખતે એક ગામની નજીક આવ્યાં. ત્યાં એક મંદિર હતું તેમાં બન્ને સુઇ રહ્યાં. રાત્રે એક ચોર ગામમાંથી ચોરી કરી નાઠો. ખબર પડવાથી કોટવાળ તેની પાછળ પડયો. કોટવાળને પાછળ આવતો દેખી ચોર પણ તે દેવમંદિરમાં પેઠો. તેના હાથના સ્પર્શથી રાણી જાગીને કહેવા લાગી કે તું મારો પતિ થઇ મારૂં રક્ષણ કર. ચોરે કહ્યું કે પ્રાતઃકાળે તું મારૂં જીવિતવ્ય બચાવીશ તો મને કાંઇ વાંધો નથી. સવારમાં રાજપુરૂષોએ આવીને પુછયું કે આ બેમાં ચોર કોણ છે ? રાણીએ સંજ્ઞાથી માવતને બતાવ્યો. ધિક્કાર છે સ્ત્રીના દુષ્ટપણાને કે જે તેનો સંગ કરે તેનાજ પ્રાણ સંકટમાં નાંખે. રાજસેવકોએ માવતને પકડી ચોરીનો આરોપ સાબીત કરી શુળીપર તેને ચડાવ્યો. ત્યાં આગળથી કોઇ શ્રાવક જતો હતો તેની પાસે તેણે પાણી માગ્યું. શ્રાવકને દયા આવવાથી તેને નમસ્કાર શીખવાડી તેનું સ્મરણ કરવા કહી તે પાણી લેવા ગયો. માવતનું આયુષ્ય પૂર્ણ થવાથી નમસ્કારના પ્રભાવથી મરણ પામી વ્યંતરમાં ઉત્પન્ન થયો. વ્યભિચારિણી રાણી પણ ચોરની સાથે ભમતી ભમતી એક વખત નદીના કીનારે આવી. ચોરે તેણીને કહ્યું કે નદીમાં પાણી ઘણુંજ છે માટે તારાં વસ્ત્ર અને આભુષણ મને આપ કે તે

હું સામે કાંઠે મુકીને અત્રે આવી તને લઇ જઉં. તેણીએ તેમ કર્યું. ચોર સામે તીરે જઇ વિચારવા લાગ્યો કે આ કુલટાએ જેમ પોતાના સ્વામીને દુઃખ આપ્યું તેમ મને પણ આપશે માટે તેનો સંગ કરવો મને લાયક નથી. આ મુજબ વિચાર કરી તે ત્યાંથીજ પલાયન કરી ગયો. તે કુલટા પણ વનમાં રૂદન કરતી રખડવા લાગી. માવત મરીને વ્યંતર થયેલો છે તેને પોતાની દુર્દશા રાણીએ કરેલી હતી છતાં તેણીની આવી દશા દેખી દયા આવી તેથી તેણીને બોધ કરવા સારૂ તેણે શિયાળનું રૂપ ધારણ કર્યું. તે શિયાળ મુખમાં માંસનો કકડો લઈ કુલટા પાસે આવ્યું. નદી કીનારે માંછલુ દેખી માંસનો કકડો મુકી તે માંછલું લેવા દોડે છે, તેટલામાં માછલું નદીમાં જતું રહ્યું અને માંસ સમડી લઇ ગઇ. શીયાળ માંસ વાસ્તે ફાંફાં મારવા લાગ્યું એટલે સ્ત્રી બોલી કે હે દુર્બુદ્ધિ શિયાળ ! તું બન્નેથી ભ્રષ્ટ થઇ નકામાં ફાંફાં કેમ મારે છે ? શીયાળે જવાબ આપ્યો કે હું તો બે થકી ભ્રષ્ટ થયેલ છું પરન્તુ તુંતો રાજા, માવત અને ચોર ત્રણથી ભ્રષ્ટ થયેલ છે, છતાં પારકા દોષ કેમ જુએ છે, તારા દોષનો તપાસ કર. જે કેટલાક જીવો પોતામાં હજારો દુષણો હોય છતાં તેને દબાવી પારકાં જુજ દુષણો જોવા જાય છે, તેઓ સંસારમાં ઘણો કાળ પરિભ્રમણ કરે છે, આમ કહી શિયાળે મનોહર રૂપ ધારણ કરી તેણીને કહ્યું કે રેરે પાપિણી ! તેં તો મને ચોર તરિકે પકડાવી મારી નંખાવ્યો, પરન્તુ હું તો જૈનધર્મના પ્રતાપથી દેવગતિ પામ્યો છું. હું તારા અપરાધ તપાસતો નથી, તું પણ પાપ છોડી જૈનધર્મ અંગીકાર કર. દેવતાનું વચન સાંભળી પાપકર્મથી બીનેલી તેણીએ તે કબુલ કર્યું. દેવતા તેણીને સાધ્વીજી પાસે લઈ ગયો. તેણીએ સાધ્વીજી પાસે દીક્ષા લીધી અને છેવટે સુખી થઇ. જો દેવતાએ કરૂણા ન કરી હોત તો તેણી ભવસમુદ્રમાં ડુબી મરત. આવાં

સ્ત્રીઓનાં દુશ્ચરિત્રો જાણી ઉત્તમ પુરૂષોએ તેના ફાંસામાંથી બચવા પ્રયત્ન કરવો તેજ હિતકારક છે.

સુજ્ઞ વાંચક ! કુટિલ સ્ત્રીઓનાં આવાં ઘણાંજ ઉદાહરણો છે. સ્ત્રીઓના દાસ બનેલા કેટલાકોને આ લખાણ તરફ અણગમો થશે પરન્તુ તેઓએ આનાથી બોધ લઇને સ્ત્રીઓને યોગ્ય માર્ગમાં રહેવાને અને મર્યાદાસર વર્તન કરવાનો ઉપદેશ કરવો જોઇએ. સ્ત્રીઓમાં મુખ્ય અવગુણ વિષયતૃષ્ણાનો છે, તે નાશ પામે તો બધા અવગુણો જતા રહે છે, તેથી તે નાશ કરવા સારૂ તેઓને સતી સ્ત્રીઓનાં ચરિત્રો વાંચી સંભળાવવાં. સતીઓ ઉપર ઘણી મોટી આપત્તીઓ આવી પડે, કામી પુરૂષોના ફાંસામાં ફસાય, તેઓ ભ્રષ્ટ કરવા તત્પર થાય, છતાં તેઓ પ્રાણ જતાં સુધી પણ કુમાર્ગે જતી નથી. કેટલીક સ્ત્રીઓએ પ્રાણ ખોયા છે, કેટલીકોએ દુઃખ વેઠયાં છે, કેટલીકોએ ધીરજથી મરણાંત કષ્ટ પણ સહ્યાં છે, છતાં તેઓએ બ્રહ્મચર્યનું એકાન્ત પાલનજ નિડરપણે કર્યું છે અને કેટલીકોએ તો તે સાથે લંપટ મનુષ્યોને બોધ કરી યોગ્ય માર્ગે લગાડયા છે. આ મુજબની સતીઓની કથાનાં પુસ્તકો વાંચવાથી અગર સાંભળવાથી અને તે મુજબ વર્તન કરવાથી બીજી સ્ત્રીઓ પણ બ્રહ્મચર્યનું પાલન કરી પતિવ્રતા ધર્મ સાચવી જગતમાં જય પામે છે.

સતી સ્ત્રીઓનું સ્વરૂપ.

જે સ્ત્રીઓ નિરન્તર પતિવ્રત ધર્મમાં રક્ત રહીને પતિને દેવ-વાહ્રક પૂજે છે તેઓ સતીઓ કહેવાય છે. જેવી રીતે દરેક જાતના પાષાણમાં, માટીમાં, કાષ્ટમાં, વસ્ત્રમાં, લોખંડમાં, પશુમાં, પાણીમાં, મોતીમાં, પક્ષીમાં, પુરૂષમાં ફેર હોય છે તેવી જ રીતે દરેક સ્ત્રીઓ પણ ફેર હોય છે. यतः

यस्य भार्या शुचिर्दक्षा भर्तारमनुगामिनी ।
नित्यं मधुर वक्त्री च सा रमा न रमा रमा ॥ १ ॥

ભાવાર્થ—જેની સ્ત્રી પવિત્ર, ડાહી, પતિને અનુસરનારી અને હમેશાં મધુર બોલનારી હોય તેજ લક્ષ્મી કહેવાય છે, પરન્તુ લક્ષ્મી તે લક્ષ્મી નથી, અર્થાત્ ઉપરોક્ત ગુણવાળી હોય તેજ સાક્ષાત્ લક્ષ્મી છે. तथा,

नकार्येषु न भोगेषु नैश्वर्ये न सुखे तथा ।
स्पृहा स्याच्च यथा भर्तुः सा नारी सुखभागिनी ॥ २ ॥

ભાવાર્થ—પોતાના પતિ ઉપર જેવી રીતની લાગણી હોય છે તેવી રીતની લાગણી કાર્યમાં, ભોગમાં, ઐશ્વર્યમાં અને સુખમાં જે સ્ત્રીની હોતી નથી તેજ સુખને ભોગવનારી થાય છે. અર્થાત્, જે સતી સ્ત્રી પતિને આધીન રહી તેનાં વચન મુજબ વર્તન કરે છે તે સુખને ભોગવે છે. पुनरपि.

पतिर्देवो नारीणां पतिर्बन्धुः पतिर्गतिः ।
पत्युर्गति समा नास्ति दैवतं वा यथा पतिः ॥ ३ ॥

ભાવાર્થ—સ્ત્રીઓને પતિ જ દેવ છે, પતિ જ બાંધવ તુલ્ય છે, પતિ જ ગતિ છે, પતિ સમાન કોઇ ગતિ નથી અથવા જેવો પતિ છે તેવો દેવતા પણ નથી. અર્થાત્ સ્ત્રીઓને જે ગણીએ તે પતિમાંજ સમાએલું હોય છે. अपिच.

कार्येषु मन्त्री करणेषु दासी भोज्येषु माता शयनेषु रम्भा ।
धर्मानुकुला क्षमया धरित्री भार्या च षड्गुणवतोह दुर्लभा॥४॥

ભાવાર્થ—કાર્યમાં સલાહ આપવામાં મંત્રી સમાન, કામ કરવામાં દાસી સરખી, ભોજન કરાવવામાં માતા સરખી, શયન કરતી વખતે રંભા સમાન, ધર્મમાં અનુકુલ અને ક્ષમા ધરવામાં પૃથ્વી સમાન, આવી છ ગુણવાળી સ્ત્રી આ લોકમાં દુઃખે કરીને મળી શકેછે.

ઉત્તમ સ્ત્રી સાસુ સસરાની સેવા કરે છે, પતિના કબજામાં રહે છે, તેના સુખ, દુઃખ તથા હર્ષ, શોકમાં તેની સહચારિણી બને છે, પતિની સેવા કરવામાં જ હમેશાં રક્ત હોય છે, કાર્ય સિવાય પરઘેર જતી નથી, કુલટા સ્ત્રીઓના સોબત કરતી નથી, પરપુરૂષની સાથે આંખેઆંખ મેળવતી નથી તેમજ આલાપ સંલાપ, બેસવું ઉઠવું વિગેરેનો પણ ત્યાગ કરે છે, દેવ, ગુરૂ અને ધર્મનું આરાધન કરી આત્માને શુદ્ધ કરે છે. આ ગુણવાળી સ્ત્રીઓ કોઇ ભાગ્યશાળીજ મેળવી શકે છે. આવી સ્ત્રીઓ પોતાના બન્ને પક્ષના કુળ, વંશ અને ગુણોને ઉજ્જવળ કરી, કીર્તિમાં વધારો કરી, સતીઓમાં ગણાઇ, સત્યતાવાળી, પવિત્રતાવાળી અને દયાળુ બની સદ્દગતિને પ્રાપ્ત કરે છે. ધન્ય છે આવી પવિત્ર પતિવ્રતાઓને, કે જેઓનું નામ પ્રાતઃકાળમાં સ્મરણ કરવા યોગ્ય હોય છે.

दृष्टान्त पहेलुं.

પાટલીપુર નગરમાં નંદરાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં ધ-નાવહ નામનો એક શેઠ હતો. તેની રોહિણી નામની પતિવ્રતા સ્ત્રી હતી, એક વખત શેઠ સમુદ્ર માર્ગે વેપાર અર્થે ગયો. પછી એક દિવસે રાજાએ રોહિણીને તેણીના મકાનના છજામાં બેઠેલી દેખી જેથી તે કામાતુર થયો. પોતાની દાસીને તેણે રોહિણી પાસે મોકલી. દાસી તેણીને કહેવા લાગી કે તારૂં મહા પુણ્ય જાગૃત થયું છે કેમકે રાજા તારી ઇચ્છા કરે છે. આ સાંભળી તેણીએ વિચાર્યું કે અહો! કામી અને મહામૂઢ પુરૂષો પોતાના કુળ, ધર્મ અને મર્યાદાનું ઉલ્લંઘન કરતાં જરા પણ શરમાતા નથી, આ રાજા મદોન્મત્ત હસ્તિની માફક નિશ્ચય મારૂં શિયલ ખંડન કરશે, તેથી કાંઈ ઉપાય કરી તેને બોધ કરવો. આ મુજબ વિચાર કરી દાસીને કહ્યું કે રાત્રે રાજાને અત્રે મોકલજે. દાસી આનંદ પામી, રાજા પાસે જઈ બધી બીના કહી. રાજા ખુશી થઇ રાત્રે રોહિણીને ત્યાં ગયો. તેણીએ તેના સન્મુખ દૃષ્ટિ પણ કરી નહિ, પરન્તુ તેનું ઉચિત માન સાચવ્યું. ભોજન કરવા સારૂ રાજાને બેસાડી, જુદી જુદી જાતનાં ભોજનોમાં, વિધવિધ વેષવાળી અનેક સ્ત્રીઓએ બહાર નીકળી જુદા જુદા રૂપવાળી એકજ પ્રકારની રસવતી પીરસી. રાજા પણ ભોજન કરવા લાગ્યો, પરન્તુ દરેક ભાજનમાંથી રસવતીના એકજ પ્રકારના સ્વાદને જાણી પુછવા લાગ્યો કે હે મુગ્ધે! આ રસવતીમાં ભિન્નતા કેમ જણાતી નથી? રોહિણીએ જવાબ આપ્યો કે હે રાજન્! વિવેકી પુરૂષ તો એકજ ભાજનમાંજ હાથ નાંખે છે, બીજામાં નાંખતો નથી. જેમ જુદા જુદા ભાજનમાં રહેલી રસવતીનો સ્વાદ એકજ છે તેમજ સ્ત્રીઓમાં પણ સમજી લેવું,

ભિન્નતા માત્ર રૂપ, રંગ, વસ્ત્ર વિગેરેની છે. તમે રાજા થઇ પ્રજાની સ્ત્રીઓ કે જે પુત્રીઓ ગણાય, તેમની લજ્જા લેવા આવો તે તમારે યોગ્ય નથી. આ સાંભળી લજ્વાએલો રાજા તેણીના પગમાં પડી, પોતાનો અપરાધ ખમાવી, તેને બહેન તરીકે ગણી, પરસ્ત્રીનો હંમેશને માટે ત્યાગ કરી, પોતાના મહેલે ગયો. પ્રિય વાંચકો ! આનું નામ સતી સ્ત્રી. કેટલીક કુટિલાઓ ગમે તેની સાથે વ્યભિચાર કરવામાંજ આનંદ માને છે તેમને ધિક્કાર છે. સતી સ્ત્રીઓ તો રોહિણીની માફક પુરૂષોને બોધ કરી પોતાના બ્રહ્મચર્યનું રક્ષણ કરે છે, તેઓનેજ ધન્યવાદ છે.

દૃષ્ટાન્ત બીજું.

લક્ષ્મીપુરનગરમાં સમુદ્રદત્ત નામનો શ્રેષ્ટિ હતો, તે પોતાની સ્ત્રીને ઘરે મુકી સોમભૂતિ નામના બ્રાહ્મણની સાથે પરદેશ ગયો. કેટલાક વખત પછી શેઠનો કાગલ લઇ બ્રાહ્મણ દેશમાં આવ્યો. શેઠની સ્ત્રી શીલવતી કાગળ લેવા બ્રાહ્મણને ઘેર ગઇ, તેણીને રૂપવાળી દેખી બ્રાહ્મણ બોલ્યો કે પ્રથમ તું મારી સાથે ભોગ ભોગવ પછી તને કાગળ આપીશ. સ્ત્રી ચતુર હતી તેથી કહ્યું કે રાત્રે પ્રથમ પહોરે તારે મારે ઘેર આવવું. પછી તેણીએ સેનાપતિને ત્યાં જઇ કહ્યું કે સોમભુતિ બ્રાહ્મણ મારા સ્વામી પાસેથી લાવેલો કાગળ મને આપતો નથી તે તમે અપાવો. સેનાપતિ પણ તેને દેખી મોહ પામવાથી કહેવા લાગ્યો કે તું મારી સાથે ક્રીડા કરે તો કાગળ અપાવું. તેણીએ પણ શિયળભંગના ભયથી બીજા પહોરનો વાયદો કર્યો, પછી તેણી મંત્રી પાસે ગઇ ને કાગળ અપાવવાની માગણી કરી. મંત્રીએ પણ મોહથી ક્રીડા કરવાનું કહ્યું એટલે ત્રીજા પહોરનો વાયદો કરી તે રાજા પાસે ગઇ. રાજાએ પણ કામાન્ધ બનાથી તેજ માંગણી કરી, તેને ચોથા પહોર

રને વાયદો કરી ફેર ગઇ. પછી પોતાની પાડોશણને બનાવટી કાગળ આપી કહ્યું કે સવારે પાંચ વાગતાં તારે મને આ કાગળ આપવો. એમ કહી તે પોતાના મકાનમાં ગઇ. રાત્રે પ્રથમ પહોરે બ્રાહ્મણ આવ્યો તેની સાથે પરચુરણ વાતો કરી વખત ગાળી નંખાવ્યો એટલામાં બીજે પહોરે સેનાપતિ આવ્યો. તેનો શબ્દ સાંભળી બ્રાહ્મણ કંપવા લાગ્યો તેથી પેટીના એક ખાનામાં તેને નાંખી તાળું દીધું. એ મુજબ બીજે પહોરે સેનાપતિને પણ તેજ પેટીના બીજા ખાનામાં નાંખી તાળું દીધું. ત્રીજે પહોરે પ્રધાનને પણ ત્રીજા ખાનામાં દાખલ કરી તાળું દીધું. ચોથે પહોરે રાજાને પણ ચોથા ખાનામાં પૂર્યો. સવારમાં તેણી રૂદન કરવા લાગી. લોકોના પુછવાથી તે કહેવા લાગી કે મારા સ્વામીની અકુશળતાનો કાગળ આવેલો છે. આ સાંભળી તેનો કુટુંબી વર્ગ રાજા, મંત્રી અને સેનાપતિની શોધ કરવા લાગ્યો પણ તેઓનો પત્તો નહિ લાગવાથી રાજપુત્રને મળ્યો. તેઓએ તેને કહ્યું કે સમુદ્રદત્ત શેઠ પરદેશમાં અપુત્ર મરણ પામ્યો છે, તેની તેનું ધન તમે ગ્રહણ કરો. રાજપુત્ર તેને ત્યાં જઇ બીજું કાંઇ નહિ મળવાથી પેલી પેટી જોઇ તેને ઉપડાવી લઇ ગયો. સભામાં જઇ તાળાં ઉઘાડયાં તે વખતે તે ચારે જણા અંદરથી નીકળ્યા. તેઓ બધાની વચમાં ઝંખવાણા પડયા. રાજાએ બ્રાહ્મણ પાસેથી કાગળ શીલવતીને અપાવ્યો તથા તેની પ્રશંસા કરી અને બ્રાહ્મણને સજા કરી. આવી પતિવ્રતા સ્ત્રીઓથીજ તેઓના પતિ નિરન્તર સુખમાં જ રક્ત રહે છે.

દૃષ્ટાન્ત ત્રીજું.

આ જંબુદ્વીપમાં અનેક પ્રકારની ઋદ્ધિ સિદ્ધથી ભરપુર નંદન નામનું નગર હતું. તે નગરમાં એક રત્નાકર નામે શ્રેષ્ટિ વસતો હતો.

તે અપુત્ર હતો. એક વખત તેણે અજીતનાથ ભગવાનની અધિષ્ઠાત્રી દેવી અજીતબલાનું આરાધન કર્યું. દેવીના વરદાનથી તેને પુત્ર થયો, તેનું નામ તેણે અજીતસેન રાખ્યું. તે અજીતસેનને શીલવતી નામની સ્ત્રી સાથે પરણાવ્યો. શીલવતી શુકનશાસ્ત્રની જાણ હોવાથી તેને અનેકપ્રકારે દ્રવ્યપ્રાપ્તિ થઈ. અજીતસેન પણ સ્ત્રીની બુદ્ધિથી કેટલાક ગુંચવણ ભરેલા કામોના નીકાલ કરવાથી રાજાનો માનીતો મંત્રી થયો. એક વખત રાજાએ બીજા રાજા ઉપર ચડાઈ કરવા જવાનું હોવાથી મંત્રીને પોતાની સાથે આવવા કહ્યું. મંત્રીએ ઘેર જઇ શીલવતીને કહ્યું કે હું પરદેશ જવાનો છું તેથી તું એકલી અત્રે કેમ રહીશ ! સ્ત્રીનું શીયલ પતિ પાસે હોય તોજ સચવાય છે. જેનો પતિ પરદેશ ગયેલો હોય એવી સ્ત્રી મદોન્મત્ત હસ્તિની માફક સ્વેચ્છાચારથી કુકર્મો કરે છે. પતિનાં આવાં વચનો સાંભળી શીલવતી અશ્રુપૂર્ણમુખવાળી બની ગઇ અને શીલનો મહિમા દેખાડવા માટે એક પુષ્પની માળા પોતાના હાથે ગુંથી પતિના ગળામાં નાંખી કહેવા લાગી કે હે નાથ ! જ્યાં સુધી હું શીલમાં રક્ત રહીશ ત્યાં સુધી આ માળા કરમાયા વિનાનીજ રહેશે. આથી પતિ સંતોષ પામી પરદેશ ગયો. શાબાશ પતિવ્રતા, શાબાશ છે તને !

એક વખત રાજાએ મંત્રીના ગળામાં વિકસ્વર ફુલની માળા જોવાથી આશ્ચર્ય પામી કારણ પૂછ્યું. મંત્રીએ બધી વાર્તા કહી. રાજા એક દિવસે બીજા મંત્રીઓ આગળ એકાન્તમાં કહેવા લાગ્યો કે અજીતસેનની સ્ત્રી સતી છે તે શું ખરી વાત છે ? તેઓએ કહ્યું કે આ કાળમાં સ્ત્રીઓ સતી હોયજ ક્યાંથી ? ફક્ત મંત્રના બળથી અજીતસેન ભરમાએલો છે. જો તમે અમારામાંથી કોઇને પણ અર્ધલક્ષ દ્રવ્ય આપો તો તે તમને તેનું સતીપણું દેખાડી આપશે. આ

સાંભળી અશોક નામના મંત્રીને ધન આપી રાજાએ ત્યાં મોકલ્યો. મંત્રીએ પણ નગરમાં જઈ એક માળણને કહ્યું કે તું શીલવતી પાસે જા અને કહેજે કે એક પુરૂષ તારો સંગ કરવા ઇચ્છે છે. માળણ બોલી કે સર્વને વશ કરવામાં મુખ્ય સાધન ધન છે, તેના વિના કાંઈ થઇ શકશે નહિ. તેણે અર્ધલક્ષ દ્રવ્ય આપવાનું કહ્યું. માળણ પણ શીલવતી પાસે ગઇ અને બીના કહી. શીલવતીએ વિચાર્યું કે રાજાએ મારા પતિના ગળામાં રહેલી માળા જોવાથી આને પરિક્ષા કરવા મોકલેલો જણાય છે તો હું પણ તેને શિયલનો પ્રભાવ બતાવું, આમ વિચાર કરી દ્રવ્યની માગણી કરી. માળણે કબુલ કર્યું એટલે એક દિવસ નક્કી કરી માળણને તે પુરૂષને પોતાને ત્યાં મોકલવા કહ્યું.

શીલવતીએ પોતાના ઘરમાં એક ઉંડો ખાડો ગુપ્ત રીતે કરાવ્યો. તેના ઉપર એક મુંજ વિનાનો ખાટલો મુકી તેના ઉપર ધોળું વસ્ત્ર પાથર્યું. સંકેત કરેલી રાત્રે અશોક પોતાના આત્માને કૃત્યકૃત્ય માની, સ્નાન કરી, ઉજ્જવળ વસ્ત્રો ધારણ કરી, પુષ્પની માળા પહેરી, ધન લઇ, શીળવતીને ત્યાં ગયો. દાસીએ કહ્યું કે પ્રથમ ધન આપો અને પછી આ ખાટલા ઉપર બેસો. તે ખાટલા ઉપર બેઠો કે તરતજ ખાડામાં પડયો. ખરી વાત છે કે 'પાપીઓને પાપ શીઘ્ર ફળે છે.' ત્યાંથી દરરોજ નિરસ અન્ન અને પાણી કોડીઆમાં મુકી તેને તેણી આપે છે. આવા દુઃખથી તે અશોક હતો પણ પરસ્ત્રીનું શીલ ખંડન કરવા જતાં સશોક થયો. એક માસ પછી બીજો કામાન્કુર નામનો મંત્રી પણ તેજ મુજબ ધન લઇને આવ્યો તેની પણ અશોક જેવી દશા થઇ. એક માસ પછી લલિતાંગ નામના મંત્રીની પણ તેવીજ હાલત બની, છેવટે એક મહિને ચોથો

રતિકેલિ નામનો મંત્રી ત્યાં આવ્યો. તે પણ ધન આપીને ખાડામાં પડયો. ચારે મંત્રીઓ ખાડામાંજ આહાર નિહાર કીડાની માફક કરે છે. તેઓને ડાંસ, મચ્છર વિગેરે જીવો કરડે છે. તેઓ મનુષ્ય લોકમાં રહ્યા છતાં નારકીના જીવોજેવી દશા ભોગવવા લાગ્યા. નિરસ અને જુજ અન્ન ખાવાથી શરીર સુકાઇ ગયાં. દાઢી, મુછ, મસ્તકના કેશ અને હાથપગના નખ વધી ગયા. પેટમાં ખાડા પડયા, આંખો ઉંડી ઉતરી ગઇ. સર્વ ઇન્દ્રીઓ શક્તિહીન બની ગઇ, દુઃખે કરી દિવસો પસાર કરવા લાગ્યા. શત્રુનો જય કરી રાજા નગરમાં આવ્યો. ખાડામાં રહેલા મંત્રીઓએ શીલવતીને કરગરીને કહ્યું કે હે સ્વામીની ! તમારૂં મહાત્મ્ય દીઠું. અમારા પાપનું ફળ અમોએ ચાખ્યું. અમારા કંઠે પ્રાણ આવ્યા છે. આ દુઃખોમાંથી અમારો ઉદ્ધાર કરી અમને જીવિતવ્ય બક્ષો, અમારા અપરાધ માફ કરી અમને અમારા ઘરભેગા કરો. દયા આવવાથી શીલવતી બોલી કે મારા કહ્યા મુજબ વર્ત્તો તો બહાર કાઢું. તેઓએ કહ્યું કે હે માતાજી ! તમો જેમ કહેશો તેમ કરીશું, પરન્તુ અમારો ઉદ્ધાર કરો. શીલવતીએ ચારે જણાને કહ્યું કે હું જ્યારે ભવતુ કહું ત્યારે તમારે સર્વેએ બોલવું કે ભવતુ, ભવતુ, તેઓએ કબુલ કર્યું.

શીલવતીએ પોતાના પતિ પાસે રાજાને જમવા સારૂ નિમંત્રણ કરાવ્યું. આગલે દિવસે સર્વ રસવતી કરાવી ગુપ્ત રાખી મુકી. જમણના દિવસે અગ્નિ સળગાવ્યો નહિ. રાજાએ તપાસ કરાવી, તે પણ આશ્ચર્ય પામ્યો. શીલવતીએ તે ચારેને બહાર કાઢી સ્નાન કરાવી, શરીર રંગાવી, યક્ષ સદશ તેઓને બનાવી રસવતી જ્યાં મુકેલી હતી ત્યાં ગુપ્તપણે રાખ્યા. રાજા જમવા સારૂ આવ્યો તે વખતે શીલવતી

સ્નાન કરી પવિત્ર વસ્ત્રો પહેરી, ધુપ કરી બોલી કે હે યક્ષો ! રાજા સાહેબ પધાર્યા છે તેઓને બેસવા સારૂ પાટલો ભવતુ, તેઓએ કહ્યું કે ભવતુ, ભવતુ, આ મુજબ બધી વસ્તુઓ માંગીને ભોજન કરાવ્યું. રાજાએ પણ ચમત્કાર પામી ભોજન કર્યું. પછી મંત્રી રાજાના ચરણ-કમળમાં પડયો. રાજાએ મંત્રીને કહ્યું કે હે મહાનુભાવ ! તારા ઘરમાં ચારે યક્ષો છે, તે તું મને આપ. મારે પરદેશ જવાનું થાય છે તે વખતે વચન માત્રથીજ ભોજન ઉત્પન્ન થાય. મંત્રી બોલ્યો કે હે નાથ ! શું બોલ્યા ? મારા પ્રાણ પણ તમારાજ છે, તો યક્ષો વાસ્તે તો શું કહેવું. હે કૃપાનાથ ! સુખેથી આપ લઇ જાઓ. પછી ચારેની પૂજા કરી, કરંડીઆમાં મુકી, વસ્ત્રવડે ઢાંકી, કોઇએ યક્ષોનું સ્વરૂપ જોવું નહિ એમ કહી રથમાં કરંડીઆ મુકયા. રથની પાછળ ગાતી સ્ત્રીઓ સહિત તથા વાજિંત્રના નાદ સહિત રાજા મહેલે ગયો. રાજાએ સાયંકાળે રસોઇઆઓને સવારમાં રસોઇ કરવાની ના પાડી. બીજે દિવસે ભોજનાવસરે રાજાએ યક્ષોની પૂજા કરી અને તેઓને કહ્યું કે પકવાન્નાદિક ભવતુ. યક્ષો બોલ્યા કે ભવતુ, ભવતુ, પરન્તુ કાંઇ તેઓ આપી શકયા નહિ. રાજાએ કરંડીઆ ખોલી જોયું તો પિશાચરૂપવાળા દાઢી, મુછ અને મસ્તકના વધેલા કેશવાળા, ગ્લાનમુખ-વાળા, દુર્બળ દેહવાળા, નીચી દ્રષ્ટિવાળા જાણે કાગડાજ હોય નહિ એવા ચારે મંત્રીઓને જોયા. તેમની બુરી હાલત દેખી રાજાએ સર્વ વૃત્તાંત પૂછયું. ચારે જણાએ બનેલી હકીકત કહી. રાજાએ પણ શીલવતીના શીલ તથા બુદ્ધિની પ્રશંસા કરી. લોકોમાં તેણીની પ્રતિષ્ઠા થઇ. તે બન્ને સુખ ભોગવી, દીક્ષા ગ્રહણ કરી, પાંચમે દેવલોકે ગયાં. ત્યાંથી મહાવિદેહમાં ઉત્પન્ન થઇ મોક્ષે જશે.

પ્રિય વાંચક ! આવી પવિત્ર સ્ત્રીઓનાં ચરિત્ર નિરન્તર આ-

કાળની સ્ત્રીઓને જણાવી બોધ કરવામાં આવે તો તેઓ બ્રહ્મચર્યનું રક્ષણ કરનારી થાય છે. આવી પતિવ્રતાઓને ધન્ય છે, તેઓનાં યશોગાન અને ઉજ્જ્વળ ગુણો પુસ્તકોમાં ઝળકી રહેલાં છે. પ્રથમથીજ માતપિતા તરફથી બાલ્યાવસ્થામાં સારા સંસ્કાર પડે અને મોટપણમાં ખરાબ સોબતથી અટકે તો સ્ત્રીઓ પવિત્રતાથી રહી શકે. સ્ત્રીઓ પરપુરૂષની સોબતમાંથી બચવા પામે અને તેઓની સાથે હાસ્યાદિક કરે નહિ તો તેઓ સતીઓ બની શકે. અન્ય શાસ્ત્રકારો પણ સતીઓનાં લક્ષણો પોતાના ગ્રંથોમાં કહે છે.

એક પ્રસ્તાવે દ્રૌપદીજી સત્યભામાને સ્ત્રીધર્મની સમજુતી આપતાં કહેતાં હતાં કે સ્ત્રીઓએ કોઇ વખત પણ સ્વચ્છંદપણે વર્તવું નહિ, એટલુંજ નહિ પરન્તુ આચાર, વિચાર, અને દરેક કાર્યોમાં પતિને અનુસરવું, તેની આજ્ઞા મુજબ ચાલવું તેની સાથે કપટ કરવું નહિ. મનુસ્મૃતિમાં કહ્યું છે કે. यतः—

नास्ति स्त्रीणां पृथग्यज्ञो न व्रतं नाप्युपोषणम् ।
पतिं सुश्रुषते येन तेन स्वर्गे महीयते ॥ १ ॥

ભાવાર્થઃ—સ્ત્રીઓને પતિ કરતાં બીજો યજ્ઞ નથી, વ્રત નથી અને ઉપોષણ—ઉપવાસ પણ નથી. જેથી તે પતિની સેવા કરે છે તેથીજ તે સ્ત્રી સ્વર્ગમાં પણ પૂજાય છે. આથી સિદ્ધ થાય છે કે પતિ સાથે ઉદ્ધતાઇથી તેમજ તેનાથી વિરૂદ્ધ વર્ત્તન કરવાથી આ ભવમાં અપવાદ અને પરભવમાં નરકાદિ ગતિને મેળવે છે. આ મુજબ દ્રૌપદી સત્યભામાને સમજાવે છે અને ફરીથી પણ કહે છે કે અંગિરા ઋષિ ઉદ્ધતાઇથી વર્ત્તન કરનાર સ્ત્રીના સમ્બન્ધમાં કહે છે કેઃ—यत्त उक्तम्.

उक्त्वा प्रत्युत्तरं दद्यान्नारी क्रोधेन भारत ।
सरमा जायते ग्रामे शृगाली निर्जने वने ॥ २ ॥

ભાવાર્થ—હે યુધિષ્ઠિર ! જે સ્ત્રી ક્રોધથી બોલીને પોતાના પતિને સામો ઉત્તર આપે છે તે ગામમાં કુતરી થાય છે અને ઉજ્જડ વનમાં શિયાળણી થાય છે. આ મુજબ અંગિરા ઋષિ કહે છે. દ્રૌપદી સત્યભામાને કહે છે કે સાંભળ્યું બહેન ! પતિને ક્રોધ કરી ઉત્તર આપવામાં પણ કેવી શિક્ષા ખમવી પડે છે તે વિચારવાનું છે. આ જમાનામાં કેટલીક ઉચ્છૃંખલ સ્ત્રીઓ પોતાનાં પતિને તિરસ્કારથી બોલાવે છે અને વખતોવખત ધમકાવે છે, તેઓ પતિ અને કુદરતની ગુન્હેગાર થાય છે. કેટલીક રસેન્દ્રીમાં લોલુપ્ત સ્ત્રીઓ પોતાના સ્વામીથી ગુપ્તરીતે માલ મલિદા ખાય છે, તેઓ વાસ્તે પણ મહાભારતમાં પ્રાયશ્ચિત કહેલું છે. कथितं च.

या भर्त्तारं परित्यज्य मिष्टमश्नाति केवलम् ।
उलुकी जायते क्रुरा वृक्षकोटरशायिनी ॥ ३ ॥

ભાવાર્થ—જે સ્ત્રી પતિનો ત્યાગ કરીને એકલીજ મિષ્ટાન્ન ખાય છે, તે મરીને વૃક્ષના કોટરમાં રહેનાર ક્રુર ધુવડની સ્ત્રી થાય છે.

દ્રૌપદી કહે છે કે હમણાં ઘણી ખરાબ સ્ત્રીઓ પતિથી ગુપ્તપણે મિષ્ટાન્નનું ભોજન કરી, ચોર બની, પોતાની જાતને વગોવે છે. ઉત્તમ સ્ત્રીઓને આ મુજબ વર્ત્તન કરવું યોગ્ય નથી. સ્વામીને મુકી એકલી ગમે ત્યાં ભટકનાર સ્ત્રી પણ ખરાબ ગતિને પામે છે. तथा.

या भर्त्तारं परित्यज्य रहश्चरति केवलम् ।
ग्रामे वा शूकरी भूयात् वल्गुली वा श्वविड्भुजा ॥ ४ ॥

ભાવાર્થ—જે સ્ત્રી ભર્તારનો ત્યાગ કરી એકલી ગુપ્તપણે રઝળે છે તે મરીને ગામમાં શૂકરી અથવા વડવાગોળ અથવા કુતરાની વિષ્ટા ખાનારી થાય છે.

દ્રૌપદી કહે છે કે કેટલીક સ્ત્રીઓ પોતાના પતિની રજા વિના બહાર રખડી કેટલાં કાર્યો કરે છે તે બિલકુલ યોગ્ય નથી. સુશીલ સ્ત્રીઓએ વિચાર કરીને વર્ત્તવું જોઇએ. કેટલીક તુચ્છ બુદ્ધિવાળી સ્ત્રીઓ પતિને તુચ્છકારથી બોલાવેછે તે યુક્ત નથી. यतः

या हुं कृत्य प्रियं ब्रुते सा मुका जायते खलु ।
या सपत्नीं सदेर्ष्येत दुर्भगा साऽन्यजन्मनि ॥ ५ ॥

ભાવાર્થ—જે સ્ત્રી પતિને હુંકારાથી–તુચ્છકાર કરીને બોલાવે છે તે નિશ્ચયે મુંગી થાય છે. જે સ્ત્રી શોકયની હમેશાં ઇર્ષ્યા કરે છે તે બીજા જન્મમાં દુર્ભગા થાય છે.

વળી દ્રૌપદી સત્યભામાને કહે છે કે જે સ્ત્રી પતીને મુકી પરપુરૂષને કુદૃષ્ટિથી જુએ છે તે આંધળી અગર કાણી થાયછે. उक्तं च.

दृष्टिं विलुप्य भर्तुर्या काश्चिदन्यं समीक्षते ।
काणा वा विमुखी चापि कुरुपा चैव जायते ॥ ६ ॥

ભાવાર્થ—જે કોઇ સ્ત્રી સ્વામીની દૃષ્ટિને ગોપવી અન્યની સમીક્ષા કરે છે તે કાણી, વક્રમુખવાળી અને કુરૂપા થાયછે. દ્રૌપદી સત્યભામાને કહે છે કે પરપુરૂષની સમીક્ષા કરનારને પણ કેટલો બધો દંડ કહેલો છે, તેનો વિચાર કરો. આ મુજબ છે છતાં પણ આ કાળની કેટલીક સ્ત્રીઓ પરપુરૂષને વારમ્વાર જોવામાં, તેની સાથે બોલવામાં અને હાસ્યવિનોદ કરવામાંજ પતિવ્રતપણું માને છે. કેટલીક તો એવી હોય છે કે રસ્તે જતા પુરૂષને પણ બળાત્કારથી પોતાની સામે જોવાની, પો-

તાની સાથે હસવાની અને બોલવાની ફરજ પાડે ત્યારે તેઓને શાન્તિ થાય. અરે! અજ્ઞાની સ્ત્રીઓ આ પ્રમાણે વર્ત્તન કરી પતિત થઈ ભવાટવીમાં રખડે છે. ખરી પતિવ્રતાનાં લક્ષણો મહાભારતમાં નીચે મુજબ કહેલાંછે. यतः

परुषाण्यपि चोक्ताया दृष्टा दुष्टेन चक्षुषा ।
सुप्रसन्नमुखी भर्तुर्या नारी सा पतिव्रता ॥ ७ ॥

ભાવાર્થ—પોતાના સ્વામીએ કઠોર વચનો કહ્યાં હોય અને દુષ્ટ ચક્ષુથી દેખેલી હોય છતાં સારી રીતે પતિ ઉપર પ્રસન્ન મુખવાળી રહે તે પતિવ્રતા કહેવાય છે. મનુ પણ કહે છે કે. तथा च.

पुरुषं सेवते नान्यं मनोवाक्कायकर्मभिः ।
लोभिता-पि परेणार्थैः सा सती लोकभूषणा ॥ ८ ॥

ભાવાર્થ—જે સ્ત્રી પરપુરૂષે ધનાદિકથી લોભ પમાડેલી છતાં મન, વચન અને કાયાથી બીજા પુરૂષને સેવન કરતી નથી, તે લોકમાં ભૂષણ રૂપ સતી કહેવાય છે. દ્રૌપદી સત્યભામાને કહે છે કે કેટલીક સ્ત્રીઓ ખાનપાન, ધન અને વસ્ત્રના લોભથી પરપુરૂષને સેવતી જણાય છે, તેઓ આ લોક અને પરલોક બન્નેમાં ધર્મ અને સુખોથી ભ્રષ્ટ થાય છે. આ કારણથી સ્ત્રીઓએ કોઈ પણ પ્રકારની લાલચ કરવી નહિ. अपि च.

दौत्येन प्रार्थिता वापि बलेन विधृतापि वा ।
वस्त्राद्यैर्वासिता वापि नैवान्यं भजते सती ॥ ८ ॥

ભાવાર્થ—અન્ય પુરૂષોએ દુત મારફત પ્રાર્થના કરેલી હોય, બળથી પકડેલી હોય અથવા વસ્ત્રાદિથી લલચાવી હોય છતાં પણ

સતી સ્ત્રી અન્યને સેવન કરતી નથી. દ્રૌપદી કહે છે કે કેટલાક દુષ્ટ, નીચ, હરામખોર, લંપટ અને ધૂર્ત્ત પુરૂષો હૃદયમાં કપટ રાખી મોંઢે મીઠું બોલી સ્ત્રીઓને લાલચ આપી અથવા ફસાવીને તેનું શિયળ ખંડન કરવાની ઇચ્છાવાળા હોય છે, તેથી પરપુરૂષોનો પડછાયો લેવો પણ યોગ્ય નથી. દુષ્ટ પુરૂષો મુર્ખ સ્ત્રીઓ પાસે ફાવે છે, પરન્તુ સતીઓ તો તેઓના ઉપર નજર પણ નાંખતી નથી. કહ્યું છે કે. तद्यथा.

वीक्षिता विक्षते नान्यैर्हसिता न हसत्यपि ।

भाषिता भाषते नैव सा साध्वी सत्यलक्षणा ॥ १० ॥

ભાવાર્થ—અન્ય પુરૂષે સામું જોયા છતાં જે સામું દેખતી પણ નથી, હસાવ્યા છતાં હસતી પણ નથી અને બોલાવ્યા છતાં બોલતી પણ નથી તે સાચેસાચા લક્ષણવાળી પવિત્ર સ્ત્રી હોય છે. દ્રૌપદી સત્યભામાને કહે છે કે બ્હેન! ધ્યાન રાખજે કે ગ્રન્થકારો સ્ત્રીઓના વર્ત્તન માટે આમ કહે છે. છતાં પણ કેટલાક મુર્ખ લોકો પોતાની સ્ત્રીને બીજા પુરૂષોને સોંપે છે, તેઓ બીલાડાને દુધનું રક્ષણ કરવા બેસાડે તેની માફક કરે છે અને સ્ત્રીઓને વ્યભિચારી બનવાનું શીખવે છે. શાસ્ત્રકારના વચનો ઉપર તેમજ વ્યાખ્યાનકર્તા ઉપર લોકો રોષ કરે છે તે ન કરતાં તેઓએ લાંબો વિચાર કરી તે વચનોને માન આપી સ્ત્રીઓમાં સદ્ગુણની વૃદ્ધિ થાય તેમ પ્રયત્ન કરવો. કિં બહુના! જે પુરૂષો સ્ત્રીઓને સતીઓ બનાવવા ઇચ્છતા હોય અને જે સ્ત્રીઓને સતીઓ બનવું હોય તેઓને વાસ્તે તો એકજ રસ્તો છે કે જેમ બને તેમ અન્ય પુરૂષોનો સંસર્ગ ઓછો કરાવવો અને કરવો. આ મુજબના વર્ત્તનથી સ્ત્રીઓમાં લાજમર્યાદાની વૃદ્ધિ અને બ્રહ્મચર્યની પુષ્ટિ થશે અને તેઓ સતી સ્ત્રીઓ તરીકે જગતમાં યશને પામશે.

———:o:———

વિધવા સ્ત્રીઓને હિતશિક્ષા.

સુજ્ઞ સજ્જનો ! કાળ અને કર્મની વિચિત્રતાથી જગત્માં આશ્ચર્યકારક બનાવો બને છે અને જીવો તેને દેખે છે પણ ખરા, તેમજ જાણે છે અને અનુભવે પણ છે. કર્મ સમાન કોઇ બળવાન નથી, તે કારણથી ભવાન્તરમાં કરવામાં આવેલાં દુષ્કર્મોના ઉદયથી કેટલીક સ્ત્રીઓ ચોરીમાંજ વિધવા થાય છે, વળી કોઇક લગ્ન પછી બે, ચાર, છ અગર બાર માસમાંજ પતિહીન થાય છે તેમજ કેટલીક અમુક વર્ષે રાંડે છે. આવી વિધવા સ્ત્રીઓને માટે નીચે મુજબ હિતશિક્ષા શાસ્ત્રકાર ભગવાને શાસ્ત્રોમાં ગુંથેલી છે. यतः

पट्टकुलानि ताम्बूलं नाटकप्रेक्षणानि च ।
शृङ्गाररसगीतानि दुग्धदध्यादिभोजनम् ॥ १ ॥
क[illegible]ादनं वरदर्शनम् ।
सिन्दुरकज्जलालक्तकुङ्कुमादिविभूषणम् ॥ २ ॥
सीमन्तकरणं द्यूताम्भःक्रीडां नर्मभाषणम् ।
स्फारालङ्कारनिर्माणं पुष्पोत्तंसादिविक्रियम् ॥ ३ ॥

एकाकित्वभ्रमणं परगृहगमनं रहो नरैर्मिलनम् ।
गेहद्वारे रमणं शयनं पल्यङ्के शय्यादौ ॥ ४ ॥
एतानि हि न कल्पन्ते विधवायाः कुलस्त्रियः ।
यौवनोन्मादहेतुनि कारणेन विना क्वचित् ॥ ५ ॥

ભાવાર્થ—ઉત્તમ વસ્ત્ર પહેરવાં, તાંબુલ ભક્ષણ કરવું, નાટક જોવાં, શૃંગારરસનાં ગીતો ગાવાં, દુધ તથા દહિ આદિ સ્નિગ્ધ વસ્તુઓનું ભોજન કરવું, કપુર અને લવિંગાદિકના સ્વાદ કરવા, સારા પરન્તુ કામવિકાર ઉપજાવે તેવા પદાર્થો દેખવા, સિંદુર, કાજલ, અલતો અને કેશરાદિકનું વિલેપન કરવું, સેંથો પાડવો, જુગટું, પાણીની ક્રીડા અને હાસ્યક્રીડા સંબન્ધી વચનો બોલવાં, દેદિપ્યમાન દાગીના પહેરવા, પુષ્પાદિકથી કાન અને મસ્તક શોભાવવાં તથા પુષ્પાદિક વેચવાં, એકાકિ ભ્રમણ કરવું, પરઘેર ગમન કરવું, એકાન્તમાં પુરૂષોની સાથે મેળાપ કરવો, ઘરના આંગણામાં રમવું, પલંગ અને શય્યાદિકમાં સુઇ રહેવું, આ બધાં યૌવન વયને ઉન્માદી બનાવવાનાં કારણભૂત હોવાથી, કારણ વગર કદી પણ કુળવાન એવી વિધવા સ્ત્રીઓને કલ્પતાં નથી.

શાસ્ત્રકારો જ્યારે શીલનું સંરક્ષણ કરવા માટે વિધવાઓને આવો ઉપદેશ આપે છે ત્યારે કેટલીક અકુલીન વિધવાઓ વિપરીત આચરણ કરનારી જણાય છે. કેટલીક સ્ત્રીઓ મોજશોખથી અથવા કુસંગતિથી બગડે છે, કેટલીક સ્ત્રીઓને તેઓનો વાલીઓ બગાડે છે અને કેટલીક તો ખરાબ સ્ત્રીઓના સહવાસથીજ બગડે છે.

વિચાર કરીશું તો જણાશે કે ઉપરના શ્લોકોમાં જણાવેલ બીના ખરેખરી છે. જેમકે વિધવાઓ નવીન, રેશમી અને હીરાગળ તથા બારીક વસ્ત્રો પહેરે તેથી પોતાનો દેહ શોભિત થાય છે અને છેવટે કામવિકાર ઉત્પન્ન થાય છે, માટે વસ્ત્રો તો સાદાં અને જાડાં પહેરવાં જોઇએ કે કોઇને પણ કામવિકારનું સાધન પોતાનો દેહ થાય નહિ અને તેથીજ શીલનું રક્ષણ થાય છે. તામ્બુલ ખાવાથી પણ વિકાર ઉત્પન્ન થાય છે, માટે તે પણ ત્યાગવા લાયક છે.

નાટકમાં જવાથી પણ સ્ત્રીપુરૂષોના હાવભાવ, તથા વેશ જોવાથી અને ગાયનો સાંભળવાથી વિકાર થાય છે તેમજ જોવા આવેલા પુરૂષો અને રસ્તે જતા પુરૂષો ઉપર દૃષ્ટિ પડવાથી પણ વિકાર થાય છે તેથી તે જોવાં નહિ તેજ શ્રેયસ્કર છે. વિષયવાસનાને જાગૃત કરનારાં ગાયનો પણ વિકારના નિમિત્તભૂત છે માટે તે પણ ન ગાવાં તેજ હિતકારક છે. દુધ, દહિ વિગેરે સ્નિગ્ધ પદાર્થોના ભક્ષણથી ઇન્દ્રિયો બળવાન થાય છે અને તેથી કામવાસના જાગૃત થાય છે માટે તેવા પદાર્થ પણ ખાવા જોઇએ નહિ. કપુર અને લવિંગાદિક પણ વિકાર ઉત્પન્ન કરનાર છે. સારી સારી વસ્તુઓ તેમજ રૂપાળા પુરૂષોને દેખવાથી પણ કામવાસના થાય છે. સિંદુરથી શરીર શણગારવાથી, આંખમાં કાજળ આંજવાથી, પગે અળતાનો લેપ કરવાથી અને કેસરાદિકથી શરીરે વિલેપન કરવાથી વિષયવાસના વધે છે. મસ્તકમાં સેંથો પાડવાથી, જુગાર રમવાથી, પાણિમાં ક્રીડા કરવાથી, હાસ્યાદિકનાં વચનો બોલવાથી પુરૂષોના સંબન્ધમાં અવાય છે અને તેથી ચિત્તવૃત્તિ બગડે છે. સારા અલંકારો પહેરવાથી પણ વિકાર ઉત્પન્ન થાય છે. પુષ્પાદિક તથા તેમનાં બનાવેલ આભૂષણો વેચવાથી પણ પુરૂષોના સંસર્ગમાં અવાય છે અને તેથી હાસ્યાદિક અનેક પ્રકારની ચેષ્ટાઓ થવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. એકાકી ફરવાથી, પરઘેર જવાથી અને પુરૂષો સાથે ગુપ્તપણે મળવામાં પણ ઇન્દ્રિયોઓમાં વિકારની પ્રબળતા થાય છે, જેથી શિયલભંગ કરવાની ઇચ્છા થાય છે. આંગણામાં રમવાથી જતા આવતા પુરૂષો પર દૃષ્ટિ પડે છે અને તેથી મોહ થાય છે. પલંગ અને સુકોમળ શય્યામાં સુવાથી પણ વિકાર થાય છે. આ બધાં નિમિત્તો વિકાર ઉત્પન્ન કરી બ્રહ્મચર્યનો ભંગ કરવામાં નિમિત્તભૂત થઇ પડે છે માટે તે ત્યાગ કરવા લાયક છે. જે

સ્ત્રીઓ આ બધી વસ્તુઓ ત્યાગ કરે છે તેઓજ બ્રહ્મચર્યનું રક્ષણ કરી શકે છે. આ જમાનામાં કેટલાક માતપિતા અને સાસુસસરા રાંડનારી નાની હોવાથી, એમ જાણે છે કે આને કાંઇ સંસારસુખ ભોગવ્યું નથી તેથી તેઓ તેને સારાં સારાં વસ્ત્રાભૂષણો પહેરાવે છે અને ખાનપાન ખવરાવે છે તથા નાટકાદિક જોવા મોકલે છે અને બીજા પણ મોજશોખ ભોગવવા દે છે. આથી તે વિધવાઓ અકાર્ય કરનારી થઇ છેવટે ગર્ભપાત કરે છે જેના નિમિત્ત તેઓજ થાય છે. દરેક વસ્તુ હદમાંજ શોભે છે, પરન્તુ તેમાં અતિશયપણું થવાથી બગડે છે. ખરી રીતે કહીએ તો વિધવાઓના સગાંવહાલાંજ તેને બગાડવાનો હેતુ બને છે. પુરૂષો સાથે બોલવું, હસવું, બેસવું, ઉઠવું, જવું, આવવું તેજ સ્ત્રીઓને બગડવાનું કારણ છે, કેમકે તેથી લાજ મર્યાદા રહેતી નથી, અને ઉચ્છૃંખલપણું પ્રાપ્ત થાય છે.

સ્ત્રીઓને શીલ રક્ષણ માટે નીચે મુજબ ઉપાયો કહેલા છે. **यतः**

लज्जा दया दमो धैर्यं पुरुषालापवर्जनम् ।
एकाकित्वपरित्यागो नारीणां शीलरक्षणे ॥ ६ ॥

ભાવાર્થ—સ્ત્રીઓને શીલ રક્ષણ માટે લજ્જા ધરવી, દયા કરવી, ઇંદ્રીઓનું દમન કરવું, ધૈર્ય ધરવું, પુરૂષો સાથે નકામી વાતચિતનો ત્યાગ અને એકલા ફરવાનું બંધ કરવું એ ઉપાયો છે.

તાત્પર્ય કે લજ્જાવાળી સ્ત્રી લજ્જાને લીધે પુરૂષના સંસર્ગમાં આવી શકતી નથી જેથી તે શીલનું રક્ષણ કરે છે. દયાળુ સ્ત્રી ચારે તરફનો વિચાર કરે છે અને તેથી તેના શીલનું રક્ષણ થાય છે. ઇંદ્રીઓને દમનારી સ્ત્રીને કદીપણ વિકાર ઉપજતો નથી અને તેથી

તેનું બ્રહ્મચર્ય સચવાય છે. ધૈર્યવાન્ સ્ત્રી પોતાના કુળની મર્યાદા છોડતી નથી જેથી તે પણ શીલનું રક્ષણ કરી શકે છે. પુરૂષો સાથે વાતચિત ન કરનારી સ્ત્રી પણ શીલ સાચવે છે કેમકે તે પુરૂષના સંબન્ધમાં આવી શકતી નથી. એકલી ન ફરનારી સ્ત્રી પણ બેચાર સ્ત્રીઓની સોબતમાંજ રહેતી હોવાથી મર્યાદા મુકી શકતી નથી જેથી તે પોતાના શીલ ધર્મને રક્ષણ કરે છે. સ્ત્રીઓ પછી તે વિધવા, અગર કુમારી હોય તોપણ તેઓને પુરૂષોનો ગાઢ સંબંધ અવગુણ કરનારજ નીવડે છે. સ્ત્રીઓની દૃષ્ટિ ચંચળ હોય છે તેથી તેઓ પુરૂષનાં મુખ જોવા ઇચ્છે છે અને પછી ગાઢ સંસર્ગમાં આવે છે જેથી છેવટે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થાય છે. આ કારણથીજ સ્ત્રીઓએ પુરૂષનો અતિ પરિચય ત્યજવા યોગ્ય છે.

સ્ત્રીઓને પ્રથમ એકાદ વખત પુરૂષનું મુખ જોવાની ઇચ્છા થાય છે ને એકવાર જુએ છે એટલે વખતોવખત જોવાની ઇચ્છા થાય છે. વારંવાર મુખ જોવાથી તેની સાથે બોલવાનું મન થાય છે ને એક વખત બોલે છે એટલે વારંવાર બોલવાને તેઓ ઇચ્છે છે. વારંવાર બોલવાથી હાસ્યાદિક કરે છે જેથી મર્યાદા તુટી જાય છે. મર્યાદા તુટવાથી પરસ્પર વિરહ સહન થઇ શકતો નથી માટે એકાન્ત શોધે છે. એકાન્તમાં મળવાથી લાજ મુકી દઇ તેઓ ભ્રષ્ટ થાય છે. આથીજ કુલીન સ્ત્રીઓને શીલરક્ષણનો ઉપાય એકજ છે કે પુરૂષો સાથે વાર્ત્તાલાપ કરવો નહિ. આ મુજબ વર્ત્તન કરવાથી સ્ત્રીઓ પોતાના શીલનું રક્ષણ કરી સદ્ગતિ પામે છે. જે સ્ત્રીઓ સ્વપ્નમાં પણ પુરૂષો સાથે બોલતી નથી તેઓ પૃથ્વીમાં યશ અને સુખ મેળવે છે.

ઉત્તમ જીવોએ આ મુજબ વિધવા, કુલાંગના કે કુમારી હોય

તોપણ પરસ્ત્રીસેવનનાં દુષણો જાણી તેનો ત્યાગ કરી પાપકર્મથી પોતાના આત્માને બચાવવો તેજ મનુષ્ય જન્મનું સાર્થક છે. यतः

द्वेऽकार्ये कुलीनोऽत्र प्राणान्तेऽपि करोति न ।
परद्रव्यापहारं च परस्त्रीपरिरम्भणम् ॥ ७ ॥

ભાવાર્થ—કુલીન પુરૂષ આ લોકમાં મરણ આવે તોપણ પારકા દ્રવ્યનું હરણ અને પરસ્ત્રીનું આલિંગન એ બે અકાર્યને કરતો નથી. જે ઉત્તમ પુરૂષો ઉપર કહ્યા મુજબ વર્ત્તન કરે છે તેનોજ માનવ જન્મ સફળ થાય છે. આ કારણેથીજ પાપની સાક્ષાત્ મૂર્ત્તિ સમાન અને નરકનાં દ્વાર સરખી પરસ્ત્રીનો ત્યાગ કરી હે મહાનુભાવો ! સદ્ગતિના ભોક્તા બનો. ઉત્તમ સ્ત્રીઓએ પણ પરપુરૂષને ઉપર મુજબ ગણી તેઓનો ત્યાગ કરવો તેજ તેમને વાસ્તે હિતકારક છે અને તેથીજ તેઓ ઉત્તમ ગતિને પામી શકે છે. સાતમા વ્યસનમાં જેવી રીતે પુરૂષે પરસ્ત્રીનો ત્યાગ કરવાનો છે તેવીજ રીતે સ્ત્રીઓએ પણ પરપુરૂષનો ત્યાગ કરવાનો છે.

આ રીતે સાતે વ્યસનમાંથી એક પણ વ્યસનને સેવનાર દુર્ગતિનો ભોક્તા થાય છે તો સાતે વ્યસનોને સેવનાર વાસ્તે તો કહેવુંજ શું ? સુજ્ઞ જીવોએ આ વ્યસનો ત્યાગવા લાયક છે, કેમકે એક એક વ્યસનના સેવનથી પૂર્વે મહાપુરૂષો પણ ઘણાજ દુઃખને પામેલા છે. यतः

द्यूताद्[illegible]वनं नलनृपः प्राप्तोऽथवा पाण्डवा
मद्यात्कृष्णनृपश्च राघवपिता पापर्द्धितो दूषितः ।
मांसात् श्रेणिकभूपतिश्च नरके चार्यात्[illegible] न के
वेश्यातः कृतपुन्यको गतधनोऽन्यस्त्रीरतो रावणः ॥१॥

ભાવાર્થ—જુગાર રમવાથી નલ રાજા રાજ્યના વિનાશને પામેલ છે અથવા પાંડવો પણ રાજ્યના વિનાશને પામ્યા છે અને બાર વર્ષ સુધી વનવાસ વેઠેલો છે. મદિરાનું પાન કરવાથી કૃષ્ણ વાસુદેવ નાશ પામ્યા છે. દશરથ રાજા શિકારથી દુષિત થયા છે. માંસ-ભક્ષણથી શ્રેણિક રાજા નરકમાં ગયેલ છે. ચોરી કરવાથી કોણ નાશ નથી પામ્યા? અર્થાત્ ઘણા ચોરો નાશ પામેલા છે. વેશ્યાના સેવનથી કયવન્નો શેઠ ધનરહિત થયેલો છે અને પરસ્ત્રીમાં રક્ત બનવાથી રાવણ નાશ પામેલો છે.

હે મહાનુભાવો! તમો પણ એકાન્ત દુઃખદાયી અને કુગતિના મૂલ કારણરૂપ સાતે વ્યસનોને દુર કરી સદ્ગતિને પામો.

ઇતિશ્રી તપોગચ્છશિરોમણિ, જૈનશાસનાલંકારભૂત, ધ્યાન-ધુરંધર, ધીર, વીર શ્રીમાન્ ૧૦૦૮ શ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મહારાજના શિષ્યસમુદાયમુકુટમણિ ગણિવર્ય શ્રીમાન્ ૧૦૦૮ મુક્તિવિજયજી (મુળચંદજી) મહારાજ શિષ્યવર્ય ક્ષમાસાગર શ્રીમાન્ ૧૦૦૮ ગુલાબવિજયજી મહારાજશ્રીના શિષ્ય મુનિશ્રી મણિવિજયજીએ આ સપ્તવ્યસન નિષેધ નામનો ગ્રન્થ શ્રીમલ્લણપુર (લુણાવાડા) મધ્યે શ્રી ચિન્તામણિ-પાર્શ્વનાથ મહારાજની પરમ કૃપાથી સંવત્ ૧૯૭૮ના કારતક શુદિ એકમ સોમવારે સમાપ્ત કર્યો, તે ચિરકાળ સુધી ભવ્ય જીવોને મહા કલ્યાણ ફળદાયક થાઓ.

શ્રી રત્નાકર પચ્ચીશી.

મંદિર છો મુક્તિતણી માંગલ્ય ક્રિડાના પ્રભુ,
ને ઈંદ્ર નર ને દેવના સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું ભંડાર જ્ઞાન કળા તણા. ૧
ત્રણ જગતના આધાર ને અવતાર હે કરૂણા તણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ સંસારનાં દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતાં પણ કહી અને આ હૃદય હું ખાલી કરૂં. ૨
શું બાળકો માબાપ પાસે બાળક્રિડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે;
તેમજ તમારી પાસ તારક આજ ભોળાભાવથી,
જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી. ૩
મેં દાન તો દીધું નહિ અને શિયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઇ પણ પ્રભુ નવ કર્યું,
મ્હારૂં ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું! ૪
હું ક્રોધ અગ્નિથી બળ્યો વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને?
મન મારૂં માયાજાળમાં મોહન! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં ચેતન ઘણો ચગદાય છે. ૫
મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઇ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા. ૬

૧૯ ભોગ સારા ચિંતવ્યા તે રોગસમ ચિંતા નહિ,
આગમન ઇચ્છ્યું ધનતણું પણ મૃત્યુને પ્રીછ્યું નહિ;
નહિ ચિંતવ્યું મેં નર્ક કારાગ્રહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશામહીં ભય માત્ર હું ભૂલી ગયો. ૨૦
હું શુદ્ધ આચારોવડે સાધુહૃદયમાં નવ રહ્યો,
કરી કામ પરઉપકારના યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઇ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે ! આ લક્ષ ચોરાશીતણા ફેરા ફર્યા. ૨૧
ગુરૂવાણીમાં વૈરાગ્યકેરો રંગ લાગ્યો નહિ અને,
દુર્જનતણાં વાક્યો મહીં શાંતિ મળે ક્યાંથી મને ?
તરૂં કેમ હું સંસાર આ અધ્યાત્મ તો છે નહિ જરી,
તુટેલ તળીયાનો ઘડો જળથી ભરાયે કેમ કરી. ૨૨
મેં પરભવે નથી પુણ્ય કીધું ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો ક્યાંથી થશે હે નાથજી !
ભૂત ભાવી ને સાંપ્રત્ ત્રણે ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો. ૨૩
અથવા નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું ?
હે દેવતાના પૂજ્ય ! આ ચારિત્ર મુજ પોતાતણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો માહરૂં શું માત્ર આ,
જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં પાઇની તો વાત ક્યાં ? ૨૪
ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો ઉદ્ધારનારો પ્રભુ !
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગમાં જોતાં જડે હે વિભુ;
મુક્તિ મંગળસ્થાન ! તોય મુજને ઇચ્છા ન લક્ષ્મીતણી,
આપો સમ્યગ્રત્ન શ્યામજીવને તો તૃપ્તિ થાયે ઘણી. ૨૫

વીર-શાસન.

---:o:---

પ્રભુ વીરના શાસન હિતાર્થે પ્રગટ થતું આ માસીક વીર-વચન શિવાય અન્યનું વાજીંત્ર કદી પણ બનશે નહી. માસીકનો ઉદ્દેશ ધન પ્રાપ્તીનો મુદ્દલ નથી. આ માસીક અતીશયોક્તીવાળા, વ્યક્તીગત આક્ષેપોવાળા, કઠોર અને બીભસ્ત ભાષાવાળા લેખોને કદી પણ સ્થાન આપશે નહી, પણ નીડર અને નીષ્પક્ષપાત લેખો વડે શાસન-સેવા બજાવશે. એક માસીકના પ્રમાણીકપણા માટે આટલી ખાત્રી પુરતી થઈ પડશે અને આટલા ઉદ્દેશો જળવાય તો જરૂર આ એક આદર્શ માસીક નીવડી શકશે.

દર વર્ષે એક ભેટની બુક આપવામાં આવે છે

અને ખાત્રી છે કે વીરશાસન માટે આટલી ખાત્રી આપ્યા પછી કોઇ પણ જૈન બંધુ તેના ગ્રાહક તરીકે પોતાનું મુબારક નામ આપતાં અચકાશે નહી. યાદ રાખવું જોઇએ કે માસીકનું જીવન ગ્રાહકોની સંખ્યા ઉપર છે.

વાર્ષિક લવાજમ ફક્ત રૂપીઆ બે પોસ્ટેજ સાથે છે.

સંપાદક.